# શ્રી જૈનશાસન સંસ્થા

(એક મહત્ત્વનું સંશોધન)



લેખક

પંડિતપ્રવર શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

વિશ્વકલ્યાણકર શ્રી જૈનશાસન સંસ્થાના બંધારણીય પદાર્થોની ગૂઢ સમજ આપતા અનેક લેખોનું સંકલન.....

# શ્રી જૈનશાસન સંસ્થા

## (એક મહત્ત્વનું સંશોધન)


❁ લેખક ❁

પંડિતપ્રવર શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

❁ સંપાદક ❁

વિનિયોગ પરિવાર

# શ્રી જૈનશાસન સંસ્થા


લેખક : પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

સંપાદક : વિનિયોગ પરિવાર

મુદ્રણવ્યવસ્થા : મશીન-ઓ-પ્રીન્ટ
૩૪, કાવસજી પટેલ સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૧.

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૦ નકલ
(વૈ. સુ. ૧૧, વિ. સં. ૨૦૪૯)

દ્વિત્તિય આવૃત્તિ : ૧,૦૦૦ નકલ
(જેઠ વદ ૨, વિ. સં. ૨૦૪૯)

મૂલ્ય : અમૂલ્ય

પ્રકાશક/પ્રાપ્તિસ્થાન : વિનિયોગ પરિવાર ટ્રસ્ટ
ગોપાલ સદન, પૈઠવાડી, પહેલે માળે,
શ્રી સંભવનાથ જૈન દેરાસર લેન,
બોરીવલી (પશ્ચિમ), મુંબઈ ૪૦૦ ૦૯૨.
☎ ૮૦૭ ૭૭ ૮૧ / ૮૦૭ ૭૬ ૧૬


❁ સુકૃત સહભાગી ❁

ચારૂબેન કીરીટભાઈ દોશી
સાયન (પશ્ચિમ), મુંબઈ

# સંપાદકીય નોંધ

ભારતવર્ષની ભવ્યાતિભવ્ય મહાસંસ્કૃતિના ઉન્મૂલન માટે જ્યારે 'સ્વરાજ્ય' અને 'આઝાદી' ના નામે કૌભાંડ રચાઈ ગયું હતું અને તે જાળમાં દેશપ્રેમી યુવાનો આકર્ષાયા હતા, તે ટાણે એક યુવાનના હૈયામાં પૂર્વભવ પ્રાપ્ત ક્ષયોપશમ-સત્યની પીછાન જાગૃત થતાં, ઉંડી વિચારણા ઉઠી. આંખ સામે મહાસંસ્કૃતિને ઉડાડવા માટે પરદેશોની ગોઠવેલી ગુપ્ત સુરંગો, એના પ્યાદા બનતા રાજકારણીઓ, અર્થતંત્ર અને ધર્મતંત્રને વેરવિખેર કરવાની ગૂઢ યોજનાઓ, તે માટે દેશની બાહ્ય આબાદી અને મૂળ પ્રજાની પાયમાલી વિગેરે વિગેરે જેવા અનેક દ્રશ્યો ખડા થયાં. તે યુવાને એકલે હાથે, સંયોગોની યારી પ્રમાણે, પ્રજાને, પ્રજાના ઘડવૈયાઓને, સાધુસંત અને ગૃહસ્થોને માસિકો તથા પુસ્તકો દ્વારા જાગૃત કરવા પ્રયત્ન આદર્યો.

તે યુવાન એટલે વિદ્વદ્વર્ય શ્રધ્ધાન્વિત પંડિતપ્રવર શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ. તેમને એક બાહોશ-સંસ્કૃતિ ચાહક યુવાન શ્રી અરવિંદભાઈ મણીલાલ પારેખ ભેટી ગયા. તેઓએ શ્રી પ્રભુદાસભાઈની સંસ્કૃતિરક્ષક-પ્રચારક વિચારધારાને એકલે હાથે, પ્યુનથી તંત્રી સુધી, ૧૮-૧૮ વરસ સુધી "હિત-મિત-પથ્યં-સત્યમ્" માસિક દ્વારા વહેતી રાખી.

આ જ માસિકમાં છપાયેલ જગત્પૂજ્ય તીર્થંકર પરમાત્મા, તેમની કલ્યાણકારી શાસન સંસ્થા, શાસનના અંગની સમજણ, શાસન ઉપર આવેલ આપત્તિ અને તેના ઉપાયોની સમજણ આપતા વિવિધ લેખોના સંગ્રહને પુસ્તિકારૂપે પ્રકાશિત કરતા અમે આનંદ અનુભવીએ છીએ. શાસ્ત્રોના વરસોના ઉંડા અભ્યાસમાંથી અને અનેક સાત્ત્વિક પ્રજાકલ્યાણના પ્રત્યક્ષ અનુભવોમાંથી ઘડાયેલ આ સંસ્કૃતિરક્ષક પુરુષના લેખો વિશ્વકલ્યાણકર તીર્થંકર પરમાત્માના શાસન ઉપર આવેલી અનેક આપત્તિઓના વાદળો વિખેરવા માર્ગદર્શક બની રહેશે એવી અમારી આશા છે.

● સંપાદક

# લેખક પરિચય

પંડિત પ્રભુદાસભાઈનો જન્મ રાજકોટ પાસેના ખેઈડી ગામમાં વિ. સ. ૧૯૪૯ ના માઘ માસમાં. જન્મ પછી થોડા જ સમયમાં પિતાશ્રીને ધંધા માટે સરધાર પાસેના રાજકોટના જાડેજા ઠાકોરશ્રી ના ભાયાતી ગામ (પાધરાના) સમઢીયાળા રહેવા જવાનું થવાથી કિશોરાવસ્થા સુધી ઉછરે ત્યાં જ થયો. ગામમાં જ ગુજરાતી ચાર ચોપડી સુધીનો અને અંગ્રેજી બે ચોપડી સુધીનો અભ્યાસ કર્યો. મહેસાણાની પાઠશાળામાં ધાર્મિક, સંસ્કૃત આદિનો સારો અભ્યાસ કર્યો. વિ. સં. ૧૯૮૯ માં મહેસાણા પાઠશાળામાં જ મેનેજર તરીકે જોડાયા. સાથે સાથે કર્મગ્રન્થાદિ ત્થા સંસ્કૃત વ્યાકરણાદિનો અભ્યાસ કરાવતા હતા. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના તેઓ પંડિત હતા. દિન-પ્રતિદિન અવિરત પરિશ્રમ લઈને તેમણે મહેસાણા પાઠશાળાને ઉત્તમોત્તમ વિદ્યાધામ બનાવ્યું હતું. અનેક અભ્યાસીઓને અને અનેકાનેક મુનિમહાત્માઓને તેમણે પોતાની ભણાવવાની અજોડ કળાથી અભ્યાસ કરાવી તૈયાર કર્યા છે.

આર્યસંસ્કૃતિના પાયાના તત્ત્વો અને ટોચની મહાસંસ્કૃતિ (જૈન સંસ્કૃતિ-શાસન)ના તેઓ સુકુશળ, ઉંડા અને સૂક્ષ્મ વિવેચક હતા. એમના અનેક ગ્રંથોમાં "કરેમિભંતે" અને "પંચપ્રતિક્રમણ" નો હજાર પાનાનો ગ્રંથ અદ્‌ભૂત જ્ઞાનનો ખજાનો છે. રાજકીય, રાષ્ટ્રીય અને નૈતિક પ્રકરણો સાથે છેલ્લા પાંચસો વરસમાં સંસ્કૃતિને મૂળમાંથી ઉડાડવા રચાયેલા ષડ્‌યંત્રોનો હુબહુ ચિતાર તેમણે ૬૫ વરસ પહેલા આલેખેલ છે, જે આજે ભારત વર્ષની પ્રજા પ્રત્યક્ષ અનુભવી રહી છે. તદ્‌ઉપરાંત "તત્ત્વાર્થસૂત્ર" જેવા મહાન તાત્ત્વિક ગ્રંથ ઉપર પણ તેમણે વિશદ્ વિવેચન અને પ્રાસંગિક લાલબત્તી ધરવામાં કમાલ કરી છે. ૧૮ વરસ સુધી ચાલેલા તેમના માસિક " હિત-મિત-પથ્યં-સત્યમ્" માં છપાયેલા અનેક લેખ સિવાય અન્ય પાંચ હજાર જેટલા અપ્રગટ લેખો વર્તમાન સંજોગોમાં માર્ગદર્શક બની રહેશે.

શ્રી પ્રભુદાસભાઈના આત્મામાં પરમાત્મભાવનું તત્ત્વ (અધ્યાત્મ) એટલું ઉંડુ ઉતર્યું હતું કે પાછલી જૈફ અવસ્થામાં, શરીરની બિસ્માર હાલતમાં પણ સંસ્કૃતિ અને શુદ્ધ ધર્મના વિચારો આવતા જ રાત્રે ૩ા વાગે ઉઠીને, ઝાઝું બેસી શકાય નહિ એટલે ઉભા ઉભા સવારે ૬ વાગ્યા સુધી આલેખન ચાલુ રાખતા. ધ્યાન એક જ હતું કે પરમાત્માની અને આત્માની સાંકળનું સાચું જ્ઞાન સંસ્કૃતિ દ્વારા જ મળે અને તે સંસ્કૃતિના રક્ષણાત્મક વિચારો પ્રજા સમક્ષ બહોળા પ્રમાણમાં મૂકવા જ જોઈએ. ટૂંકમાં, પૂજ્ય પ્રભુદાસભાઈ ધર્મનિષ્ઠ, દ્રઢશ્રદ્ધાળુ, સૂક્ષ્મ વિચારક, દીર્ઘદ્રષ્ટા, તત્ત્વચિંતક, શાસનરાગી શુદ્ધ જૈન સદ્‌ગૃહસ્થ, આર્યસંસ્કૃતિના જ્ઞાતા, વિશ્વહિતદૃષ્ટા, ધાર્મિક મહાપંડિત પુરુષ હતા.

વિ.સં. ૨૦૩૧ ના આસો વદ ૧૩ (ધનતેરસ) ના દિવસે ૮૩ વરસની ઉંમરે મહાસંસ્કૃતિરક્ષાના ઉચ્ચ વિચારોમાં, સમાધિ પૂર્ણ અવસ્થામાં, વિતરાગ પરમાત્માના મહાશાસનની ઉચ્ચકક્ષાને વિશ્વકલ્યાણના એકમાત્ર સાધન તરીકે અવગાહી, પોતાના સાહિત્યનો બહોળો વારસો તેમની સાથે આ જ કાર્યમાં વીશ-વીશ વરસથી જોડાયેલા શ્રી અરવિંદભાઈ મણીલાલ પારેખને સોંપી, આ ધરતી ઉપરથી વિદાય લીધી. આજે તેમનું યશઃશરીર વિદ્યમાન નથી પરંતુ તેમના વિચારોને આધારે છેલ્લા પાંત્રીસ વરસથી એકલે હાથે ઝઝૂમી રહેલા શ્રી અરવિંદભાઈ મણિલાલ પારેખ ખુમારીપૂર્વક શાસન અને સંસ્કૃતિ રક્ષાના કાર્યો બરોબર પ્રભુદાસભાઈની શૈલીમુજબ, અથાગ પરિશ્રમ ઉઠાવી કરી રહયા છે અને શાસનરક્ષાની પ્રભુદાસભાઈએ જલાવેલી જ્યોત ચાલુ રાખવા અનેક મુનિભગવંતો અને યુવાનોને તૈયાર કરી રહયા છે. પાંચસો વરસથી આ ધરતી ઉપર આવેલ આક્રમણને ખાળવાના રક્ષણાત્મક ઉપાયોનું વ્યવસ્થિત આયોજન, એ જ કદાચ પ્રભુદાસભાઈને તેમના શાસનલક્ષી વારસદારો તરફથી સાચી શ્રદ્ધાંજલિ બની રહેશે.

☆ ☆ ☆ ☆

# સાંકળીયું


૧. ધર્મસંસ્થાપક શ્રી જગત્પૂજ્ય તીર્થંકરો ૧

૨. સવિ જીવ કરૂં શાસનરસી ૧૧

૩. શ્રી જૈનશાસન શું છે ? ૨૩

૪. નમો તિત્થસ્સ ૩૦

૫. વર્તમાન જૈનશાસનની ઉત્પત્તિ અને પ્રવાહ ૪૮

૬. જૈનશાસન જેટલું સલામત, તેટલું વિશ્વનું હિત સલામત ૫૮

૭. ધર્મ કરતાં શાસન મહાન છે ૬૧

૮. વિશ્વહિતકર અપૂર્વ દીવાદાંડીની દશા ૬૬

૯. પ્રભો ! વિશ્વકલ્યાણની મહાવિમાપોલીસી જેવા આપના લોકોત્તર શાસનનું શું ? ૭૪

૧૦. જૈનશાસનની કાયમી રક્ષા કરો ૭૭

૧૧. વર્તમાન શાસનસંસ્થાનું કલ્પિત જાહેરનામું ૮૨

# ૧. ધર્મસંસ્થાપક શ્રી જગત્પૂજ્ય તીર્થંકરો

ધર્મ એટલે વિકાસ માર્ગ અને તે ખાસ કરીને આધ્યાત્મિક જીવન છે. સત્ય, દયા, પ્રામણિકતા, સંયમ, મનોનિગ્રહ, તત્વ ચિંતન, બ્રહ્મચર્ય, નિર્મમત્વ, વિકાસ માટે સવિવેક ભોગો આપવાની શૌર્યવૃત્તિ વિગેરે વિગેરે ગુણો ખીલવવા તે આધ્યાત્મિક જીવન.

આવા આધ્યાત્મિક ગુણો કેટલા છે, તે દરેકે દરેક કેવી રીતે ખીલવી શકાય, તે ખીલવવા માટે કયા કયા સાધનોનો ઉપયોગ કરી શકાય, કયા ક્રમથી ખીલવી શકાય, ખીલવવાથી શા શા પરિણામો આવે વિગેરે વિષેના નાના મોટા સ્થૂલ-સૂક્ષ્મ નિર્ણયો બાંધી આપનાર, અને એકંદર તે વિષયોનું સાંગોપાંગ સંપૂર્ણ વિવેચન કરનાર શાસ્ત્ર તે અધ્યાત્મ શાસ્ત્ર કહેવાય છે. તે શાસ્ત્ર જાણવાથી આધ્યાત્મિક જીવનને લગતા ઘણા સિદ્ધાંતો જાણી શકાય છે.

પરંતુ વ્યાયામ, યોગ કે સંગીત શાસ્ત્રની જેમ તે શાસ્ત્ર જાણવા માત્રથી જીવનમાં ઉતારી શકાતું નથી. યુક્તિથી અગવડો દૂર કરી દે, અને આગળ ને આગળ પ્રગતિ થાય તેવી સરળ યોજનાઓ યોજયે જાય તેવા ઉસ્તાદની આધીનતા સ્વીકારીને એકના એક પ્રયોગને ઘણો વખત ઘુંટવો પડે છે. તે જ પ્રમાણે અધ્યાત્મ શાસ્ત્ર પણ તાલિમથી, એકની એક વાત વારંવાર ઘુંટવાથી-અભ્યાસ પાડવાથી શીખી શકાય તેવું શાસ્ત્ર છે. વાંચવા, સાંભળવા, મોઢે કરવા કે સમજી લેવા માત્રથી તે શાસ્ત્રનું સિદ્ધિ પત્ર-પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શકાય તેમ નથી.

માટે જો તે શાસ્ત્ર વિકાસપોષક હોય, જગતને તેની ખાસ જરૂર હોય, પ્રાણીમાત્રના ભલા માટે તેનો પ્રચાર જરૂરનો હોય, તો તે શાસ્ત્રને પોતાના જીવનમાં ઉતારી રાખનારા, કાયમ તેના પ્રયોગોની તાલીમ પ્રજાજનોને પૂરી પાડનારા, તેનો આદર્શ ટકાવી રાખનારા એક ઉસ્તાદ

વર્ગની જરૂરિયાત ઉભી થાય છે. અને તે પણ જનસમાજને એ જાતની જરૂરિયાત પૂરી પડવાને પહોંચી વળી શકે તેટલી સંખ્યામાં કે તેટલા બળમાં હોવાની પણ એટલી જ જરૂરિયાત ઉભી થાય છે. તેથી એ વર્ગની સંસ્થા પણ આવશ્યક થઇ પડે છે. આધ્યાત્મિક જીવનના એટલે કે ધાર્મિક જીવનના આ ઉસ્તાદોને આપણે સામાન્ય પરિભાષામાં ધર્મગુરુઓ કહીશું.

જ્યારે જગતમાં ધર્મગુરુઓની સંસ્થાઓની આવશ્યકતા ઉભી થાય છે, એટલે પછી તે સંસ્થા તંત્રબદ્ધ થઇ વ્યવસ્થિત ચાલે, તેના દરેક કાર્યો વ્યવસ્થિત હોય, જનસમાજમાં પ્રતિષ્ઠિત રીતે પ્રચાર કરી શકે, જનસમાજ તેના તરફ આકર્ષાઈ રસપૂર્વક તેનો લાભ ઊઠાવે તેવી દરેક જાતની સગવડો પૂરી પાડનાર જે એક તંત્ર અસ્તિત્વમાં લાવવું પડે છે, તે તંત્રને તીર્થ કહેવામાં આવે છે. તેવા તીર્થનું સ્થાપન કરનાર-તેનું જગતમાં અસ્તિત્વ ઉત્પન્ન કરનાર તીર્થંકર કહેવાય છે.

આ ઉપરથી માનવજીવનમાં કલ્યાણ અને વ્યવસ્થા પ્રેરનાર દરેકે દરેક સંસ્થાઓ કરતાં ધર્મસંસ્થાનો દરજ્જો પ્રગતિ માર્ગને હિસાબે પહેલો અને ઉંચો આવે છે. તે જ પ્રમાણે તે તે દરેક સંસ્થાઓના મુખ્ય મુખ્ય જવાબદાર અધિકારીઓમાં પણ તીર્થંકરોનો દરજ્જો સૌથી પહેલો અને ઉંચો આવે છે, અને તેથી તેઓ જગત્પૂજ્ય ગણાય એ સ્વાભાવિક છે. સર્વ પ્રાણી માત્ર, સર્વ વ્યવહાર માત્ર, સર્વ જીવનમાત્રમાં અને અખિલ જગતમાં તે કેન્દ્ર સ્થાને બિરાજી શકે છે. માટે જ સિદ્ધચક્રમાં વચ્ચે કેન્દ્રમાં જ તે તત્વની ગોઠવણ છે.

જે માનવ વ્યક્તિઓના જીવન એકંદર સર્વથા ઉજ્જવળ, ઉદાત્ત, ભવ્ય, સર્વોત્તમ હોય છે, તે જ તીર્થંકર થઇ શકે છે. તેઓ ગુરૂઓના પણ ગુરૂ હોય છે. સર્વના અંતિમ આદર્શ અને નિયામક હોય છે. તેઓ જગતના સર્વ પદાર્થ માત્રમાં સર્વોચ્ચ ભૂમિકા ઉપર બિરાજી શકે છે. એવા મહા તીર્થના સ્થાપનારા જ્યારે જ્યારે જરૂરિયાત હોય ત્યારે

ત્યારે જગતના અસ્તિત્વ કાળ સુધી થયા કરશે. જે વખતે જે તીર્થંકર જે તીર્થ સ્થાપે, તે વખતે તે તેનું તીર્થ કહેવાય છે.

તીર્થ સ્થાપવું એટલે અધ્યાત્મશાસ્ત્રના પ્રયોગો જગતના પ્રાણીઓ સરળતાથી પોતાના જીવનમાં ઉતારી શકે તેવી સાંગોપાંગ સાધનોવાળી સુયોજનાયુક્ત ગોઠવણ પૂરી પાડવી. તીર્થંકરોનું આ મહત્ કાર્ય જગતમાં અનન્ય કાર્ય છે.

હાલ જે તીર્થ ચાલે છે તેના આદિ પ્રણેતા ભગવાન મહાવીરસ્વામી છે. હાલમાં તેમની આજ્ઞાઓ, તેમનું શાસન પ્રવર્તે છે. તેમની પૂર્વે અઢીસો વર્ષ પહેલાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ તીર્થંકર તરીકે થઇ ગયા છે. તેમની પહેલાં પણ ઘણા તીર્થંકરો થઇ ગયા છે એમ ખુદ ભગવાન મહાવીર સ્વામીએ પોતાના શિષ્યોને કહયું છે. કયા કયા તીર્થંકરો કયારે કયારે થાય તે તથા તેમના જીવનને લગતી ઘણી હકીકતો તેઓશ્રીએ જ કહી છે. તેમાંની કેટલીક હકીકતોની નોંધ અત્યારે પણ મહાન આગમ ગ્રંથોમાં મળી શકે છે. તેમાં આ વર્તમાન યુગના આદિ તીર્થંકર તરીકે શ્રી ઋષભદેવ સ્વામીને કહ્યા. છે. તેઓના મહાન કાર્યક્ષેત્રના સ્મારક તરીકે શ્રી શત્રુંજય ગિરિની પવિત્રતા જગજાહેર છે.

હાલમાં ભલે ભગવાન મહાવીર સ્વામીનું શાસન ચાલતું હોય, છતાં જૈનો આ યુગમાં થઇ ગયેલા ચોવીશેય તીર્થંકરોને સમાન રીતે પૂજે છે.

જૈન ધર્મના ટકાવનો આખો મદાર તીર્થંકરોના જીવન ઉપર છે. તેઓ જ છીછરા હોત, તો જૈનધર્મમાં કાંઇ પણ માલ હોત નહીં. જૈનધર્મની પ્રતિષ્ઠા, તેની મૂળ મૂડી, તેનો આખો મદાર, તેનું બળ, તેના હથિયાર, તેની અસ્મિતા, તેનું સ્વાભિમાન, તેનું મૂળ મથક તથા જૈનધર્મના ટકાવની મજબૂત જડ કોઈ પણ હોય, તો તે તીર્થંકરોના સર્વોચ્ચ જીવન છે.

જૈનો પોતાની સર્વ પ્રવૃત્તિઓમાં અને એકંદર જીવનના સર્વ પ્રયોગોમાં તીર્થંકરોના જીવનને જ વધારે પ્રધાન સ્થાન આપે છે. અને તેથીજ તેઓના જીવન સાથે સંબંધ ધરાવતી ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન, અને નિર્વાણ એ પાંચ મુખ્ય ઘટનાઓને વધારે આદર આપે છે, વધારે મહત્વ આપે છે. તીર્થંકરોની પૂજ્યતા તેમની વિદ્વત્તા, રાજસતા કે રૂપ રંગને આભારી નથી, પરંતુ તેમના તીર્થંકરપણાને આભારે છે. ઊપરની પાંચેય ઘટનાઓ તીર્થંકરપણાના અસ્તિત્વમાં ખાસ પ્રેરક છે. માટે જ તેની પૂજામાં તીર્થંકરની પૂજા સમાયેલી જ છે.

તીર્થંકરોના જીવન પવિત્ર અને ઉજ્જવળ છે. જગતમાં જે કાંઈ સારભાગ, ઉજ્જવળતા, પવિત્રતા દેખાય છે, તે સર્વ તેમનો જ પ્રતાપ છે, તેમનો જ ઉપકાર છે. તે ઉપકારો ઉડીને આંખે બળગે એવા જગજાહેર અને ચમકતા છે. તેઓના જીવનની ભવ્યતા અસંખ્ય પ્રાણીઓને પોતપોતાના વિકાસ સ્થાન પરથી જરા જરા વિકાસ માર્ગમાં અનાયાસે અગમ્ય રીતે આગળ ને આગળ વધારવા સબળ નિમિત્તરૂપ થયા કરે છે. આ મહાન ઉપકારના બદલામાં વિકાસ સાધક આત્માઓ તીર્થંકરોની યાદ-સ્મરણ-સમર્પણ-અભિમુખતા-આરાધના ચોવીશે ય કલાક સતત ચાલુ રાખવા તત્પર રહે છે.

અને તેથી જ તીર્થંકરોની અવિદ્યમાનતામાં પણ સાક્ષાત્ અપરિચય પ્રસંગે-આરાધના માટે તેમની પ્રતિમાઓ કરીને પણ જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે અનેક રીતે અનેક પ્રકારની ગોઠવણથી તે દ્વારા તેમની આરાધના કરે છે, તેમને નમે છે, વંદે છે, પૂજે છે, સ્તવે છે. તેને માટે અવકાશ ન હોય તો નામ સ્મરણ કરે છે. જીવનના બીજા પ્રસંગોમાં તેમના તરફ બહુમાનપૂર્વક તેમના ઉપદેશ અને આજ્ઞાઓનો યથાશક્તિ અમલ કરીને તેમની આરાધના કરે છે, તેમનાં ચરિત્રોને યાદ કરે છે અને તેમના ચરિત્રોની યાદમાં જ આખો દિવસ પસાર થાય તો કેવું સારૂં એવા મનોરથો કરે છે. જીવનના વ્યાવહારિક

ગુંચવાડાના પ્રસંગે પણ તેઓ તેમને ભૂલવા રાજી નથી હોતા. દરેકે દરેક ધાર્મિક કાર્યમાં, દરેકે દરેક વ્યાવહારિક કાર્યમાં, સુખના પ્રસંગમાં તેઓનું સાનિધ્ય છોડતા નથી, ભૂલતા નથી. તેઓના જગત ઉપરના મહાન ઉપકારો સમજનાર ભકતોને અનાયાસે આમ કરવા પ્રેરે છે, એમ કરવાનો ઉત્સાહ બળાત્કારે ઉત્પન્ન કરે છે.

તેઓ કેવળ તીર્થંકરોને અને તેમની પ્રતિમાઓને જ પૂજે છે એટલું જ નથી, પરંતુ તીર્થંકરોના જીવન સાથે સંબંધ ધરાવતી અને તેમના ઉપદેશના મૂળ સિધ્ધાંતો, રત્નત્રયી સાથે સંબંધ ધરાવતી કોઇ પણ વસ્તુ, કોઈ પણ પ્રસંગ, કોઈ પણ સ્થળ અને એવું બીજું જે કોઈ હોય તે સર્વને તીર્થંકરોના સંબંધથી પૂજ્ય માને છે. દિવસે જેટલો વખત મળે અને જેટલી આરાધના થઇ શકે તેટલી કરે છે. રાત્રે પણ જેટલી બની શકે તેટલી કરે છે.

કેટલાક ભક્તો એવા પણ હોય છે કે તીર્થંકર પ્રભુનું કે છેવટે તેમના પ્રતિમાનું દર્શન કર્યા વિના મોઢામાં કાંઇ પણ નાખતા નથી. આખો દિવસ દર્શન ન થાય તો ઉપવાસ કરે છે અને ખાનપાન લેતા નથી. કેટલાક ત્રિકાળ દર્શન તો કરે જ છે. કેટલાક ફરજિયાત સાત વખત તેઓના ચૈત્યને વંદન કરે છે. એકંદર તીર્થંકરોની કોઈપણ પ્રકારની આરાધનાની વિરહની ક્ષણો તેમને વેદનાકારક ભાસે છે.

જિનમંદિર આર્ય સંસ્કૃતિની કેન્દ્ર સંસ્થા છે. ધાર્મિક જીવનનું કેન્દ્ર છે. આ ભવ તેમ જ ભવાન્તરમાં થતા જીવનવિકાસમાં તે સર્વથી બળવત્તર નિમિત્ત છે. નાની મોટી ઇતર ધાર્મિક પ્રવૃત્તિઓ પણ સીધી કે આડકતરી ત્યાંથી જ ઉદ્ભવ પામે છે. અનભિમુખ પ્રાણીને વિકાસમાર્ગ તરફ અભિમુખ કરવાનો અગમ્ય ઉપદેશ ઉચ્ચારતું મુંગું ઉપદેશક શાસ્ત્ર છે. ભુલા પડેલા મુસાફરોને દિવાદાંડી સમાન છે. ઘવાએલા દિલને રૂઝ લાવવાની સંરોહિણી ઔષધિ છે. પહાડી ભાંખરામાં કલ્પવૃક્ષ છે. સળગતા વડવાનલમાં હિમકુટ છે. ખારા સાગરમાં મીઠી વીરડી છે. ભૂતકાળની

પવિત્ર યાદ છે. વર્તમાનકાળનું વિલાસ ભવન છે. ભવિષ્યકાળનું ભાતું છે. સ્વર્ગની સીડી છે. મોક્ષનો આધારસ્થંભ છે. નરકના માર્ગમાં દુર્ગમ પહાડ છે.

કાળક્રમે એ મંદિર કુદરતી સંજોગોને લીધે પડી જાય, તેમાંની પ્રતિમાઓ જમીનમાં દટાઈ જાય, તો પણ જ્યારે ને ત્યારે કોઇનું પણ કલ્યાણ કરવામાં તે ઉપયોગી થશે જ. કોઈપણ કાળે ત્યાં ખોદકામ થતાં અનાયાસે બહાર નીકળી આવેલા પ્રતિમાજી ગમે તેવા અજ્ઞાનમય વાતાવરણવાળા દેશકાળમાં પણ કોઇ ને કોઇ જીવને મહાન તીર્થંકરોના ભવ્ય જીવનચરિત્રોની જિજ્ઞાસા ઉત્પન્ન કરવાના કારણભૂત થઇ પડે. કોઇ જીવને શાંત અને ધ્યાનસ્થ મુદ્રા તરફ આકર્ષણ થાય. કોઈ જીવના હૃદયમાં ધર્મનું બીજ વવાઇ જાય. તૈયાર ભુમિકાવાળા કોઇ જીવના દિલમાં ધર્માંકુર ફૂટી નીકળે. સ્વયંભુરમણ સમુદ્રના મત્સ્યોમાં પ્રતિમા આકારના મત્સ્ય જોઇને દેશવિરતિ પ્રાપ્ત થાય છે, તો પછી પંચેદ્રિય આર્ય-અનાર્ય માનવ માટે કહેવુંજ શું ? જિનપ્રતિમાઓથી ત્રિકાળમાં એકાંત હિત જ છે. તે કોઇને પણ કોઇ પણ રીતે અપાયકારક નથી જ.

તેથી સાચો જૈન પ્રતિમાજીની જરૂરિયાત બિનજરૂરિયાત વિષે સંદિગ્ધ થઇ વિચારવમળમાં ગોથાં ખાતો નથી. પૂજનારાઓની સંખ્યાના અભાવે પ્રતિમાજીને ભૂગૃહોમાં ભંડારવા ન ભંડારવાનો વિચાર કરતો નથી. આશાતનાના ભયે મંદિર શૂન્ય કરીને બીજે લઇ જવા ઇચ્છતો નથી. તેમજ વ્યાવહારિક જરૂરિયાત બિનજરૂરિયાતને હિસાબે તેની ઉપયોગિતા અનુપયોગિતા સાબિત કરવા વલખાં મારતો નથી. પ્રતિમાપૂજાની આવશ્યકતા અનાવશ્યકતા તથા તેને આગમમાં સ્થાન છે કે નહીં તેની નિરર્થક ચર્ચામાં ઉતરતો નથી. તેમાં તન-મન-ધન ખરચી પુન્યોપાર્જન કરવાની ઇચ્છાવવાળાની વચ્ચે બીજો માર્ગ સૂચવી વિઘ્ન નાખવાનો વિચાર સરખો કરતો નથી, કારણ કે તેના જેવું ઉપયોગી, સબળ

અવલંબનરૂપ કોઇ પણ વસ્તુ કોઇ પણ કાળે હોવી સંભવી શકતી નથી, સંભવી શકે જ નહીં.

આશાતના ટાળવી જોઇએ, આશાતના થવા ન દેવી જોઇએ, ભગવાનની પૂજા કરતાં આશાતના ન કરવી, 'આશાતના કરીને પૂજા કરવા કરતાં પૂજા ન કરવી સારી' આવું કોઈ વાક્ય શાસ્ત્રમાં મળે, તો તેનો આશય પૂજા બંધ કરવાનો નથી પરંતુ આશાતના ટાળવા માટે ભાર દેવાનો છે. પૂજા કરતાં કોઈ સૂક્ષ્મ આશાતનાઓ થાય, તે ટળી ન શકે, તેટલા ખાતર પૂજા અટકાવાય નહીં.

પૂજા ન કરવી એજ મોટી આશાતના છે. અનારાધક ભાવ એજ આશાતના છે. તેવીજ રીતે આશાતનાના ભયથી પ્રતિમા ન ભરાવવી એ વ્યાજબી નથી.

મંદિરો અને પ્રતિમાઓ દ્વારા શ્રી તીર્થંકરોની આરાધના માટેની આ ભાવનાને કારણે જૈનો કે જૈન સંઘો અને વિહારમાં જૈન મુનિઓ રસ્તામાં આવતા કોઈપણ સ્થળના જૈન મંદિરને દર્શન કર્યા વિના ઓળંગતા નથી.

એટલુંજ નહીં, પરંતુ આગમસૂત્રો સાંભળતી વખતે પણ જ્યારે જ્યારે એ કલ્યાણશાળી મહાત્માઓના નામોચ્ચારો સાંભળવામાં આવે ત્યારે તેને પણ સત્કારે છે. તેમના કલ્યાણકારક પ્રસંગો સાંભળવામાં આવે તેનોય ઉત્સવ કરે છે.

તીર્થંકર પરમાત્માઓના દર્શનથી પ્રજા વંચિત ન રહે એવા ઉદ્દેશોથી મોટા મોટા તીર્થો બાંધવામાં આવે છે. મોટા મોટા યાત્રાગમન સમારંભો, રથોત્સવો, મહાપૂજાઓ અને એવી બીજી ઘણી ઉત્સાહજનક પ્રવૃત્તિઓ કરાય છે. તીર્થંકરો તરફ પ્રજાના મનનું વલણ જાગૃત કરવા અને રાખવા આ પ્રયત્નો કરવામાં આવે છે.

જૈન ધર્મીઓના હૃદયમાં તીર્થંકરોનું જે સ્થાન છે તે આ ઉપરથી સમજી શકાશે. તીર્થંકરો તરફનું પ્રજાનું લક્ષ્ય સંકોચાય-સંકેલાય તેવું કોઇ પણ કાર્ય કે આચરણ જૈનોને માટે અસહ્ય થઇ પડે છે. તીર્થંકરો ખાતર જૈનો સર્વસ્વનો ભોગ આપવા તૈયાર રહી શકે છે. જૈનો પોતાનું સર્વસ્વ તીર્થંકરોને અર્પણ થયેલું માને છે. પોતે જે કાંઇ ભોગવે છે તે પોતાની આધ્યાત્મિક નિર્બળતાને અંગે, ન છૂટકે. જરૂર ઉપરાંત ન જ ભોગવી શકે. અર્થાત્ જેમ બને તેમ કોઇ પણ સગવડનો ઉપયોગ વિકાસ માર્ગમાં ઉપયોગી થાય તેવી જ રીતે ભોગવવા પૂરતો જ પોતાનો અધિકાર સમજે છે.

પોતાના જીવનની સર્વ ઉદાત્તતા તેમને જ અર્પે છે. પોતાનું સર્વ કળાજ્ઞાન તેમને જ સમર્પવામાં કૃતકૃત્યતા સમજે છે. શિલ્પશાસ્ત્રની સર્વ કળા, ચિત્રશાસ્ત્રની સર્વ કળા, સંગીત, વાદ્ય, નૃત્ય વિગેરે લલિતકળાઓનો સર્વ કળા વિલાસ, ભાષાની સર્વ સમૃદ્ધિ, વસ્ત્રો અને ખાનપાનની સર્વ સુસજાવટો,બાગબગીચાની સર્વ પુષ્પ સમૃદ્ધિઓ વિગેરે તેમને જ અર્પણ કરે છે. ધ્યાન, જાપ, મંત્રસિદ્ધિ, તાંત્રિક મુદ્રાઓ, સ્તવન, નમન, મનન, આચાર, વિચાર સર્વ વચ્ચે તેમની જ માનસિક મૂર્તિ સ્થાપિત કરે છે. ઉત્સવો અને ખાનગી પ્રવૃત્તિઓ પણ તન્મય જ કરે છે. આધ્યાત્મિક મેણાં, ઉપાલંભો અને ફાગફટાણાં પણ તન્મય થઇને જ ઉચ્ચારે છે. તેઓના જીવનમાં તીર્થંકરોની પૂજ્યતા સર્વત્ર વ્યાપકરૂપે વણાઇ ગઇ હોય છે. ઉત્સવો, મહાપૂજાઓ વિગેરે પ્રસંગે આ વાત કોઇ પણ બરાબર જોઇ શકશે.

તીર્થંકરોના સ્તવન નમનમાં ઐહિક લાલસાઓ નથી હોતી, ન હોવી જોઇએ. પોતાના ભૂતકાળના પતનનું ભાન, ભાવિ વિકાસની આશાઓ, અને વર્તમાનમાં તેઓની મદદની અપેક્ષા એ જ તેઓના વિચાર વાતાવરણમાં હોય છે. ચાલુ જીવનની તાલાવેલી તો લગભગ ભૂલવામાં જ કૃતકૃત્યતા મનાય છે. બરાબર અભ્યાસીને સ્તુતિઓ, સ્તવનો, ધાર્મિક

આચારોના સૂત્રો તપાસવાથી આ તત્વો સહેલાઈથી મળી આવે તેમ છે.

તીર્થંકરો તરફ કેવળ ગાંડી ઘેલી ભક્તિ નથી હોતી. તે સહેતુક ઉદ્દેશપૂર્વક હોય છે. દરેક દરેક પ્રવૃત્તિ ઉંડામાં ઉંડા આધ્યાત્મિક સિદ્ધાંતો, માનસશાસ્ત્ર તથા નૈતિક તત્ત્વો સાથે સંબંધ ધરાવતી હોય છે. આગમસૂત્રો અને તેની સાથે સંબંધ ધરાવતા જૈન સાહિત્યમાં હેતુપૂર્વક તેના વ્યવસ્થિત વિવેચનો સમજાવેલા હોય છે.

જૈનો કહે છે કે અમારા તીર્થંકરોના ત્યાગ, વૈરાગ્ય અને મહાન આધ્યાત્મિક જીવન સાથે તુલના કરી શકાય તેવી કોઇ પણ વ્યક્તિ જગતમાં બતાવો તો અમે તેને જરૂર પૂજ્ય માનવા તૈયાર છીએ. તીર્થંકરોના અદ્‌ભુત ધાર્મિક જીવનો આશ્ચર્યમાં ડૂબાડે છે, ભક્તિ ઉત્પન્ન કરે છે. માટે જ અમે તેમને દેવાધિદેવ, વિશ્વાસ્ય, આરાધ્ય, આદર્શ અને માર્ગદર્શકો માનીએ છીએ. તેઓના ઉપદેશ ઉપર વિશ્વાસ રાખીએ છીએ, તેઓએ બતાવેલા ધર્મ માર્ગને વળગી રહીએ છીએ.

ભગવાન મહાવીર સ્વામીનું જીવન બરાબર વિચારો, મનન કરો, અને તેમાંથી જે જે ઉત્તમ ગ્રાહય અંશો તમને જણાય તેની તારવણી કરો. જગતના થઇ ગયેલા કે હવે પછી થવાના હોય એવા કોઇપણ મહાત્મા પુરૂષ સાથે તેની તુલના કરો. એમ કરતાં જો કોઇ પણ વ્યક્તિ તેમના કરતાં ચડી જાય કે તેમના જેવી હોય, તો તેના પર વિશ્વાસ મૂકવામાં વાંધો નથી. પરંતુ જ્યાં સુધી એવી વ્યક્તિ જોવામાં ન આવે ત્યાં સુધી ભગવાન મહાવીર સ્વામીને જ વળગી રહીએ તેમાં શું ખોટું છે ?

જૈનધર્મના કોઇ પણ આચાર વિચાર સાથે, તેની કોઇ પણ મહત્ત્વની વ્યક્તિ સાથે કોઇ વ્યક્તિનો મેળ ન બેસતો હોય, તો પણ તે તીર્થંકરના

જીવનમાંથી યથાશક્તિ પ્રેરણાઓ મેળવે તો પણ તેની જૈનધર્મની નિકટ આવવાની શરૂઆત થઈ જાય છે.

જૈન ધર્મમાં તીર્થંકરોનું આ મહત્ત્વનું સ્થાન છે. અને જ્યાં સુધી તીર્થંકરોના આ ઉદાત્ત જીવનો કોઈ પણ માનવના દિલને હલબલાવશે, ત્યાં સુધી ગમે તેવી આફતો વચ્ચે પણ જૈનધર્મ સ્થિર જ છે.

☆ ☆ ☆ ☆

# ૨. 'સવિ જીવ કરું શાસનરસી'

શાસન એટલે શું ?

સર્વજ્ઞ વીતરાગ ત્રિભુવન પૂજ્ય શ્રી તીર્થંકર પરમાત્મા સ્થાપિત વ્યવસ્થાતંત્ર-વિશ્વવ્યવસ્થા તંત્ર-મહા કલ્યાણકાર ત્રિલોક પૂજ્ય ધર્મપ્રધાન સાંસ્કૃતિક મહાસંસ્થા એટલે શાસન જૈન શાસન.

જેને મહાન આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજ જેવા જ્ઞાની પુરૂષોએ ત્રણ લોકના સ્વામી તરીકે વર્ણવ્યું છે.

બીજા પાત્ર જીવોને અને પરંપરાએ યથા સંભવ સર્વ જીવોને આવા મહાશાસનના રસિયા બનાવવાનું સદા સહજ આત્મસ્ફુરણ જેઓ ધરાવે છે, તે તીર્થંકર પ્રભુ પણ જે શાસનને નમે છે.

તે શાસન દ્વારા સાધના સાધતાં સાધતાં તેઓ તીર્થંકર પદ સુધીનું ઉચ્ચ પદ પામ્યા હોય છે. તેથી પોતાના દ્રષ્ટાંતથી બીજા જીવો પણ તે શાસનના દાસ બને-તેના રસિયા બને તે જાતનો દાખલો બેસાડવા પણ તીર્થંકર દેવો 'નમો તિત્થસ્સ' કહી જેને નમે છે.

ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક સર્વ ગણધર ભગવંતો અને સર્વ કેવળી ભગવંતો પણ જેને નમે છે.

બારે ય પર્ષદાઓ જેને નમે છે.

મહા સમવરણ અને અષ્ટ મહા પ્રાતિહાર્યાદિક મહા વિભૂતિઓ પણ પ્રાણીઓને તેના તરફ આકર્ષી તેના રસિયા બનાવવા માટે સેવિકાઓ તરીકે ઉપસ્થિત થાય છે.

જે સર્વ મહાત્માઓ કરતાં શ્રેષ્ઠ છે, સર્વ શાસનોનું પ્રેરક છે, ચતુર્વિધ સંઘનેય પૂજ્ય છે, ત્રિલોક જગજ્જીવ રાશિનું પરમ હિતકર છે, પરમ સત્યરૂપ છે, પાંચ આચારમય ધર્મ કરતાં ય ઉચ્ચ સ્થાન ઉપર સ્થિર છે.

જેનું અસ્તિત્વ અર્હિંપદના-અરિહંતપદના-તીર્થંકર શબ્દના પ્રવૃત્તિ નિમિત્તરૂપે જગતમાં છે.

જેને લીધે અર્હન્તોનું પંચ પરમેષ્ઠિઓમાં પ્રથમ સ્થાન છે.

જે શ્રી ચતુર્વિધ સંઘ, પંચ આચાર, દ્વાદશાંગી આગમો, સાત ક્ષેત્રાદિક સુપાત્ર ક્ષેત્રોના ય આધાર રૂપ છે, પ્રાણરૂપ છે.

જે મહા પરોપકારનું પ્રેરક છે.

જે સર્વ શાસનોનું શાસક છે.

જે સમાજશાસનો, રાજ્યશાસનો, અર્થશાસનો અને ધર્મશાસ્ત્રોનું કેન્દ્રભુત મુખ્ય સાધન છે.

જે જાહેર જીવનમાં-લોકોત્તર માર્ગાનુસારી વ્યવહારમાં તથા લૌકિક માર્ગાનુસારી વ્યવહારમાંય દુરગામી પરંપરાએ ટકાવનાર છે, એ જાતના વ્યવહારોમાંય સ્થિરતામાં જે પ્રાણભુત-મુખ્ય પ્રેરક બળરૂપ છે.

જે ધર્મમાં પ્રેરક એટલે કે પાપના અઢારે સ્થાનકોનું રોધક છે, પુન્યનું જે પોષક છે, સંવર નિર્જરામાં જે સહાયક છે, જે મોક્ષનું પરમ કારણ છે.

જે સર્વ પ્રકારના ન્યાય-નીતિ સદાચાર-વ્રત-નિયમ-યોગ્ય સાધનાઓનું માર્ગદર્શક, પ્રેરક, શાસક, બોધક, પ્રતિબોધક મહાશાસન છે.

જે પાપને, ઉન્માર્ગને, અકલ્યાણને ટાળનાર છે, દૂર ધકેલનાર છે. અજાણતાં પણ જેના અંશનોય આશ્રય પાપોથી અને આશ્રયોથી જીવોને દૂર રાખનાર છે.

જે મહારક્ષક, મહા ચોકિયાત, મહાપાલક, મહા વિશ્વવત્સલ છે.

જીવમાત્રને આવા મહાશાસનના રસિયા બનાવવાની મહાભાવના શ્રી તીર્થંકરોના વિશુદ્ધ આત્માઓમાં જ જાગતી આવતી હોય છે.

અપેક્ષાએ અનાદિકાળની તથાભવ્યતા રૂપ એ ભાવનાના બળે જ, તથા પ્રકારના અધ્યવસાય સ્થાનક વિશેષના બળથી જ, અમુક વિશિષ્ટ આત્માઓ જ તીર્થંકર નામકર્મ બાંધી શકે છે, તેનો વિપાક ભોગવી શકે છે.

કેવળજ્ઞાનીઓ કરતાં પણ વિશિષ્ટ પરમ પુરૂષાર્થી જીવન પસાર કરી, કલ્પવૃક્ષ કરતાંય-ચિંતામણી રત્ન કરતાંય-કામકુંભ અને કામધેનૂ કરતાંય-મહામૂલ્યવંત, મહારત્ન્ પ્રકાશરૂપ, મોક્ષમાર્ગમાં દીવાદાંડી રૂપ, મહા પ્રવહણ રૂપ, જગતની અનન્ય વિભૂતિરૂપ, સત્ પરમ બ્રહ્મના વિશિષ્ટ બુદ્‌બુદ્‌રૂપ મહાશાસન સ્થાપી તીર્થંકર દેવો તેને અહીં મૂકતા જાય છે.

તીર્થંકર દેવોનો આ અનન્ય મહા પરોપકાર હોય છે. આનાં કરતાં ઉંચો પરોપકાર બીજો કોઈ સંભવિત નથી. આ પરોપકાર બહુ લોકો અને બહુ જીવોના ભલા માટે જ નથી. પરંતુ સર્વ લોકો અને સર્વ જીવોના ભલા માટેનો છે.

આવા પ્રબળ સાધન વિના કામ-ક્રોધ-લોભ-હિંસા-સ્વાર્થ-મહા અજ્ઞાન વિગેરેથી ઘેરાયેલા વિશ્વમાં ચાર પુરુષાર્થની સંસ્કૃતિનો સ્થિર, વ્યવસ્થિત, સાંગોપાંગ, વિજ્ઞાન અને તત્વજ્ઞાન સિધ્ધ પાયો પડેજ શી રીતે ? સર્વજ્ઞ વીતરાગ મહા પ્રબળ પુરુષાર્થી વિના આવું અસાધારણ કામ કોણ કરી

શકે ? બીજા તેને પગલે ચાલે, પણ વ્યવસ્થિત તેનું ઉત્થાન કરવું એ બીજાની શક્તિની બહારનું કામ છે.

માટે તીર્થંકરોને ધર્મરસી, સંઘરસી, શાસ્ત્રરસી, મંદિરરસી, ઉપાશ્રયરસી, ગુરૂરસી, મોક્ષરસી, પુન્યરસી બનાવનાર તરીકે ઓળખાવ્યા નથી, પરંતુ શાસનરસી બનાવનાર તરીકે ઓળખાવ્યા છે.

આ શાસનનું આબાલ-વૃધ્ધ-ગોપાંગનાદિ પરિચિત એવું સાદું નામ પ્રસિધ્ધ છે.

જેની સહકૃત આરાધના એ જ આરાધના છે, જે વિનાની આરાધના આરાધનારૂપ બની શક્તી નથી. આજ્ઞા સાપેક્ષ આરાધના આરાધનારૂપ, અને આજ્ઞા નિરપેક્ષ આરાધના વિરાધના રૂપ બની રહે.

માટે જ 'મન્હ જિણાણં માણં' - જિનેશ્વરની આજ્ઞા માનો એને ગુણોની ગણત્રીમાં પહેલો ગુણ ગણાવ્યો છે. મિથ્યાત્વનો ત્યાગ કરવો અને સમ્યકત્વ ધારણ કરવું એ બે ગુણોને તેના ફળરૂપ અથવા લક્ષણરૂપે જણાવેલા છે. તેથી એ બે પદો પછી આપેલાં છે.

શિષ્ટ સંતપુરૂષો, તેમના ભક્ત મહાજન લોકો, ચક્રવર્તીઓ અને રાજાઓ, સમાજ વ્યવસ્થાપકો, જ્ઞાતિ-જાતિના આગેવાનો, અર્થ પુરૂષાર્થની મર્યાદામાં રહેલા અર્થતંત્રના પ્રવર્તકો, કુટુંબ વત્સલ માતા-પિતાઓ, માર્ગાનુસારી સાંસ્કૃતિક જાહેર જીવનના રક્ષકો, સંચાલકો તથા આસેવન અને ગ્રહણશિક્ષા રૂપ સમ્યગ્જ્ઞાનના આરાધકો ને અધ્યાપકો, આચારોમાં પ્રેરક અને આચારનિષ્ઠ આચાર્યો, તેઓની આજ્ઞામાં વર્તનારા દુન્યવી શિક્ષકો વિગેરે મારફત આ મહાશાસનની આજ્ઞા-શાસન-આદેશ-હુકમ પ્રવર્તે છે, અને તે વિશ્વનું સમગ્ર રીતે કલ્યાણ કરે છે.

આ લોકોત્તર બંધારણીય શાસન સંસ્થા બંધારણને ઘટતા દરેક પ્રકારના ઉચ્ચ નિયમો ધરાવે છે. અને કરોડો માનવોના મહેરામણમાંથી

ઉત્તમ રત્નોની માફક-ઉત્તમ મોતીઓની માફક ખેંચાઈ આવેલા વિશ્વના સમ્યક્દ્રષ્ટી, જ્ઞાની, અને ત્યાગાત્મક પંચ મહાવ્રતના પાળનારા આચાર્યરૂપ લોકોત્તર મહાત્માઓ જ તે મહાશાસન સંસ્થાના નિયામક-સંચાલક હોઈ શકે છે.

ભર દરિયામાંથી કુશળ વહાણવટી વહાણને સલામત દોરવી જઈ શકે છે, તેમ વિઘ્નોથી ભરેલા સાગરમાં એવા કુશળ મહાગીતાર્થ પુરૂષો જ મહાશાસન નાવને સહી સલામત યોગ્ય રીતે પ્રવાહિત કરી ચલાવી શકે છે. બીજાનું તેવું ગજું નથી હોતું.

આજે ?

જાણતાં અજાણતાં આ મહાશાસનની આજે ઉપેક્ષા થઈ રહી છે. તેનું સાક્ષાત્ અસ્તિત્વ હોવાનું ય ભૂંસાતુ જાય છે, ઉપેક્ષિત થતું જાય છે. તેનો પ્રભાવ તિરોહિત કરવાના ચક્રો પ્રબળ વેગથી ગતિમાન થતાં રહે છે અને તે ચક્રનો પ્રતિકાર કરવાને બદલે અજાણતા પણ સહકાર અપાય છે.

શાસનની બાબતોમાં પણ લોકશાસન, પ્રજાસત્તાક શાસન, બહુમત શાસનના વ્યવહારો તરફ ઢળતા જવાય છે.

મનમાં સારી ભાવના હોવા છતાં, વ્યવહારમાં તીર્થંકરના શાસનની 'જે' લગભગ શાબ્દિક બનતી જાય છે. વાસ્તવિક અર્થમાં ભૌતિક શક્તિઓ વધારી આધ્યાત્મિક શક્તિઓને તિરોહિત કરનારા વ્યવહારોનું પ્રેરક તદનુકુળ શાસનતંત્ર જીવનમાં અમલી બનાવાતું જાય છે. સિવાયનું પાછળ હઠાવાતું જાય છે. કેમકે મહાશાસનને વળગી રહેવામાં જમાનામાં પાછળ પડી જવાનો મોટો ભય બતાવાવમાં આવે છે. વાસ્તવમાં એ ભય ખોટો છે, મહાશાસનને છોડવામાં જ વિનાશ છે.

મહાશાસનના કેન્દ્રભૂત પરંપરાગત આચાર્યપદના પ્રવાહને તો માત્ર ઉપેક્ષિત જ નહીં, પણ તિરોભૂત બનાવી દેવાયો છે. તન્નિરપેક્ષ પ્રવાહોના ધોધમાં તેનું અસ્તિત્વ, તેનું મહામૂલ્યપણું ઢાંકવાના પ્રયાસોને વેગ મળતો જાય છે, વેગ અપાતો જાય છે.

આજે સ્વતંત્રતા, જ્ઞાનવૃદ્ધિ, સુખ સગવડો વગેરે વધતાં જાય છે એમાં બે મત નથી.

પરંતુ તે સર્વ મહાશાસન નિરપેક્ષા હોવાથી - આજ્ઞા નિરપેક્ષ હોવાથી તેની નીચે મહા અજ્ઞાન, મહા અશાંતિ, મહા અવ્યવસ્થા, મહા સંઘર્ષો, મહા કંગાલિઅત, મહા અસુવિધાના ભડકા જાગી રહ્યા છે. હજુ એ પૂરા દેખાતા નથી, પરંતુ એક વખત તેનું વિરાટ વિકરાળ સ્વરૂપ પ્રગટ થશે, ત્યારે તે મહા દાવાનળની પેઠે અસહ્ય બની જશે.

મહા હિંસા, મહા અસત્ય, મહા ચોરીઓ, મહા વ્યભિચાર, મહા અસંતોષ, મહા ક્રોધ-માન-માયા-લોભ, મહા રાગ-દ્વેષ, કોર્ટોમાં કેસો વિગેરે રૂપ કે યુદ્ધોરૂપ મહા કંકાસો, મહા નિંદા-છાપાંઓ વિગેરે મારફત ભયંકર જુઠા આક્ષેપો-સુધરેલી ભાષામાં ચાડી ચુગલી, જુઠી ખુશામતો, દંભમય પરિષદો અને સમ્મેલનો, શોષક દયાદાન, અજ્ઞાનપોષક જ્ઞાનદાન, સત્યના શબ્દની પાછળના મહા પ્રપંચમય વિનાશક જુઠાણાં, અને એકંદર મહા મિથ્યાત્વ તરફ આજે માનવનું ગમન ચાલી રહ્યું છે.

કેમકે તે સર્વ અનિષ્ટો ઉપર અંકુશરૂપ, તે સર્વને ડારનાર, તે સર્વને દૂર ધકેલનાર, તે સર્વને ઉગતાં ડાંભનાર અને સ્વપ્રભાવથી આગળ વધતાં અટકાવનાર જે મહાશાસન છે, તેને લઘુમતમાં હોવાનું જણાવી બહુમતીમાં તેને ગતાર્થ કરી દઈ-સમાવી દઈ-નામ પણ રહેવા ન પામે તેમ કરવા માટેનાં ચક્રો ગતિમાન છે. એ ચક્રોની ઉપેક્ષા, તે તરફ બેધ્યાન એ પણ શાસન તરફની ઉપેક્ષા છે.

શાસનની ઉપેક્ષામય સર્વ પ્રવૃત્તિઓ જગતમાં, અને કેટલેક અંશે જૈન શાસનમાં પણ ઘર કરતી જાય છે. શ્રી પ્રભુ સ્થાપિત શ્રી ચતુર્વિધ સંઘ પણ દિવસે દિવસે શાસનથી નિરપેક્ષ પ્રવૃતિશીલ બનતો જાય છે.

અરે ! પરંપરાગત વિશુદ્ધ સુરિહિત સમાચારી ધરાવતા મહાગીતાર્થ પુરુષોના શિષ્યોરૂપ ગણાતા શ્રી શ્રમણ મહાત્માઓનું વલણ પણ આજે તે મહાશાસનની ઉપેક્ષા-અનસ્તિત્વ તેની હવે અનાવશ્યકતાના સ્વીકાર-પૂર્વકના વર્તન તરફ દિવસે ને દિવસે ઢળતું જાય છે. પરમેષ્ઠિ સ્થાન ઉપર બિરાજમાન શ્રેષ્ઠ અને વન્ધ પુરૂષો પણ તે પ્રવાહમાં જાણતાં કે અજાણતાં કેટલેક અંશે તણાતા જતા દેખાય છે. કોણ બચતા હશે તેના પત્તો લાગતો નથી. સમ્યગ્દર્શન રૂપ મૂળ ભૂમિકા રૂપ ગુણ ઉપર જ આ મોટામાં મોટો ફટકો નથી શું ?

શાસનની રક્ષક વફાદાર મૂળ પરંપરા પણ શાસન નિરપેક્ષ બનતી જાય, ત્યારે હૃદયમાં હાહાકાર મચી જાય છે. 'કોણ શરણ ? કોણ શરણ ?' ના પોકારો ઉઠે એ સ્વાભાવિક છે. તો પછી બીજા કોની પાસેથી આશા રાખવી ? અને પરમાત્માના શાસનનું ભાવિ શું ? આપણી તેના તરફની આજે શી ફરજ છે ? તે યાદ પણ ન કરવી?

કેન્દ્રભૂત મૂળ પરંપરાની આ સ્થિતિ છે, તો પછી સંપ્રદાયો, પેટા સંપ્રદાયો પાસેથી આશા જ શી રખાય ?

શાસન જયવંતુ છે. પરંતુ શાસન ભક્તોની અમલી બેદરકારીનું માઠું ફળ શું શાસનને ય અસર ન કરે ? અથવા જયવંતુ છતાં, તેની જેટલે અંશે તિરોહિતના એટલે અંશે વિશ્વ કલ્યાણમાં ક્ષતિ પહોંચે કે નહીં ?

શાસન જયવંતુ હોવા માત્રથી તન્નિરપેક્ષ, અભવ્યો કે મિથ્યાદ્રષ્ટિઓને તેનો લાભ ન મળે.

તો તેનાથી નિરપેક્ષ આપણને તથા બીજા જીવોને પણ તેનો ઉત્તમ લાભ શી રીતે મળે ?

આપણે શાસન નિરપેક્ષ થતા જઈએ છીએ. કદાચ એવો ભાસ ચિત્તભ્રમથી કેમ ન થતો હોય ?

પરંતુ ના, એમ નથી. કેમકે શાસન નિરપેક્ષતાના, આજ્ઞા વૈપરીત્યના માઠાં પરિણામો-માઠાં ફળોના ઢગલા આજે વધતા જતાં પ્રત્યક્ષ જોઈ શકાય છે.

બનાવટી ઉજળામણ વધતી જાય છે, પરંતુ તેની નીચે કાળાશનો સાગર ધુધવતો થાય તેવાં ચિહ્નો પ્રત્યક્ષ થતાં જાય છે. સંખ્યાબંધ મહાસંતો અને મહાસતી શિરોમણિઓના અસાધારણ આપભોગો અને આત્મપ્રકાશોથી સુઘટિત બનેલું સ્ત્રી પુરૂષોનું ચારિત્રબળ ને સાથે સાથે ભૌતિક બળ પણ ઉત્તરોત્તર તૂટતું જ જાય છે. આ પ્રત્યક્ષ પરિણામો અને દુષ્ટ ફળો વધતી જતી શાસન નિરપેક્ષ પ્રવૃત્તિઓના સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રમાણો છે.

શાસન નિરપેક્ષ પધ્ધતિ કે વિધિનો આશ્રય લઈને સસૂત્ર પ્રરૂપણા કે શ્રી આગમોનો શુદ્ધ ઉપદેશ અપાય, કે ધર્માચરણ થાય, તો તે સર્વ પણ અપેક્ષાએ ઉત્સૂત્ર પ્રરૂપણા રૂપ, અનાગમિક ઉપદેશ રૂપ અને અનાચાર્ય આચરણ રૂપ બની જતાં હોય છે. આટલી હદ સુધી શાસન સાપેક્ષતા ઉપર ભાર મૂકાયેલો છે.

હજુ પણ મહાપતન તરફ ધસતી જતી માનવજાતને બચાવવી હોય, સાચો પરોપકાર કરવો હોય, સાચી પરહિત નિરતા જીવતી રાખવી હોય, સર્વ જગતની સાચા શિવને થોડું પણ જીવતું રાખવું હોય, દોષો કાંઈ પણ ઘટાડવા હોય, જગજજીવોને પુન્યથી પ્રાપ્ત થતા અંશથી પણ દુન્યવી સુખથી યે વાસિત રાખવા હોય, તો શાસન-મહાશાસન-તીર્થંકર

પ્રભુના શાસન તરફની ઉપેક્ષાનો કડકપણે ત્યાગ કરવો જરૂરી છે. પુન્ય બળ વધારવાનું, પાપને ઠેલવાનું એ એક જ અનન્ય સાધન છે.

આખનું મટકું મારવું હોય તો પણ શાસન સાપેક્ષપણે તે મારવા સુધીની દઢતા કેળવવી પડશે, વીર્યોલ્લાસ જાગૃત કરવો પડશે. શાસન નિરપેક્ષતાથી નિરપેક્ષતા કેળવવી પડશે. બરાબર સજજધજ થઇ સચોટ રીતે શાસન સાપેક્ષતા ધારણ કરવી જ પડશે.

ત્યાગ, તપ, વ્રત, નિયમ, ઉપદેશ, ધંધો, ઘર, કુટુંબ વ્યવહાર, જાહેર જીવન, ખાનગી જીવન, રાજ્યતંત્ર, સમાજતંત્ર, અર્થતંત્ર, ધર્મતંત્ર, કળા કારીગિરી, પ્રાચીન સંશોધન, નવસર્જન, વૈજ્ઞાનિક શોધો ને વિકાસ, સાધુ અને સંત જીવન વિગેરે સારાં ગણાતાં કાર્યો પણ આજે પ્રાયઃ શાસન નિરપેક્ષપણે ચાલી રહ્યાં છે.

તે સર્વ પ્રવૃત્તિઓ શાસન સાપેક્ષ બનાવવાથી અમૃતરૂપે પરિણમશે. નહીંતર એ જ સારાં ગણાતાં કાર્યો અને પ્રવૃત્તિઓ હલાહલ વિષ રૂપે પરિણામવામાં હવે જરા પણ શંકા રાખવા કારણ જણાતું નથી. સંજોગોનો દોષ ટકી શકતો નથી. પહેલાં તો મનોવૃત્તિ તે તરફ વાળવી જરૂરી છે, પછી સંજોગોની વાત આવે છે. મનની નિર્બળતાથી પણ કયારેક સંજોગોનો ભય વિરાટરૂપે ભાસતો હોય છે.

એક એક તણખલા જેવી વિચારણા કે પ્રવૃત્તિ પણ શ્રી તીર્થંકર પ્રભુના શાસનથી સાપેક્ષ છે કે નિરપેક્ષ છે ? તેની વિચારણા શરૂ થતાંજ બધુંજ ફરવા માંડશે. એજ સમ્યગ્ દર્શનનું બીજ છે, એજ સર્વ શુભનું મૂળ છે.

શાસન સાપેક્ષતા એજ મહા પરોપકાર છે. સાચા પરોપકારનું મુખ્ય પ્રતીક જ એ છે. તેનાથી નિરપેક્ષપણે પરોપકારો પણ પરોપકારાભાસ છે. તે ભાવ પરોપકારના અકારણ રૂપ-દ્રવ્ય પરોપકાર રૂપ બની રહે છે, જે ક્ષતે ક્ષાર નાખવા રૂપ પરિણમતું હોય છે.

આ વાત પ્રાયઃ શ્રી પુષ્પમાળા પ્રકરણની શરૂઆતમાંજ મલધારી શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીએ બતાવેલી હોવાનું સ્મરણમાં છે.

છેલ્લા સો વર્ષ પહેલાંથી ય (લગભગ અકબર બાદશાહનાં વખતથી) શ્રી સંઘમાં શાસન નિરપેક્ષતા થવાના બીજ રોપાવાયા છે, તે આજે ઘણા પલ્લવિત થઇ ચૂકેલા છે. આજના સર્વ દુઃખોનું અને અનિષ્ટોનું સર્જન તેનાથી છે. આજનો પ્રવાહ જ ત્યાગીઓને કે સંસારીઓને પણ પતન તરફ જ ધકેલે છે.

**તો શું કરવું ?**

આ કોઈને ય પુછવાની જરૂર નથી. અંદરથી મનને પૂછવું કે આંખનું મટકું મારવા જેવી પણ મારી પ્રવૃત્તિ શાસન સાપેક્ષ છે કે કેમ ? અને શાસન પ્રત્યેની વફાદારી મનના કોઈપણ ખૂણામાં જીવતી જાગતી હશે, તો તેનો સાચો જવાબ હાં, કે ના મળશે જ.

નાની કે મોટી કોઈ પણ પ્રવૃત્તિ-જો તે શાસન સાપેક્ષ હોય તો તે ઉપાદેય, કર્તવ્ય તરીકે કરવી જોઈએ નહીંતર તે ગમે તેવી રૂડી દેખાતી હોય તો પણ તે ત્યાજ્ય ગણવી જોઈએ.

પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ ત્રિલોક પૂજ્ય શ્રી તીર્થંકર દેવોનું શાસન જ માત્ર મંગલરૂપ છે એમ નથી, પરંતુ જગતભરમાં જે કાંઇ મંગલરૂપ છે-તેમાં જે મંગલપણું હોય છે, તે આ શાસન છે. આ શાસન વિના સર્વ મંગલો પણ મંગલરૂપે બની શકતા નથી.

જેમાં ગાયપણું ન હોય, તે ગાય કહેવાતી નથી, જેમાં ગાયપણું હોય, તેજ ગાય કહેવાય છે. તે પ્રમાણે જે શાસન નિરપેક્ષ હોય તે ગમે તેવું મંગળરૂપ હોય-મંગળરૂપ ગણતું હોય, તો પણ તે મંગળરૂપ હોતું નથી.

રાંધેલી રસોઈમાં જેમ રંધાયા પછી ભોજ્યપણું દાખલ થાય છે-ત્યારે તે ભોજ્ય બને છે, તે પ્રમાણે મંગળરૂપ ગણાતા પદાર્થોમાં શાસન સાપેક્ષપણું દાખલ થાય ત્યારે જ તેમાં મંગળપણું દાખલ થાય છે, અને ત્યારે જ તે બાબતો મંગળરૂપ ગણાય છે. અન્યથા મંગળ પણ મંગળ રૂપ ન બને. મંગળપણું દાખલ થયા વિના મંગળ કેમ કહેવાય ?

'સર્વ મંગલ માંગલ્યમ્' એ સામાન્ય અર્થબોધક નથી. મહા અર્થબોધક હોવાનું તે પદ જણાઇ આવે છે. સાક્ષાત શબ્દોમાં ઉપર જણાવેલો ભાવ તેમાં જણાવ્યો છે.

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, એમાં ના નથી. પણ તે શાસન સાપેક્ષ હોય ત્યારે જ તેમાં મંગળપણું દાખલ થાય છે, અને તે ઉત્કૃષ્ટ મંગળરૂપ બને છે.

શાસન સાપેક્ષતાનો આ પ્રશ્ન અગ્રગણ્ય મહાત્મા પુરૂષોએ તાબડતોબ હાથ ધરવાની જરૂર છે. વહેલામાં વહેલી તકે આ પ્રશ્ન વિચારણા માંગી લે છે.

તેના પેટામાં પછી ભલે હજારો વિચારણાઓ કરવામાં આવે. પછી જ તે સાર્થક બનવાની છે. નહીંતર જળમંથન બની રહેવામાં હવે શંકા જણાતી નથી. શાસન ઉપરની આંધીઓને જોર મળતું જાય છે, એટલે ગમે તેટલી નાની બાબતોના ફાયદાઓ પણ તણાઈજ જવાના. માટે મુખ્ય વસ્તુ તરફ અસાધારણ પ્રયાસો કરવાની જરૂર છે. શાસનમાં મુખ્ય વસ્તુ ઉપર મુખ્યપણે લક્ષ રાખવાની ભલામણ છે. મુખ્યને ભોગે ગૌણ બાબતો ઉપર ભાર ન અપાય. શ્રી પ્રશમરતિ પ્રકરણમાં પણ આ વાત શબ્દાંતરથી કહેવાયેલી છે.

મહા જવાબદાર ને જોખમદાર મુળ પરંપરાની શ્રી તીર્થંકર દેવના શાસન તરફની વધતી જતી નિરપેક્ષતા, ઘટતી જતી વફાદારી, વધતી જતી બિનવફાદારી એક ક્ષણ પણ ઉપેક્ષા લાયક કેમ રહી શકે ? કેમ

રાખી શકાય ? તે માટે શું યોગ્ય કરવા જેવું નથી ? તેમ કરવામાં એક ક્ષણનો પણ વિલંબ શા માટે ? એવો અવાજ અંદરથી ઊઠતો કેમ નથી ? ઊઠવો જ જોઈએ.

જેને ઉઠે તે મેદાનમાં આવે. હવે કોઈની રાહ જોવી જરૂરની નથી. પછી તે બાળક હોય, બાળિકા હોય, સ્ત્રી હોય, પુરૂષ હોય, પરમ પૂજ્ય મુનિરાજ હોય, કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજ હોય, કે ગમે તે હોય. પ્રભુશાસન / તરફની જાગતી અડગ આજ્ઞાસિદ્ધ વફાદારીના પ્રકાશના પુંજ રૂપ તે હોવા જોઈએ.

સર્વ મંગલોમાં માંગલ્ય રૂપ મહાશાસન જગજજીવોને રસિયા બનાવવામાં શ્રી તીર્થંકર પ્રભુના ત્રૈકાલિક જીવનનો પુરૂષાર્થ સફળ થાય છે. તીર્થંકરપણાને ચારિતાર્થ કરવાનું આજ સાધન છે-તીર્થંકર શબ્દનું પ્રવૃત્તિ નિમિત્તરૂપ આજ છે.

'જૈનં જયતુ શાસનમ્'

☆ ☆ ☆ ☆

# ૩. શ્રી જૈનશાસન શું છે ?

૧. જૈનશાસન એ વિશ્વમાં કેન્દ્રભૂત બંધારણીય એક મહાસંસ્થા છે. તેની સ્થાપના ખુદ તીર્થંકર પ્રભુજ કરે છે. તેમના સિવાય કોઈ આ સંસ્થાની સ્થાપના કરી શકતું નથી. તેમના જીવનની આ જ મુખ્ય મહત્તા છે. અને તેથી જ પંચ પરમેષ્ઠિમાં સૌથી પ્રથમ નમસ્કાર તેમને કરવામાં આવ્યો છે. સિદ્ધ ભગવંતો ગુણોમાં તેમના કરતાં વધારે વિકસિત સ્થિતિમાં હોવા છતાં, તેમને ઓળખાવનાર અને ઓળખવાનું સાધન જગતમાં ઉપસ્થિત કરનાર તીર્થંકર પ્રભુ હોવાથી એ અપેક્ષાએ તેમને પ્રથમ નમસ્કાર છે. તીર્થ શબ્દનો અર્થ સંસ્થા પણ થાય છે.

૨. જૈન શાસનના શિસ્તબદ્ધ સંચાલન માટે જૈનધર્મના ચતુર્વિધ આરાધકોમાંથી તીર્થંકર પ્રભુજ શ્રી ચતુર્વિધ શ્રમણ પ્રધાન સંઘની સ્થાપના કરે છે.

૩. મોક્ષ માર્ગની આરાધના માટે પંચાચાર રૂપ શાશ્વત સનાતન ધર્મનો ઉપદેશ પ્રભુ સ્વયં આપે છે.

૪. તેને આધારે ગણધર ભગવંતો દ્વાદશાંગી આગમ શાસ્ત્રોની રચના કરે છે. જેમાં મોક્ષના અનન્ય સાધનરૂપ પાંચ આચાર વિગેરેમય સામયિક મુખ્ય વિષયનું પ્રતિપાદન હોય છે. તે પ્રતિપાદન એટલું વિશાળ હોય છે કે જેથી બાર વિભાગમાં તે શાસ્ત્ર વહેંચાયેલ હોય છે. માટે તેનું નામ દ્વાદશાંગી કહેવાય છે. ટુંકમાં કહીએ તો દ્વાદશાંગી એ સામાયિક ધર્મ સમજાવનારૂં સમ્યક્ ચારિત્ર પ્રધાન શાસ્ત્ર છે. તેના અનુસંધાનમાં અલબત્ત અનંત પદાર્થોનું સામાન્ય તથા વિશેષ એટલે કે જ્ઞાન અને વિજ્ઞાન વિશ્વવ્યવસ્થા અને તેની ઘટનાઓ વિગેરે સમજાવ્યું છે. ઉપરાંત, હેયોપાદેય જ્ઞેય-ઉપેક્ષ્ય રૂપ જીવનમાં ઉપયોગી તત્વજ્ઞાન તો તેમાં હોય જ. વિશેષમાં શાસનના બંધારણીય નિયમો, શ્રી સંઘની

શિસ્ત-જવાબદારીઓ, જોખમદારીઓ, ઉત્સર્ગ અપવાદ રૂપ કર્તવ્ય માર્ગો, જુદા જુદા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસારે ફરજો, અધિગમ તથા સમ્યગ જ્ઞાન કરવાના ઉપાયો, પંચાચાર અથવા સંવર નિર્જરારૂપ ધર્મમય મોક્ષમાર્ગ તથા તેની આરાધનાના વિવિધ પ્રકારો વિગેરે પણ તેમાં બતાવ્યું છે.

૫. અને તે સર્વના યોગ્ય આચારો, આચારોના અનુષ્ઠાનો, અનુષ્ઠાનોની ક્રિયાઓ, તેમાં ઉપયોગી ઉપકરણો-સાધનો, તેનો સંગ્રહ, તેની રક્ષાના ઉપાયો વિગેરે પણ સમજાવાયાં છે.

આમ શાસન, સંઘ, ધર્મ, શાસ્ત્રો અને સાધનો એ પાંચ પાયા ઉપર જૈનધર્મની અદ્‌ભુત, જીવંત અને પ્રકાશમાન મહા ઈમારત જગતમાં ખડી થએલી ચાલી આવે છે. વિશ્વના ચોકમાં સ્થિત કલ્પવૃક્ષ સમાન તે સ્થિત છે.

તેમાંથી જુદી જુદી માન્યતાઓ રૂપે જૈન જૈનેતર રૂપમાં અનેક વિચારભેદો-આચારભેદો કાળક્રમે પડતા આવ્યા છે. પરંતુ જૈનશાસનના બુધ્ધિશાળી અને સમર્થ સંચાલકો તેનુ પૃથ્થકરણ કરતા ગયા છે, અને તે સૌની વચ્ચે જેમ બને તેમ શુધ્ધ પરંપરા જાળવી રાખવામાં ભારે પુરુષાર્થ ખેડતા આવ્યા છે-તેમને ભારે પુરુષાર્થ ખેડવો પડયો છે.

જો તેમ ન કરવામાં આવ્યું હોત, તો આજે પણ સ્વતંત્ર રીતે જે કાંઇ અંશમાં તેનું શુદ્ધ સ્વરૂપ કે અસ્તિત્વ જોવા જાણવામાં આવે છે, તે ન આવત. વિકૃતિઓના હલ્લા તેના ઉપર આવતા રહ્યા છે, અને સાવચેતીથી તેનું પૃથ્થકરણ કરીને જેમ બને તેમ મૂળ બાંબતોની પરંપરાને સ્પષ્ટ રૂપમાં રાખવા પ્રયત્નો થતા આવ્યા છે.

જુદી જુદી એકાંત માન્યતાઓને પકડીને ગમે તેટલા ધર્મો રૂપે કે અવાંતર સંપ્રદાયો રૂપે જુદા પડ્યા, તે સર્વેને યથા સંભવિત્ત રૂપે શાસ્રનથી જુદા પાડી રાખવા છતાં, સ્યાદ્વાદના આશ્રયથી સર્વની ઘટતી સંગતિ સમજી લઇ, તે દરેકને તે રૂપે ટકી રહેવામાં સહકાર આપવામાં

આવ્યો છે. જેથી તે તે સંયોગોમાં રહેલા આત્માઓને થોડે ઘણે અંશે પણ ધર્મ તત્વનો પ્રવાહ ન્યાય, નીતિ, સદાચાર તથા પરમ આચારમાં ટકી રહી યથાશકય આત્મવિકાસ કરી શકે છે.

બધાયની એકતા કરીને ખીચડો કરવામાં જૈન ધર્મ માનતો નથી. દરેક ધર્મ કે સંપ્રદાયના અનુયાયીઓ પોતપોતાના ધર્મ કે સંપ્રદાયને વળગી રહીને, તેના તરફની પણ નિષ્ઠાપૂર્વકની વફાદારી પૂરેપૂરી જાળવીને, એમાં બતાવ્યા પ્રમાણે પ્રમાણિક રીતે ધર્મનું આચરણ કરીને તેઓ યથાસંભવ ઊંચા આવે એજ યોગ્ય વ્યવસ્થા છે.

મૂળભૂત વિશ્વવ્યાપક ધર્મ રૂપ અમૃત તત્વના પ્રવાહ જુદા જુદા ભાગમાં વહેંચાઇ ગયેલ છે, તેને એક જ મુળ સ્વરૂપમાં યોગ્ય રીતે લાવવાની હવે શકયતા નથી. તેથી આજે જે સ્વરૂપમાં વહેંચાયેલો તે છે, તેમાંથી પણ જેટલો ફાયદો ઉઠાવાય તેટલો જુદી જુદી જનતાએ ઉઠાવવો એ જ ઉપાય રહે છે, જુદા જુદા દેશકાળ, ઐતિહાસિક તથા માનસિક વિગેરે બીજા સંજોગોમાં વહેંચાયેલી જનતા જુદા જુદા એ પ્રવાહોમાંથી પ્રેરણાઓ લે એ જ શકય, વ્યવહાર અને હિતકર છે.

દરેક ધર્મ અને સંપ્રદાયની સંગતિ કેવી રીતે છે તે સ્યાદ્દવાદની દ્રષ્ટિથી સમ્યગ રીતે સમજી લઇ સુવ્યવસ્થિત બોધ એટલે કે સમ્યગજ્ઞાન સુરક્ષિત રાખી લેવાય છે. પછી ભલે ને મતમતાંતરો પોતે પરસ્પરમાં સંઘર્ષ કરતા હોય.

જૈન શાસનની પરંપરાની આ સ્વતઃ વિશેષતા છે. ભલે તેના મૂળ પ્રવાહની સંખ્યા આજે ઓછી ગણાતી કે મનાતી હોય. જો કે તે એક ભ્રમ જ છે અને બનાવટી હાઉ છે.

ખરી રીતે તો જગતભરના કોઇપણ ધર્મ કે સંપ્રદાય, કે જેઓ થોડે કે ઘણે અંશે આધ્યાત્મિક વિકાસના પાયા ઉપર પ્રચલિત હોય તે સર્વના અનુયાયીઓ વત્તે કે ઓછે અંશે મૂળ ધર્મના આરાધકો છે,

અને તેટલે અંશે મૂળધર્મના અનુયાયીઓ પણ છે. છેવટે તે સર્વે માર્ગાનુસારી તો છે. તે હિસાબે ગણવા જતાં તેની સંખ્યા તો દરેક ધર્મ કરતાં સૌથી મોટામાં મોટી જણાઈ આવે તેમ છે.

જુદા જુદા સંપ્રદાયો અને ધર્મોના અનુયાયીઓ ભલે વિચારભેદના સંઘર્ષો ચલાવતા હોય, પરંતુ જૈનશાસન તેઓને નીચે પ્રમાણે સમજીને ચાલે છે.

तेन स्यादवादमालम्ब्य सर्वदर्शन तुल्यताम् ।

मोक्षोदेशो विशेषेण यो जानाति, स शास्त्रवित् ।।

અલબત્ અન્ય ધર્મો અને સંપ્રદાયોમાં જે જુદાપણું છે, તે પણ સમજમાં રાખવું જોઈએ. નહીંતર વિવેકીપણું ન સચવાય, એકાંત થઈ જાય. એકાંત સમાનતા માનવી કે એકાત વિશેષતા માનવી એ મહા દોષ રૂપ છે.

અપ્રમત્ત ભાવના મુનિભાવમાં સમતા-સમાનતા મુખ્ય છે. પરંતુ તે સિવાયની સ્થિતિમાં વિશેષતાઓ જરૂરી હોય છે. ત્યાં પણ સમાનતા કરી નાખવામાં આવે તો મહા અવ્યવસ્થા ઉભી થાય. જયાં જયાં જે જે ભેદની જરૂર હોય છે, ત્યાં ત્યાં તે ભેદ રાખવો જ જોઈએ. સાચી સમતાની કોટિ ઉપર ચડેલા મહાત્માઓ અભેદ અને સમતાભાવ રાખે એ તેમના માટે ભૂષણરૂપ છે, બીજાઓ માટે તે ભૂષણ રૂપ નથી.

છતાં ભેદોમાં પણ સમાન હિતની બાબતમાં યુનિટીથી નહીં પણ કો-ઓપરેશનથી સહયોગ રાખી શકાય છે, રાખવો જોઈએ. એકતા અર્થાત્ યુનિટી ઘાતક છે, કો-ઓપરેશન અર્થાત્ એકસંપી હિતકર છે.

જૈનશાસન કહે છે કે જુદા જુદા પાત્રજીવોની અપેક્ષાઓ મોક્ષની સાધનામાં ઉપયોગી થતું હોય તેવું, જગતમાં પ્રચલિત જુદા જુદા ધર્મો અને સંપ્રદાયોમાં જે કાંઈ બતાવ્યું હોય, તે સઘળું ન્યાય છે, યોગ્ય

છે. મોક્ષની સાધનામાં પરંપરાએ કે નજીકપણાથી ઉપયોગી થતું હોય તે સર્વ યોગ્ય છે એમ સ્યાદ્વાદ દ્રષ્ટિથી માપવામાં આવ્યું છે. ભલે ધર્મો અને સંપ્રદાયો પરસ્પર લડતા હોય. વાસ્તવિક રીતે એ લડત નથી હોતી, મોટે ભાગે વિચારભેદોની ચર્ચા વિચારણા હોય છે.

આથી જૈન શાસન તેવી જુદી જુદી કોઈ બાબતનું ખંડન ન કરતાં, તેની કક્ષાના જીવો માટે તે ઉપયોગી સમજીને, જુદા જુદા દ્રષ્ટિભેદથી પણ તેને સ્થાન આપીને, તેને વળગી રહી તેમાંથી પ્રેરણા લેવા તે તે ધર્મના અનુયાયીઓને ભલામણ કરે છે.

ત્યારે જૈન્શાસનના તર્કગ્રંથોમાં તો જુદા જુદા ધર્મોની માન્યતાઓના ખંડન મંડન આવે છે તે શું ? આવો પ્રશ્ન સહેજે થશે. તે ખંડન મંડન તો તે તે ધર્મની એકાંત માન્યતા પૂરતું જ હોય છે.

દા. ત. વેદાંત દર્શન વિશ્વનું એકીકરણ અને નિત્યતાનું સ્થાપન કરે છે. જૈન દર્શન તે મૂળ બાબતનું ખંડન નથી કરતું. પરંતુ જ્યારે વેદાંત દર્શન વિશ્વનું એકીકરણ અને નિત્યતાનું એકાંત સ્થાપન કરે છે, ત્યારે જૈન દર્શન એકાંત સ્થાપન પૂરતું અને અવ્યવસ્થિત પ્રક્રિયાની રજુઆત પૂરતું સમજૂતી ખાતર ખંડન કરે છે. જો આત્મા નિત્ય ન હોય, તો સંસાર અવસ્થામાંથી મોક્ષ અવસ્થા રૂપ બીજી અવસ્થા કોણ પામે ? માટે જૈનદર્શન નિત્યતાનું અને જગતનું એકીકરણું ખંડન શી રીતે કરે ? ખંડન માત્ર એકાંત માન્યતાનું હોય છે.

બૌદ્ધ દર્શન ક્ષણિકવાદને આગળ કરીને પ્રત્યેક પદાર્થની ક્ષણે ક્ષણે ઉત્પત્તિ અને નાશ સમજાવે છે. તે ખોટું નથી, વિશ્વની એવી પણ સ્થિતિ છે. પરંતુ તેની એકાંત પકડ અને તે પ્રક્રિયા બનાવવામાં અવ્યવસ્થિતપણું હોય, તેનું જ સમજૂતી ખાતર જૈનદર્શન ખંડન કરે છે. વૈરાગી પુરૂષ સંસારને ક્ષણિક અને અનિત્ય ન સમજે, તો મોક્ષ

મેળવવાની ભાવનાજ કયાંથી જાગે ? માટે એ ક્ષણિક તત્ત્વના બોધની જરૂર પણ છે.

વિશ્વ સદા નિત્ય છે, એ સદા ક્ષણિક પણ છે. દ્રવ્યાર્થિક દૃષ્ટિથી નિત્ય છે, પર્યાયાર્થિક દ્રષ્ટિથી અનિત્ય પણ છે. ઈત્યાદિ રૂપ સમ્યગ સમજ ધરાવનાર જૈનશાસન વિશ્વના ચોકમાં મહા કલ્પવૃક્ષ રૂપે ખડું છે. જેમ જુદા જુદા વાહનોના જુદાં જુદાં ખાતાં તેના સંચાલન ચલાવતાં હોય, તે ખાતાઓ ઉપર સમગ્ર દેશનું વાહન વ્યવહાર ખાતું હોય, રીક્ષા અને વિમાનનો ભલે મેળ ન હોય, રેલ્વે અને ગાડીનો ભલે પરસ્પર મેળ ન હોય, પરંતુ વાહન વ્યવહારખાતામાં તે સૌનો સંગત રીતે એક વ્યાપક વહીવટ ચાલી શકતો હોય છે, અને તેની દ્રષ્ટિમાં સંગત હોય છે. શહેરમાં રીક્ષા જરૂરી હોય છે, આકાશમાં વિમાન.

तत् तत् तन्त्रोकतमखिलम् पुनर्बन्धकादि

अवस्था भेदतो न्याय्यं परमानन्द कारणम् ॥

અપુનર્બંધક ભાવ વિગેરે જુદી જુદી અવસ્થાના જુદા જુદા ભેદોની અપેક્ષાઓ મોક્ષમાં કારણભૂત હોય, તેવું તે તે ધર્મશાસ્ત્રોમાં જે જે કહ્યું છે, તે સર્વ ન્યાયસર છે, અને યોગ્ય હોય છે.

આ રીતે અદ્દ્ભૂત અને વ્યવસ્થિત સમન્વય ઘણા કાળથી સ્પષ્ટ અને મોઘમ રીતે કરાયેલો છે. પછી ભલે ને જગતમાં ગમે તેટલા ધર્મો અને સંપ્રદાયો હોય. ૩૬૩ થી વધારે ભેદો તો ન હોઈ શકે ને?

ખીચડા જેવો અવ્યવસ્થિત અને વિવેક વિનાનો સમન્વય અયોગ્ય છે, સમન્વયને લાયક પણ નથી. એકતા એ તો સમન્વયને નામે જગતને ભ્રમણાના ચક્ર ઉપર ચડાવવાની યુક્તિ છે.

મૂળ સ્થિતિ રૂપે જૈન શાસનનું શું સ્થાન છે તેનો અતિ સંક્ષેપમાં ઉપર ખ્યાલ આપવામાં આવ્યો છે.

☆ ☆ ☆ ☆

# ૪. નમો તિત્થસ્સ

## શ્રી જૈનશાસન સંસ્થા

## (એક મહત્ત્વનું સંશોધન)

"શાસન તાહરૂં અતિ ભલું, જગ નહીં કોઈ તસ સરખું રે,
તિમ તિમ રાગ ઘણો વાધે, જિમ જિમ જુગતિશું પરખું રે"

૧. શાશ્વત ધર્મરૂપી **ઉદ્દેશ.**

૨. ઉદ્દેશ બર લાવનારી બંધારણીય **શાસનતીર્થ સંસ્થા.**

૩. અનુયાયીઓમાંથી તે સંસ્થાના સંચાલન માટે નિયુક્ત કરાયેલ **શ્રમણ પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘ.**

૪. ધર્મ, શાસન, સંઘ અને વિશ્વ વિષે જ્ઞાન આપનાર **દ્વાદશાંગી શાસ્ત્ર.**

૫. ધર્મની પોષક પાંચ દ્રવ્યરૂપ સ્થાવર જંગમરૂપ **દ્રવ્ય સંપત્તિઓ** અને આત્મામાં રહેલી રત્નત્રયી અને તેના તરફની સદ્ભાવના તથા આરાધના યોગ્યતા વિગેરે **ભાવ સંપત્તિઓ.**

આ પાંચમય જૈનધર્મ જગતમાં અસ્તિત્વ ધરાવે છે. જો કે કોઈપણ ધર્મને આ પાંચ બાબતો હોય જ છે. એટલું જ નહીં, પરંતુ દુન્યવી કોઈ પણ બાબત રાજ્ય-વ્યાપાર વિગેરેને પણ આ પાંચ બાબતો હોય છે. ૧. ઉદ્દેશ, ૨. સંસ્થા, ૩. સંચાલક, ૪ નિયમાવલી, અને ૫. મૂડી.

શ્રી 'લોકપ્રકાશ'ના ત્રીજા ભાગમાં ૧૩૨-૧૩૩ શ્લોકોમાં જૈનધર્મની ઉપર જણાવેલી પાંચ બાબતોનું સ્વાભાવિક રીતે સૂચન થયેલું જાણી શકાય છે.

स प्राप्य केवलज्ञानं, देव मानव पर्षदि ।

दिशति द्वि-विधं धर्म यति-श्राध्ध जनोचितम् ॥ १३२॥

ततो गणधरान् गच्छांस्तथा संघं चतुर्विधम् ।

संस्थाप्य, द्वादशांगीं चार्थाप्य, तीर्थं प्रवर्तेत् ॥ १३३॥

અર્થ : કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તે (તીર્થંકર પ્રભુએ) દેવો અને માનવોની સભામાં મુનિ અને શ્રાવક એમ બે પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે. (૧૩૨) ત્યાર પછી ગણધરો-ગચ્છો અને ચતુર્વિધ સંઘ સ્થાપીને, દ્વાદશાંગી અર્થથી સમજાવીને, તીર્થ પ્રવર્તાવે છે. (૧૩૩)

૧. બે પ્રકારનો ધર્મ એ શાશ્વત ધર્મ છે.

૨. તીર્થ પ્રવર્તાવે છે એ શાસન સંસ્થા.

૩. શ્રી ચતુર્વિધ સંઘની, ગણધરો, ગચ્છો અને ગણોની સ્થાપના કરે છે.

૪. અર્થથી દ્વાદશાંગી સમજાવે છે.

૫. સ્પષ્ટ શબ્દોમાં ધાર્મિક સંપત્તિઓની સૂચના જો કે નથી કરવામાં આવી, છતાં તે અર્થથી અનિવાર્ય રીતે આવી જાય છે. કેમ કે મુનિઓ તથા શ્રાવકોની ધર્મારાધનાના અનુષ્ઠાનોમાં ઉપયોગી પાંચેય આચારોના બાહ્ય ધર્મોપકરણો-જ્ઞાનનાં બાહ્ય સાધનો વિગેરે દ્રવ્ય મિલ્કતો સંભવે જ.

તથા આરાધનાની યોગ્યતા, આરાધનાની તત્પરતા, આરાધનામાં પોતાના આત્માને પરિણમાવવો વિગેરે ભાવ મિલ્કતો અવશ્ય સંભવે છે.

હવે આપણે આ પાંચેયની મૌલિક વિગતમાં જરા ઊંડા ઉતરીએ.

૧. બે પ્રકારનો ધર્મ. મુનિ ધર્મ અને શ્રાધ્ધોચિત ધર્મ.

ધર્મ શબ્દનો સામાન્ય અર્થ અહીં આપણે આધ્યાત્મિક વિકાસ એવો ટુંકામાં કરીશું.

પરંતુ આધ્યાત્મિક વિકાસ અને અણવિકાસ એવાં બે વિકલ્પો સહજ રીતે જ તેમાંથી આપણી સામે ઉપસ્થિત થશે.

તો વિકાસ અને અણવિકાસ એટલે શું ? અણવિકાસ ન હોય, તો વિકાસની ભાવના જ ઉભી થતી નથી. માટે વિકાસ છે, તો અણવિકાસ પણ સંભવે છે. અને અણવિકાસ છે તો તેમાંથી વિકાસને અવકાશ રહે છે. નહીં તો બે સ્થિતિ જ ન હોય. તો કાંઈ વિચારવાનું જ ન હોય. પરંતુ એ બે સ્થિતિ છે. માટે તેમાંથી એ વિચારણા ઉદ્ભવી છે.

વ્યવહારમાં અજ્ઞાન બાળક મહાપ્રાજ્ઞ બનતો જોવાય છે. તેવી જ રીતે પ્રાજ્ઞ માણસ કોઈ દોષથી મૂઢ-મૂર્ખ-મત્ત-ગાંડપણ યુક્ત-ચિત્તભમક-મોટાં કામ કરી પોતાને અને બીજાને હેરાનગતિમાં મૂક્તો જોવામાં આવે છે. આમ થવાના શા કારણો છે ? એમ કેમ બને છે ? તેની વિગતમાં હાલ આપણે ઉતરશું નહીં.

વિકાસનો ઉદ્દેશ વિકાસની પૂરી હદ સુધી પહોંચવાનું હોય છે. વિકાસની પૂરી હદનું નામ મોક્ષ છે. મોક્ષ સુધી પહોંચવું એ ધર્મ કરવાનો ઉદ્દેશ છે.

મોક્ષ એટલે અણવિકાસમાંથી છૂટવું. જેટલે જેટલે અંશે વિકાસ પ્રાપ્ત કરાય અને અણવિકાસમાંથી છૂટાય, તેટલા અંશે નાના નાના, મોક્ષો થતા જાય. અને સંપૂર્ણ મોક્ષ એ છેલ્લો મોક્ષ-જે મોક્ષ પછી મોક્ષ થવાની પરંપરા અટકી જાય. નાના નાના મોક્ષોનું કારણ અને

પરમ મોક્ષનું કારણ તે નાના નાના ધર્મો અને પરમ ધર્મ. મોક્ષ કાર્ય છે, ધર્મ તેનું કારણ છે, સાધન છે.

રત્નત્રયી સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર, ક્ષમાદિ ગુણોનો વિકાસ વિગેરે ધર્મના ઘણાં ઘણાં પ્રતીકો છે.

અર્થાત્ મોક્ષ છે, તેના ઉપાય પણ છે.

અમોક્ષ છે, માટે મોક્ષનું અસ્તિત્વ છે.

અમોક્ષ એટલા માટે છે કે વિજાતીય દ્રવ્યથી મોક્ષ પામનાર દ્રવ્યનું મિશ્રણ થાય છે. કેમકે બન્નેય દ્રવ્યોમાં પરસ્પરની ઉપર અસર કરવાનો કુદરતી સ્વભાવ છે.

બે દ્રવ્યો જીવ અને અજીવ. એટલે કે મુખ્યપણે અહીં પુદ્ગલ દ્રવ્ય લેવાનું છે. બન્નેયમાં પરસ્પરને અસર કરવાનો અને પરસ્પરની અસર ગ્રહણ કરવાનો કુદરતી સ્વભાવ છે, માટે બન્નેનું મિશ્રણ થાય છે.

તેને લીધે આત્મા-જીવ પદાર્થ અજીવ-પુદગલ સાથે જોડાય છે. તે બન્નેયમાં બંધ થાય છે-કર્મો રૂપે પરિણામ પામતા પુદ્ગલ દ્રવ્યોનો બંધ થાય છે. તે કર્મ બંધ થવામાં આત્મા મુખ્ય પ્રેરક દ્રવ્ય છે. માટે તેને કર્મોનો કર્તા કહેવાય છે. અને અણવિકાસમાં-સંસારમાં બંધનમાં રહેવા રૂપ ફળો આત્માને ભોગવવાનો રહે છે, માટે આત્મા કર્મફળોનો ભોકતા છે.

આ કર્તા અને ભોકતાપણામાંથી છૂટવું તેનું નામ મોક્ષ છે અને તેનો ઉપાય-સાધન રત્નત્રયી વિગેરે છે.

સાંસારિક જીવનરૂપે ફળો ભોગવાય છે. તેનું કારણ બંધ છે, અને તેનું કારણ સાંસારિક જીવનની પ્રવૃત્તિરૂપ આશ્રય છે.

પરંતુ કર્તા ભોક્તાપણું, અણવિકાસ અને વિકાસોથી મોક્ષો વિગેરે કોના થાય છે ? કેમકે બે અવસ્થા થઇ. મોક્ષરૂપ અને અમોક્ષરૂપ. એ બન્નેય અવસ્થા એક જ પદાર્થની જુદી જુદી અવસ્થાઓ છે, જુદા જુદા વખતે થનારી છે.

માટે બન્નેય અવસ્થામાં સ્થાયી રહેનાર પદાર્થ હોવો જોઈએ. ક્ષણિક ઉત્પન્ન થઇ નાશ પામનાર પદાર્થમાં જુદા જુદા વખતની બે અવસ્થાઓ ઘટી શકે નહીં.

તે સ્થાયી પદાર્થ તે આત્મદ્રવ્ય છે. અને તે સ્થાયી હોવા છતાં રૂપાન્તર પામવાની યોગ્યતા યુક્ત હોવાથી અસ્થાયી રૂપાન્તરો પણ પામે છે. પરંતુ તે વાત ગૌણ રાખીને અને તેના સ્થાયીપણાને મુખ્ય રાખીને કહી શકાય છે કે આત્મા પદાર્થ જગતમાં છે, તે નિત્ય છે, સદા શાશ્વત છે, અને છતાં તે બીજી અનેક અવસ્થાઓમાં રૂપાન્તર પામી શકે છે, પરિણામ પામી શકે છે.

આમ આત્મા કેવલ કૂટસ્થ નિત્ય બ્રહ્મ રૂપ પણ નથી, અને ક્ષણિક નાશવંત પણ નથી.

૧. જગતમાં ભોક્તાપણાનું દુઃખ છે. ૨. અને તેનું કારણ કર્મ છે. ૩. તેનાથી મોક્ષ થાય છે. ૪. અને રત્નત્રયીની આરાધના વિગેરે તેનાં કારણો છે.

આ ચાર આર્ય સત્યો કહેવાય છે. પરંતુ તેમાં અપૂર્ણતા રહે છે. તેથી તે ચારમાં ૫. આત્મા છે, અને ૬. તે નિત્ય છે, એ બે ઉમેરવાથી છ આર્ય સત્ય બરાબર વ્યવસ્થિત થાય છે.

તેના તત્ત્વજ્ઞાન ઉપર ધર્મ વ્યવસ્થાની આખી ઈમારત ઉભી થાય છે.

આમાં આત્મા છે તો તેની સાથે બંધાનાર પુદ્ગલ અજીવ પણ છે એ અર્થથી ખેંચાઈને આવે છે. અને એ બન્નેયની વિવિધ ઘટનાઓ રૂપ વિશ્વવ્યવસ્થામાં બાકીના ત્રણ-ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ જરૂરના હોવાથી તેનું અસ્તિત્વ પણ અર્થથી ફલિત થઈ જાય છે.

આમ આખી વિશ્વ વ્યવસ્થાની ઇમારત સમજાય છે. પરંતુ એ બધુંય બાજુ ઉપર રાખીને હેય અને ઉપાદેય, જ્ઞેય અને ઉપેક્ષ્ય રૂપ ધર્મ વ્યવસ્થાના પાયામાં આ છ તત્ત્વો-છ સ્થાનો મુખ્ય હોવાથી તે તત્ત્વજ્ઞાન ઉપર ધર્મ વ્યવસ્થાની ઇમારત ખડી છે.

વસ્તુનો સ્વભાવ તે ધર્મ. ધર્મ શબ્દની આ વ્યાખ્યાને અહીં મોક્ષના ઉપાય રૂપ ધર્મમાં ગૌણ સ્થાન છે. અહીં તો ધર્મ એટલે મોક્ષાનુકૂળ આત્મિક વિકાસ એ અર્થ લેવાનો છે. રત્નત્રયીના વિકાસરૂપ વિશ્વમાંની શાશ્વત નિસરણી ધર્મ શબ્દથી લેવાની છે.

અને તે પાંચ આચાર-છ આવશ્યક રૂપ પણ સમજી શકાય તેમ છે. તે શાશ્વત નિસરણીની વ્યવસ્થા, માર્ગાનુસારિતા, સમ્યગ્દર્શન પ્રાપ્તિ, દેશવિરતિ રૂપ શ્રાદ્ધ ધર્મ અને સર્વવિરતિથી શૈલેશીકરણ સુધીનો સર્વવિરતિ રૂપ મુનિધર્મ છે. શાશ્વત ધર્મના મુખ્ય ભાગો આમાં આવી જાય છે.

શાશ્વત ધર્મની તે નિસરણી અનાદિ અનંત કાળથી શાશ્વત છે. શ્રી તીર્થંકર પ્રભુ કેવળ જ્ઞાન પામ્યા બાદ તેનો માત્ર ઉપદેશ આપે છે. તેઓ સ્વયં તે સીડી કરતા નથી, બનાવતા નથી, તેઓ માત્ર તે બતાવે છે.

દ્વિવિધ શાશ્વત ધર્મના ઉપદેશ રૂપી ઉદ્દેશ એ શાસન સંસ્થાના એક અંગની અત્રે વિચારણા કરી.

**બીજું અંગ :** કેવળજ્ઞાની પ્રભુના ઉપદેશથી બન્નેય પ્રકારના ધર્મનું પાલન કરનારા નીકળી આવી પ્રભુના-પ્રભુની આજ્ઞાના-પ્રભુના શાસનના અનુયાયી બને છે.

તે અનુયાયીઓને શાસન સંસ્થાનું આજ્ઞા પ્રમાણે સંચાલન કરવાનું સોંપાય છે.

એટલે અનુયાયી તરીકે તેઓ ૧. ધર્મનું આરાધન કરે, અને ૨. સંચાલક તરીકે શાસનનું સંચાલન કરવાની જવાબદારી અને જોખમદારી ઉપાડે. એમ બે ફરજો અનુયાયીઓ ઉપર આવી પડે છે.

**ત્રીજું અંગ :** એ સંચાલનની ફરજો બજાવનાર તરીકેના કામની સોંપણી ચતુર્વિધ સંઘના જુદા અંગ તરીકે સોંપાય છે. તેમાં ત્યાગી સંઘ અને અગારી સંઘ. ત્યાગીમાં શ્રમણ અને શ્રમણી સંઘો, અને અગારીમાં શ્રાવક અને શ્રાવિકા સંઘ.

શ્રમણોમાં આચાર્ય ઉપાધ્યાય વિગેરે. આચાર્યોમાં ગણધરો અને તેના હાથ નીચેના ગણો અને તેની વ્યવસ્થા વિગેરેની વ્યવસ્થા પ્રભુ કરે છે, અને દરેકને અધિકારો સોંપે છે. તે વાત ગણોની, ગણધરોની અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરવાની વાતમાં બરાબર સૂચિત થઇ જાય છે.

દરેકના શા શા અધિકારો-ફરજો-જવાબદારીઓ અને જોખમદારીઓ છે તે સર્વનો રીતસરનો ઘણો વિસ્તાર છે.

**ચોથું અંગ : શાસ્ત્રો :** જેમાં વિશ્વના મૂળભૂત અને તેના પેટા તત્ત્વો પાંચ અસ્તિકાય, ૭ દ્રવ્યો, નવ તત્ત્વો, પાંચ ભાવો વિગેરે અનેક રીતે વિશ્વ વ્યવસ્થાનું પૃથ્થકરણ સમજાવવામાં આવ્યું હોય છે.

તેમાં આત્મા વિષે આત્મા છે, તે નિત્ય છે, વિગેરે ૭ સ્થાનનું તત્ત્વજ્ઞાન, હેય-ઉપાદેય-જ્ઞેય-ઉપેક્ષ્ય રૂપે તત્ત્વજ્ઞાન વિગેરે સમજાવેલ છે.

તેમાં શાશ્વત ધર્મ, શ્રી સંઘ અને તેના પ્રત્યેક અંગમાં કર્તવ્યો-ફરજો વિગેરે.

અનુયાયી તરીકેની અને શ્રી સંઘના જવાબદારો તરીકેનો ફરજો વિગેરે સમજાવાયેલ છે.

અને શાસન સંસ્થાના બંધારણીય નિયમો સિદ્ધાંતો વિગેરે વિગેરે એક વ્યવસ્થિત સંસ્થાને લગતુ જે કાંઇ વિજ્ઞાન અને કર્તવ્ય હોય છે, તે સર્વ બતાવેલ હોય છે.

ઉપરાંત શાસન સંસ્થાની માલિકીની જે કાંઇ દ્રવ્યરૂપ-ભાવરૂપ તથા સ્થાવર-જંગમ રૂપ મિલ્કતો વિગેરેની વ્યવસ્થા પણ સૂચિત કરાયેલી હોય છે.

તીર્થંકરકલ્પ વિગેરે શાસન સંસ્થાના ઉત્પાદક સંચાલક વિગેરેની ફરજો કલ્પરૂપે અને આત્મ વિકાસના આચારરૂપે બતાવેલ હોય છે.

તે દ્વાદશાંગીનો અર્થથી પ્રભુ ઉપદેશ આપે છે, અને શબ્દોથી ગણધર પ્રભુ તેની રચના કરે છે.

**પાંચમું અંગ : મિલ્કતો :** જ્યારે પાંચ આચાર રૂપ શ્રાવક ધર્મ અને મુનિના ધર્મોની વહેંચણી કરી આપી, એટલે તેના જુદા જુદા અનેક અનુષ્ઠાનો દ્વારા તે આરાધી શકાય છે.

તે અનુષ્ઠાનો પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પાત્રોની યોગ્યતા પ્રમાણે જુદી જુદી રીતે આચરી શકાય છે અને તે જુદાં જુદાં અનુષ્ઠાનોની પણ અનેક વિધિઓ હોય છે. તે વિધિઓમાં ઉપયોગી બાહ્ય અનેક ઉપકરણો સાધનો વિગેરે હોય છે. તે સર્વ ઉપકરણો, સાધનો વિગેરે સ્થાવર જંગમ રૂપે, બાહ્ય દ્રવ્ય સંપત્તિઓ રૂપે, શાસન સંસ્થાની મિલ્કતો રૂપે બની રહે છે. પાંચ આચાર, તેના અનુષ્ઠાનો, તેની આત્માઓમાં યોગ્યતા વિગેરે ભાવ મિલ્કતો બની રહે છે.

તેના રક્ષણ, વર્ધન, વહીવટ, સંચાલન, ઉપયોગ, વપરાશ, વિઘ્નો દૂર કરવા વિગેરેને લગતા નિયમો ઉભા થાય જ. તે બાબત પણ શાસ્ત્રમાં વિવેચન હોય જ.

આ મિલ્કતો ગણાય શાસનની માલિકની અને તેનું સંચાલન વહીવટ વિગેરે કરે શ્રી ચતુર્વિધ સંઘ.

તેમાં પણ શ્રમણો અને શ્રાવકો વચ્ચે જવાબદારી વહેંચાયેલી છે. શ્રમણોમાં પણ આચાર્ય, ઉપાધ્યાય વિગેરેના અધિકારો વહેંચાયેલા રહે, સ્થાનિક સંઘો અને સકળ સંઘો વિગેરેની ફરજો ઠરાવાયેલી રહે.

આ રીતે પાંચ દ્રવ્યો, સાત ક્ષેત્રો, બાર ધર્મ દ્રવ્યો, અને તે દરેકના અનેક અનેક પેટા ખાતાઓ સહજ રીતે ઉપસ્થિત થઇ જાય છે.

હવે આપણે શાસન વિષે વિચાર કરીએ.

આગાઉ આપણે લોકપ્રકાશના જે બે શ્લોકો જોયા છે તેમાં 'તીર્થં પ્રવર્તેત્' એ વાક્ય તદ્દન જુદું પડે છે.

૧. ધર્મનો ઉપદેશ, ૨. શ્રી સંઘની સ્થાપના, ૩. શ્રી દ્વાદશાંગીનું અર્થાપન અને ત્રણેય કરતાં 'તીર્થં પ્રવર્તેત્' એ વાક્ય જાુદું પડે છે અને તેને મુખ્ય સ્થાન અપાયેલું છે.

તીર્થ એટલે શાસન સંસ્થા સમજવાની છે, એમ સ્પષ્ટ સમજી શકાય છે.

તીર્થ શબ્દ સંસ્થા અર્થમાં ઘણે ઠેકાણે વપરાયેલો હોય છે. 'રાજ્યે તીર્થોમાં ધન ખર્ચવું. એ ઠેકાણે તીર્થ એટલે સંસ્કૃતિપોષક સંસ્થાઓ એવો અર્થ છે. અને દિગંબરાચાર્ય શ્રી સોમપ્રભાચાર્યના રચાયેલા નીતિવાક્યામૃત નામના રાજ્યનીતિના ગ્રંથમાં એ શબ્દ એ અર્થમાં વપરાયેલ છે.

તીર્થંકર શબ્દમાં પણ તીર્થને એટલે કે શાસન નામની સંસ્થાના કરનારા-સ્થાપનારા એ અર્થ થાય છે. કેમ કે આગમો તો તીર્થંકર પ્રભુઓ રચતા નથી, પ્રવર્તાવતા નથી. તેવી જ રીતે શાશ્વત ધર્મ કરાતો નથી, તે ઉપદેશાય છે. એટલે તીર્થ એટલે શાસન એમ સ્પષ્ટ સમજી શકાય છે.

'ધમ્મતિત્થયરે' શબ્દમાં પણ ધર્મપ્રવર્તક શાસનના કરનારા-સ્થાપનારા, ધર્મને માટેના શાસનના કરનારા-સ્થાપનારા એ અર્થ બરાબર બંધબેસતો થાય છે.

સંઘના સ્થાપનારા હોવાની અને દ્વાદશાંગીની અર્થાપના કરવાની વાત સ્પષ્ટ રીતે જ જુદી આવી છે. આથી તીર્થ એ સંસ્થા રૂપી જુદી જ વસ્તુ છે.

'નમો તિત્થસ્સ' એ વાક્યમાં પણ શાસનરૂપ સંસ્થા વધારે બંધ બેસે છે.

ઉપચારથી શ્રી સંઘને, શાસ્ત્રોને, ધર્મને, શાસનની મિલ્કતોને પણ તીર્થ શબ્દ લાગુ કરી શકાય છે. કેમકે તેનો પરસ્પરનો સંબંધ હોય છે. તે તે શબ્દને મુખ્ય કરીને બીજાઓને ઉપચારથી તે શબ્દથી બોલાવી શકાય છે.

એ જ પ્રમાણે સંઘ શબ્દ-ધર્મ શબ્દ વિગેરે પણ શાસ્ત્ર શાસન વિગેરે અર્થમાં વપરાયેલા મળે છે.

એ જ પ્રમાણે પ્રવચન શબ્દ ધર્મ અર્થમાં-સંઘ અર્થમાં-શાસ્ત્ર અર્થમાં-શાસન અર્થમાં પણ વપરાય છે.

પ્રવચન સંઘ વખાણીયેજી.

પ્રવચન શાસ્ત્ર, આગમ વિગેરે.

પ્રવચન વત્સલત્વ, પ્રવચન ઉકાહ, પ્રવચનની હિલના, પ્રવચન પ્રભાવના વિગેરે શબ્દોમાં શાસન અર્થમાં પ્રવચન શબ્દ છે.

શ્રી ઉપદેશમાળા વિગેરેમાં ઘણે ઠેકાણે પ્રવચન શબ્દ શાસન સંસ્થા અર્થમાં વપરાયેલ છે. બીજા પણ ઘણાં પ્રમાણ મળે છે.

શાસનદેવ-દેવી, પ્રવચન દેવી વિગેરેમાં પણ શાસન સંસ્થાના દેવ-દેવી અર્થમાં પ્રવચન શબ્દ છે. શ્રુતદેવી કરતાં શાસનદેવી અલગ હોય છે. દીક્ષા વિગેરે વિધિઓમાં શ્રુતદેવી અને પ્રવચન શાસનદેવીના કાઉસ્સગ્ગ અલગ અલગ આવે છે. જો કે કોઇક ઠેકાણે શ્રુતદેવી શાસનદેવી તરીકે ગણાયેલ છે જેમ કે 'કલ્લાણ કંદં' અને 'સંસાર દાવાનલ' સ્તુતિ વિગેરેમાં. છતાં શ્રુતદેવી અને શ્રી સિદ્ધાયિકા વિગેરે શાસન દેવીઓ જુદાં જુદાં છે, શ્રુતદેવીને શાસન દેવી તરીકે ગણાવાયેલ છે, પરંતુ શાસનદેવીઓને શ્રુતદેવીઓ તરીકે ગણેલ નથી.

તીર્થંકર, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, ગણધર, પ્રવચન, શ્રુત પ્રવચન વિગેરે જયાં સૂચવાયેલા છે, તેવા શાસ્ત્રવાક્યોમાં પ્રવચન શબ્દ શાસન અર્થમાં છે.

શાસન-અનુશાસન એ શબ્દો પણ બંધારણીય વ્યવસ્થા અર્થમાં વપરાય એ સ્પષ્ટ છે.

શાસન વ્યવસ્થાતંત્ર છે. રાજ્યશાસન એટલે રાજ્ય વ્યવસ્થા તંત્ર, ધર્મશાસન એટલે ધર્મવ્યવસ્થા તંત્ર, અને વ્યવસ્થા તંત્ર બંધારણ વિના તે સંભવે નહિ.

જુદા જુદા નામે જુદા જુદા ધર્મો જગતમાં પ્રસિધ્ધ છે. તે શબ્દોના પણ મુખ્ય અર્થ તો ધર્મસંસ્થાઓ, ધર્મશાસનો, ધર્મ તીર્થો એવા છે. એ ઉપરથી અન્ય તિર્થિક સ્વતિર્થિક વિગેરે શબ્દો પણ પ્રચલિત છે.

શાસનનો વિચ્છેદ એ શબ્દમાં પણ ધર્મ વ્યવસ્થા તંત્રનો વિચ્છેદ એ અર્થ છે.

તત્ત્વજ્ઞાન અને આચાર રૂપ ધર્મ પણ શાસન સંસ્થા દ્વારા લોકોને પ્રાપ્ત થઇ શકે છે. અને એ દ્વારા જ તેની આરાધના સુલભ થાય છે.

શ્રી મરૂદેવા માતા અતીર્થ સિદ્ધ થયા તેનો અર્થ પણ એજ કે તેઓ તીર્થની એટલે કે શાસનની સ્થાપના થયા પહેલાં મોક્ષ માર્ગમાં ગયા.

શ્રી ઋષભદેવ પ્રભુ પણ શરૂઆતમાં નમો તિત્થસ્સ કહીને સમવસરણમાં બિરાજમાન થયા. ત્યારે તેમણે હજુ શાસન સ્થાપ્યું પણ નહોતું, છતાં શાસન એ પ્રવાહથી અનંતકાલીન છે, અને તેથી તેમણે તે શાસનને નમસ્કાર કર્યો હોવાનું માનવું રહ્યું. પૂર્વના ઘણા ભવોમાં શાસનનો આશ્રય લઇને તેઓ તીર્થંકર પ્રભુ બન્યા છે, અને માટે તે શાસનને નમસ્કાર કરવામાં આવે છે. કેમ કે શાસનના આશ્રય વિના જીવોને મોટે ભાગે ધર્મની પ્રાપ્ત થતી નથી. મંદિર, પ્રતિમા, સાધુ મહારાજ, શાસન ઉપદેશ વિગેરે પણ શક્ય હોય તો જ સંભવે. પ્રથમ ધર્મ પ્રાપ્તિ પણ શાસનના આશ્રયે જ થાય.

માટે તે એક જ જગતમાં મહાકલ્યાણકર અજોડ કલ્પવૃક્ષ સમાન હોવાથી મુખ્યપણે તેને નમસ્કાર થાય છે.

યદ્યપિ પૂર્વાચાર્ય મહારાજાઓએ પણ ઘણે ઠેકાણે શાસન, પ્રવચન, તીર્થ શબ્દોના અર્થ શ્રી સંઘ, શાસ્ત્ર વિગેરે કરેલા છે, અને તેથી 'નમો તિથ્થસ્સ' શબ્દનો અર્થ શ્રી સંઘને નમસ્કાર એવો કરેલો છે. પરંતુ ત્યાં તીર્થ અને સંઘનો અભેદ કરીને એવો અર્થ કર્યાનું સંભવે છે, કેમકે શાસનના સંચાલનની સર્વ જવાબદારી શ્રી સંઘની છે.

મ્યુનિસીપાલીટીના ચેરમેનનો હુકમ તે મ્યુનિસીપાલીટીની સંસ્થાનો જ હુકમ હોય છે, પછી ભલે તે ચેરમેન કલાક પછી બદલાઈ જાય. પરંતુ તેનો હુકમ મ્યુ. સંસ્થા કાયમ રાખે છે. તેથી સંસ્થા અને તેના સંચાલકનો અભેદ કરીને ચાલતો વ્યવહાર તો પ્રસિદ્ધ જ છે.

આ ઉપરથી શાસન, પ્રવચન તીર્થ, ધર્મ તીર્થ એ સંસ્થારૂપ જુદું છે અને શાશ્વત ધર્મ, સંઘ, શાસ્ત્ર, મિલ્કતો વિગેરે જુદાં છે એમ સ્પષ્ટ સમજાય છે. છતાં એકબીજા જુદા જુદા સંબંધોથી જોડાયેલાં હોવાથી નયભેદથી અને ઉપચારથી પરસ્પર મળેલા અભેદરૂપ પણ હોય છે.

જેમકે--

૧. શ્રી તીર્થંકર પ્રભુ ધર્મના - શાસનના સ્થાપક તરીકે સ્વતંત્ર વ્યક્તિ છે.

૨. તે જ પ્રમાણે શ્રી શ્રમણ સંઘમાં તેઓશ્રીનો સંચાલક તરીકે પણ સમાવેશ થાય છે. અને તેથી શાસન સંસ્થાના એક સંચાલક અંગમાં તેઓશ્રીનું સ્થાન છે.

૩. તેઓ આજ્ઞાકારી ધર્મ ચક્રવર્તી તરીકે છે અને ગણધર પ્રભુઓ દિવાન-પ્રધાન-મંત્રી તરીકે છે.

૪. એજ તીર્થંકર પ્રભુ સાધુ શ્રાવક ધર્મમાં દેવ ગુરૂ ધર્મની આરાધનામાં દેવ તરીકે આરાધ્ય છે.

૫. દર્શનાચારમાં શાસન પ્રભાવક તરીકે, શાસનોત્પાદક તરીકે, શાસનના દરેક કાર્યોમાં દર્શન શુધ્ધિની દ્રષ્ટિથી આગળ રાખવા યોગ્ય છે.

૬. શાસન સંસ્થાના રાજા તરીકે છે.

૭. બીજી રીતે શ્રી શાસન સંસ્થામાં શ્રી સંઘ દ્વારા સુરક્ષ્ય પણ છે. તેમનું કોઈ બુરુ ચિંતવી ન શકે, તેમનું કોઈ અપમાન ન કરી શકે, તેને માટે શાસન સંસ્થા દ્વારા તેનો સંચાલક શ્રી સંઘ સજાગ રહે.

૮. મહાસનાતન તીર્થના પ્રભુ પણ અનુયાયી હોય છે.

૯. શ્રી જિન પ્રતિમા

अ. દેવ તરીકે પૂજ્ય,

आ. દેવ તરીકે આરાધ્ય,

इ. શ્રી શાસનની મિલ્કત તરીકે શ્રી સંઘને રક્ષ્ય,

ई. સાતક્ષેત્રમાંની શ્રી જૈનશાસનની મિલ્કત

उ. લેપ વિગેરેથી રક્ષ્ય એક ધર્મોપકરણ

ऊ. તત્ત્વજ્ઞાન દૃષ્ટિથી સ્થાપના નિક્ષેપે તીર્થંકર દેવ. એ પ્રમાણે દરેકની સાથે અનેક નયોની અર્પણ અનર્પણા લાગુ હોય છે. જેનો ઘણો વિસ્તાર થાય તેમ છે. એજ પ્રમાણે મુનિ, આચાર્ય, શાસ્ત્રો વિગેરે વિષે સમજવાનું છે.

**શાસન બંધારણનાં મૂળ તત્ત્વો :-** શાસન સંસ્થાનું બંધારણ મૂળ પ્રભુની આજ્ઞા છે. ઉત્સર્ગ, અપવાદ વિગેરે પ્રકારની આજ્ઞા છે. અનુયાયીના મત ઉપર બંધારણનો આધાર નથી. અનુયાયીઓના આજ્ઞાનુસાર અભિપ્રાયને સ્થાન છે, પરંતુ અંગત મતને સ્થાન નથી. અનુયાયીઓ સભ્ય કે સદસ્ય નથી, અનુયાયી ઉપાસક - શિષ્યો છે. તેથી તેઓના અંગત મતને સ્થાન ન હોય એ સ્વાભાવિક છે.

તીર્થંકર મહાજનોની આજ્ઞામાં શ્રી ગણધરો, આચાર્યો વિગેરે મહાજનો તેમના પ્રતિનિધિઓ સમજવા.

તેઓની આજ્ઞામાં અન્ય સાધુ સાધ્વી મહાજનો.

તેઓની આજ્ઞામાં સ્થાનિક શ્રાવક મહાજનો, અને તેઓની આજ્ઞામાં સ્થાનિક ગામો અને શહેરોના અનુયાયી અને દોરવણી આપનારા નગરશેઠો, જગતશેઠો અને સંઘના અગ્રણીઓ વિગેરે, ચક્રવર્તીરાજા, શરાફો અને સમાજ તથા કુટુંબના અગ્રેસરો વિગેરે.

આ પ્રમાણે ઉપરથી પ્રતિનિધિત્વ ગોઠવાયેલું છે. મહાપુરૂષોએ ઉત્તમ સિધ્ધિ પ્રાપ્ત કર્યા પછી તેનો બીજા જીવોને લાભ આપવા શાસન સ્થાપીને વિનિયોગ કર્યો છે.

તેનો અમલ ધર્મગુરૂ વિગેરે દરેક મહાજન કરાવે છે.

તેમાં નિઃસ્વાર્થભાવે સર્વનું કલ્યાણ સમાયેલું છે. સર્વજ્ઞપણાથી ગોઠવાયેલી એ વ્યવસ્થા જ એવી છે કે તે પ્રમાણે વર્તવાથી બીજા દોષો વચ્ચે વિઘ્ન કરવા છતાં એકંદર સર્વનું હિત જ થાય.

પોતાના એકના જ અંગત સ્વાર્થ માટે જગતની શ્વેત પ્રજાએ આજ્ઞાશાસનની સામે ડેમોક્રેસી-લોકશાસનની વ્યવસ્થા વ્યાપક કરી છે. મોટા ખર્ચે પોતાનું શિક્ષણ આપી તે તે દેશના લોકોને લોકશાસનની પદ્ધતિનું શાસન ચલાવવા તૈયાર કરાય છે, અને તેવાઓનો ઉપયોગ લોકશાસનને વ્યાપક કરવામાં કરાય છે. જેમ જેમ લોકશાસન વ્યાપક થતું જાય, તેમ તેમ એકંદર પ્રજાને હિત કરનાર આજ્ઞાશાસન જોખમમાં મૂકાતું જાય, અને પ્રજા નિરાધાર બનતી જાય.

લોકશાસનનું નેતૃત્વ શ્વેત આગેવાનોના હાથમાં હોવાથી, આજ્ઞાશાસન તૂટી પડતાં તમામ માનવોના તમામ પ્રકારના જીવન તત્વો ઉપર સંપૂર્ણ

રીતે શ્વેત પ્રજાજનોનો કાબુ, સત્તા, માલિકી, અધિકાર સ્થાપિત થતા જાય.

અને સૂક્ષ્મ રહસ્ય એ છે કે આજ્ઞાશાસન ઉડાડી દેવા માટે લોકશાસન સ્થાપવામાં આવ્યું છે.

આજ્ઞાપ્રધાન વ્યવસ્થામાં યોગ્યતા પ્રમાણે ઘટતી રીતે સૌનું કલ્યાણ ગોઠવાયેલું છે. ત્યારે લોકશાસન વ્યવસ્થા માત્ર કામચલાઉ અને દેખાવ પૂરતી છે. તેમાં બીજી અનેક પ્રજાઓના અકલ્યાણ સાથે પરિણામે એકજ પ્રજાનો સ્વાર્થ ગોઠવાયેલો છે.

આ ઉપરથી શાસન એટલે બંધારણીય વ્યવસ્થા તંત્ર એ મુખ્ય અર્થ નક્કી થાય છે.

**બીજાં શાસનો :** રાજ્યશાસનો, આર્થિક શાસનો, સામાજિક શાસનો અને સંપૂર્ણ માનવી પ્રજાનાં શાસનો પણ આજ્ઞા ઉપર નિર્ભર હોવાથી તેઓના સંચાલકોને ખસેડીને લોકશાસનને નામે બહારનું શાસન પ્રવેશાવવામાં આવે છે.

ધર્મગુરૂઓ, મહાજનો, રાજાઓ, સામાજિક આગેવાનો, કુટુંબના આગેવાનો વિગેરે આજ્ઞાપ્રધાન બંધારણનો અમલ કરાવનારાઓને દૂર કરવા માટે વ્યક્તિવાર મતાધિકાર આપવામાં આવ્યો છે. ચૂંટણી, મતાધિકાર, ડેમોક્રેસી વિગેરે જાળ માત્ર છે. મતાધિકાર દ્વારા સાંસ્કૃતિક આગેવાનોની જગ્યાએ લોકશાસન અને તેના સંચાલકોને ગોઠવવાની યુક્તિ છે.

માટે આજ્ઞાશાસનને ચુસ્તપણે વળગી રહેવામાં જ પ્રજાનું શ્રેય છે.

**સંસ્થા અને બંધારણ :** કોઈ પણ કાર્ય સંસ્થા વિના સ્થાયિ અમલમાં લાવી ન શકાય અને બંધારણ વિના સંસ્થા સંભવે નહીં. કેમકે સંચાલકો બંધારણ વિના સંસ્થા ચલાવે શી રીતે ?

વ્યક્તિ સાથે બીજી વ્યક્તિ કોઈપણ એક ઉદ્દેશથી જોડાય કે તુરંત સંસ્થા ઉત્પન્ન થઈ જાય છે. ગુરૂ અને શિષ્ય, રાજા અને મંત્રી, પિતા અને પુત્ર, પુરુષ અને સ્ત્રી, ધની અને ધનાપેક્ષી વિગેરે વિગેરેથી અનેક સંસ્થાઓ જન્મ પામે છે. કોઈ વાર એક વ્યક્તિથી પણ સંસ્થા ચાલે છે. દુકાનદાર એક હોય તો પણ સંસ્થા ચાલે છે. પરંતુ દરેકમાં પાંચ અંગ તો હોય જ છે. જેમકે દુકાનમાં ૧. દુકાન સંસ્થા, ૨. કમાણી કરવાનો ઉદ્દેશ, ૩. સંચાલક દુકાનદાર, ૪. માલ ખરીદી, વેચાણ, નાણાંની લેવડ દેવડ, તોલ વિગેરે નિયમો અને ૫. મૂડી. એમ પાંચ અંગ વિના ઉદ્દેશની સફળતા ન જ થાય.

બંધારણના કેટલાંક તત્ત્વો કુદરતને આધીન હોય છે, કેટલાક સંચાલકો માટેના હોય છે. કેટલાક ઉદ્દેશ અને પરિણામ સાથે સંબંધ રાખતા હોય છે. કેટલાક પ્રચારક નિયમો હોય છે. કેટલાક રક્ષક ને વિઘ્નોથી બચવા માટેના હોય છે. કેટલાક બીજાને લાભ આપવાના, બીજા સાથે સંબંધ બાંધવાને લગતા હોય છે. કેટલાક મૂડી અને મિલ્કતોના રક્ષણ વહીવટ, સંચાલન, વૃદ્ધિ વિગેરેને લગતા નિયમો હોય છે.

લગભગ નિયમો નીચે પ્રમાણેની બાબતોને લગતા હોય છે.

ઉદ્દેશ, સાધ્ય, હેતુ, પરિણામ, પ્રયોજન, પ્રચારકો, આંતરિક વહીવટ, બહારનો વહીવટ, સત્તાધીશો, અધિકારીઓ, કર્મચારીઓ, સહાયકો, સંસ્થાના ઉત્પાદકો, સ્થાપનના સ્થળકાળ, સત્તાઓની મર્યાદાઓ, અધિકારીઓની ફરજો, કાયમી નિયમો, કામચલાઉ નિયમો, સ્થાવર જંગમ મિલ્કતો, સભ્યો, પ્રતિનિધિત્વ, પ્રવેશક નિયમો, બહિષ્કારના નિયમો, શિસ્તભંગની

શિક્ષાના નિયમો, બીજી સંસ્થાઓ સાથેના સંબંધત્વ નિયમો, તેનાથી જુદા પડવાના નિયમો, અપવાદ નિયમો, વિધિ નિયમો વિગેરે વિગેરે સંખ્યાબંધ નિયમોનો સંસ્થા અને તેના બંધારણ સાથે અનિવાર્ય સંબંધ હોય છે. આ કારણે તેનું એક વિશાળ સાહિત્ય બની શકે છે.

આથી સમજી શકાશે કે દ્વાદશાંગી ઘણું જ વિશાળ શાસ્ત્ર છે.

શ્રી વ્યવહાર સુત્રમાં પાંચ વ્યવહાર, વ્યવહાર્ય, અને વ્યવહાર કરનાર વિષે વિસ્તારથી સમજાવ્યું છે. પાંચ પ્રકારના બંધારણો, નિયમો, પેટા નિયમો વિગેરેથી ભરપૂર વ્યવસ્થિત બંધારણ અને જૈન કાયદા તથા કાયદાશાસ્ત્ર હોય તેમ જણાઈ આવે છે.

☆ ☆ ☆ ☆

# ૫. વર્તમાન જૈનશાસનની ઉત્પત્તિ અને પ્રવાહ

૧. પેટી બનાવનાર સુતાર પેટીનું સ્વરૂપ મનમાં કલ્પી રાખીને પ્રથમ તેના નાના મોટા અંગો તૈયાર કરે છે. પછી દરેક અવયવોને જોડી ને આખી પેટી બરાબર સાંગોપાંગ તૈયાર કરે છે. સાંકળ, નકુચા, મીજાગરા વગેરે જોડી રંગીને ગ્રાહક આગળ સુરેખ પેટી રજુ કરે છે.

તેમ શ્રી ઋષભદેવ પ્રભુ પ્રથમ અર્થ અને કામ પુરુષાર્થ, અને તેમાં બાહ્ય બળનું જરૂર પૂરતું નિયંત્રણ રાખી મર્યાદાઓ જળવાવનાર રાજ્યતંત્રને ધર્મપુરુષાર્થના વ્યવસ્થિત માર્ગાનુસારિ પ્રાથમિક અંગો તરીકે તૈયાર કરે છે. શિલ્પાદિક ધંધાઓ, કામ પુરુષાર્થમાં સદાચારનું રક્ષણ કરનાર વિવાહાદિક આચારની નિયામક સામાજિક વ્યવસ્થા વિગેરેની વ્યવસ્થા સ્થાપે છે.

અને મુનિપણે દિક્ષિત થયા બાદ મોક્ષના અનન્ય કારણરૂપ ધર્મપુરુષાર્થના પાંચેય અંગો રૂપ સંસ્કૃતિનો મુખ્ય આત્મા જોડી દઇ ચાર પુરુષાર્થની સંપૂર્ણ જીવનવ્યવસ્થા લોકોમાં અમલમાં લાવી દે છે. તેના પેટામાં તમામ ધંધાઓ, કારીગરીઓ, પુરુષોની બહોંતેર અને સ્ત્રીઓની ચોસઠ કળાઓનું સાંગોપાંગ શિક્ષણ, ૧૮ લીપીઓ, ભાષાઓ, વિવાહ વિગેરે જીવન ઘડતરના પ્રસંગો, રાજ્યના સર્વ અંગો વિગેરેનું શિક્ષણ આપે છે.

૨. આ સર્વ કરવામાં તેઓનું પૂર્વ ભવનું જ્ઞાન કામ આવે છે. સંસ્કૃતિબધ્ધ દેશમાં પૂર્વભવમાં જીવન જીવવાથી સર્વ પ્રકારનું અનુભવ જ્ઞાન તેમને મળેલું હતું. આત્મા અને તેના ૭ સ્થાનોનું તત્ત્વજ્ઞાન તેમના ધ્યાનમાં હતું. કારણકે મતિજ્ઞાન, શ્રુત-જ્ઞાન, અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન તેમને પૂર્વભવથી સાથે જ આવેલા હોવાથી તેમને જન્મથી જ

હતાં. એટલે જ તેઓ માનવ જીવન માટે એક સુરેખ જીવનવ્યવસ્થા ઉપજાવી શકયા હતા.

૩. જો તેઓએ આમ ન કર્યું હોત, તો દિવસે દિવસે કથળતી જતી લોકોની નીતિ મહા અન્યાય અને મહા અનર્થ નિપજાવત. સુલેહ, શાંતિ, વ્યવસ્થા, મર્યાદાઓ વિગેરે રહી શકત જ નહીં. આ સ્થિતિમાંથી ઉગારી લેવા એ મહાત્મા પુરૂષોનું કામ છે. તેઓ સિવાય આવડી મોટીગોઠવણ કોણ કરી શકે ?

૪. જો કે આ સર્વ પ્રવૃત્તિઓમાં દેખીતી રીતે હિંસા, આરંભ, ઉથલપાથલ વિગેરે જોડાયેલાં છે જ. છતાં તે વ્યવસ્થા કર્યા વિના જે મહા અવ્યવસ્થા, હિંસા, ચોરી, મારામારી, વ્યભિચાર, લૂંટ વિગેરે ભયંકર અવ્યવસ્થા હોત, અને તેમાં જે હિંસા વિગેરે પ્રવર્તત, તેની અપેક્ષાએ ઘણી જ ઓછી હિંસા અને આરંભ સમારંભ વિગેરે આ વ્યવસ્થામાં રહે છે. માટે એટલે અંશે ધર્મ થાય છે.

કુળવ્યવસ્થા, ગ્રામ-નગર વિગેરેની વ્યવસ્થા વિગેરે પણ સ્થાપિત કરે છે. ચક્રવર્તીની રાજ્યવ્યવસ્થા તેમના પુત્ર ભરત ચક્રવર્તી કરે છે. જેથી બીજા દેશોના ત્રણ કાળમાં સ્થાયી છે. માટે તેનું નામ શાશ્વતધર્મ, સનાતન ધર્મ-જે નામ આપવું હોય તે આપી શકાય.

'ધમ્મો વડ્ઢઉ સાસઓ' - અર્થાત્ શાશ્વત ધર્મ વૃદ્ધિ પામો.

પરંતુ આ શાશ્વત ધર્મ એક સિદ્ધાંતિક આદર્શરૂપ છે. ધર્મ એ વિશ્વમાં એક સ્વતંત્ર પદાર્થ રૂપે પણ કહી શકાય, તેમ એક વસ્તુરૂપે પણ છે. તેના ઉપદેશક, પ્રચારકના નામ ઉપરથી પણ તેના ધર્મ તરીકે તે પ્રસિદ્ધ થાય છે. ધર્મ એકાએક અમલમાં આવી શકતો નથી. તેથી તેને માટે વ્યવહારિક યોજનાઓની જરૂર પડે છે. તેના માટેની સંસ્થા, તેના સંચાલકો, તેના માર્ગદર્શક શાસ્ત્રો તથા ધર્મ સહાયક વિવિધ પ્રકારનાં બાહ્ય તથા અભ્યંતર સાધનો રૂપ સંપત્તિઓની જરૂર પડે છે.

જુદા જુદા તીર્થંકરો જૈનશાસન નામની બંધારણીય સંસ્થાને વખતોવખત સ્થાપિત કરે છે, અને તે મારફત શાશ્વતધર્મ લોકોને ગ્રાહય બને છે. તેમાંથી જુદા જુદા અનેક નાના મોટા ધર્મશાસનો જગતમાં ફેલાયા છે. અને તે દરેક ઓછે વધતે અંશે શાશ્વત ધર્મમાંથી જ કેટલાક સિદ્ધાંતો લઈને અસ્તિત્વમાં આવતા હોય છે.

આવાં ધર્મશાસનો પ્રાગતિક નથી હોતાં પરંતુ તે સાંસ્કૃતિક આદર્શો ધરાવનારા હોય છે પરસ્પર ઘણી બાબતોમાં સમન્વય પણ ધરાવે છે. જે કાંઈ ભેદ છે તે સંજોગવશ તથા કાળાંતરે ફેલાયેલા થોડા ઘણા અજ્ઞાનને કારણે હોય છે. પણ તે દરેકમાં સદ્તત્વો જ્યાં હોય તે સર્વનો સમન્વય પણ છે. અને એ સમન્વય ભારતનાં ધર્મગુરૂ મહાજનો ચલાવી રહી સર્વને ધર્મમાર્ગમાં-સંસ્કૃતિના માર્ગમાં રાખી રહ્યા હોય છે.

અને તેના સ્થાનિક અનુયાયી આગેવાન મહાજનો પણ એજ કામ કરતા હોય છે તેની સામે શ્વેત પ્રજા કોન્ગ્રેસ વિગેરે બહુમતવાદની સંસ્થાઓ સ્થાપીને પ્રાગતિક જીવનધોરણને પ્રચાર કરી વેગ અપાવી રહેલ છે હવે તેના પ્રાગતિક બળો ધર્મગુરૂઓ-ધર્મસંસ્થાઓ ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કરી વધુ છિન્નભિન્ન ભવિષ્યમાં કરવા માટે રાજ્યતંત્ર દ્વારા ગોઠવણ કરી રહયા છે.

હાલના ધાર્મિક ટ્રસ્ટ બીલો, યુનેસ્કો, ધાર્મિક કમિશનો નીમવા વિગેરેનો આજ ઉદ્દેશ છે. બીજો કોઈ પણ ઉદ્દેશ સાબિત કરી શકાય તેમ નથી. વિદેશીય સત્તાએ ધર્મપ્રધાન સંસ્કૃતિમાં છેલ્લા પાંચસો વર્ષોમાં અનેક ડખલો કરીને ધર્મને અનેક રીતે હાનિ પહોંચાડી છે. તે હાનિને મૂળ ભૂમિકા રૂપે રાખીને અને સામાન્ય પ્રશ્નની આગળ તે ખામીઓની જાહેરાત કરીને, સામાન્ય પ્રજાને ધર્મ અને સંસ્કૃતિના આગેવાનો સામે ઉશ્કેરાયેલા રાખવામાં આવે છે. અને તેના આધારે રાજ્યતંત્ર ધર્મતંત્ર ઉપર ભરડો લેવાની તક લઈ શંકે છે.

ખરી રીતે તો બહારના લોકોની ડખલથી કૃત્રિમ રીતે આવેલી ખામીઓને દૂર કરીને ધર્મતંત્રને સુવ્યવસ્થિત ચાલવા દેવાની, અને વિઘ્નો દૂર કરવાની માગણી થયે જરૂરી સહાય કરવાની રાજ્યની ફરજ હોય છે. તેને બદલે ખામીઓ આગળ કરીને કબજો કરી સીધે સીધો હસ્તક્ષેપ કરવામાં આવે છે, જે મહા અન્યાય રૂપ છે. તેને આડકતરા જુલ્મ શિવાય બીજું શું કહી શકાય ? તેમાં ન્યાયનો અંશ પણ શી રીતે સંભવી શકે ?

'આ જાતની આજની આંતરરાષ્ટ્રીય યોજનાઓ અને તેને પગલે ચાલી ભારતના વર્તમાન તંત્રની ગોઠવણ નથી' એમ પ્રમાણિકપણે સાચા પુરાવાથી કોઈ પણ સાબિત કરી શકે તેમ નથી. એટલું જ નહીં, પરંતુ પ્રમાણિક અને સાચા પુરાવાથી ઉપર જણાવ્યા પ્રમાણેની તમામ ગોઠવણો છે તે પણ બરાબર સાબિત કરી શકાય તેમ છે.

જુદા જુદા નામે જગતના પ્રચલિત ધર્મો અને ધર્મશાસનો છે, ધર્મસંસ્થાઓ છે. શાશ્વત ધર્મમાંથી જુદા જુદા સિદ્ધાંતો અને જુદા જુદા આચારોમાંથી ક્રિયાઓ, ધાર્મિક આચારો, પ્રવૃત્તિઓ વિગેરે તેમાં લીધેલી હોય છે.

અને સ્યાદ્‌વાદમય જૈનધર્મ તે સર્વનો યોગ્ય સમન્વય કરે છે કેમકે સર્વનું મૂળ કેન્દ્ર તે છે. આ પક્ષપાત નથી, સાચી વસ્તુસ્થિતિનું નિરૂપણ છે. સંસ્કૃતિના મૂળ કેન્દ્રમાં પણ જૈનશાસન છે. ભલે તેના અનુયાયીઓ બહારથી થોડા દેખાતા હોય, પરંતુ ઈતર ધર્મ માનનારા પણ અપેક્ષા વિશેષે તેના જ અનુયાયીયો છે.

વર્તમાન રાજ્યતંત્રની રચના પ્રાગતિક આદર્શો ઉપર થયેલ હોવાથી ધર્મક્ષેત્રને માટે તેનું સૌથી વિપરિત પરિણામ એ આવશે કે ધર્મતંત્ર, ધર્મપ્રણેતા, ધર્મગુરૂ, ધર્મશાલી, અને ધાર્મિક સંપત્તિઓ વિગેરે ઉપર

સદા સેવક એવા રાજ્યતંત્રનો સર્વોપરિ માલિકી, હકક તથા સર્વોપરિ સંપૂર્ણ સત્તા અને સર્વાધિકાર સ્થાપિત થશે.

જેમ યોગ્ય લાગે તેમ ક્રમે ક્રમે પ્રાગતિક પરિવર્તનો ધર્મક્ષેત્રમાં રાજ્યતંત્ર કરતું જશે. જો કે તે સર્વ એકાએક બનવાનું નથી. પરંતુ ક્રમે ક્રમે પરિસ્થિતિનો અભ્યાસ કરીને પક્ષ બળ મેળવીને કાયદો કરતા જઇ તેની મર્યાદા બંધાતી રહેશે. જ્યાંસુધી નવા તબકકાનો કાયદો કરવાનો પ્રસંગ ન આવે ત્યાં સુધી થયેલી કાયદાની મર્યાદા ઓળગવામાં ન આવે.

પરંતુ તબકકો બદલાય એટલે આગળના તબકકાનો વ્યાપક કાયદો થાય અને ધર્મ ઉપર વધારે આક્રમણ આવે એમ વખતો વખત કાયદા કરી આક્રમણ આગળ વધારાતું જવાય.

આમ થવાથી જે ધર્મક્ષેત્ર, જે ધર્મસ્થાપકો, જે પરંપરા, જે ઇતિહાસ, જે બંધારણીય અધિકાર વિગેરે સાથે સંબંધ જોડાયેલો છે, તે સંબંધ તૂટતો જઇ પ્રાગતિક વર્તમાન સાર્વભૌમ રાજ્ય સત્તા સાથે સંબંધ બંધાતો જશે. અને તેનો સંબંધ કોમનવેલ્થ, યુનો દ્વારા બ્રિટિશ પાલમિન્ટ, અને તેના દ્વારા ઠેઠ પોપની સર્વોપરી ગણાતી વિશ્વસત્તા સાથે જોડાયેલો છે.

આમ પરોક્ષપણે પરંપરાએ ગુઢપણે જોડાયેલા નવા સંબંધો સાથે ભારતના ધર્મોના બંધારણીય રીતે સંબંધો બાંધવાથી પાછળની આખી સાંસ્કૃતિક પરંપરા સાથેના સંબંધો કપાઇ જશે.

અનાર્ય વિગેરે લોકો પણ સંસ્કૃતિનું યથાશક્ય પાલન કરે, અને તેની મર્યાદાઓનો ભંગ ન કરી શકે, તથા સાંસ્કૃતિક જીવનનું વ્યાપક રીતે સંચાલન થતું રહે.

૫. આ કાર્ય તીર્થંકર તરીકેનું પણ છે. શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ કહ્યું કે 'તેઓનું તીર્થંકર નામકર્મ આ રીતે સફળ થાય છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ જ્યારે ધર્મશાસન સ્થાપે છે, ત્યારે તે સર્વશાસનો તેના પેટામાં સમાઇ જાય છે. ધર્મશાસનના અંગમાં સામાજિક શાસન, આર્થિક શાસન, રાજ્ય શાસન વિગેરે સમાઈ જાય છે, અને તે સર્વ તીર્થંકર નામકર્મના ઉદય તરીકે થાય છે.

આ શિવાય વ્યવસ્થા કરવાનો બીજો કોઇ ઉપાય જ નહોતો. આ ચાર પુરૂષાર્થની વ્યવસ્થા જ સાંગોપાંગ સારામાં સારો ઉપાય હતો. એમ કરીને વિશ્વ ઉપર તેઓએ મહાનમાં મહાન અનન્ય ઉપકાર સદાને માટે કરેલો છે તેમની રચના કૃત્રિમ નથી, પ્રાકૃતિક બળો સાથે બંધબેસતી છે. કષ, છેદ, તાપ અને તોડનને સહન કરનારી છે.

૬. ત્યાર પછીના તીર્થંકરોએ પણ મહા ધર્મશાસનો સ્થાપવા સાથે જ ચાર પુરૂષાર્થની સંસ્કૃતિને જ વ્યવસ્થિત કરી છે. કેમકે ધર્મ પુરૂષાર્થ વ્યવસ્થિત થાય એટલે બીજા પુરૂષાર્થો સહજ રીતે જ વ્યવસ્થિત થાય. જેથી ન્યાય, નીતિ, સદાચાર, અહિંસા, સત્ય વિગેરે ગુણો પ્રવર્તે. હેત, પ્રેમ, સંતોષ, શાંતિ, પરોપકાર, વાત્સલ્ય, દીર્ઘાયુષ્યતા, સુલેહ, સુવ્યવસ્થા વિગેરે સહજ રીતે જ પ્રવર્તે છે.

૭. તીર્થંકર પ્રભુઓને પગલે ચાલીને સંખ્યાતીત ત્યાગી તપસ્વી સંયમી સ્ત્રી પુરૂષ મહાત્માઓ એ સર્વને ટકાવી રાખવામાં જીંદગીભરના અસાધારણ ભોગો આપી પુરૂષાર્થ પાથરે છે. તીર્થંકરોની લોકોત્તર લોકોપકારિતાનો વિનિયોગ આ રીતે વિશ્વભરમાં ફેલાય છે.

૮. જો તીર્થંકરોના ધર્મોપદેશમાંથી અનેક એકાંત અને એક તરફી ધર્મો તથા સંપ્રદાયો નીકળ્યા છે, તેથી જગતને નુકશાન થયુ છે. પરંતુ તેના સાથે જ શાસનની મૂળ શુદ્ધ પરંપરાનું અસ્તિત્વ પણ તેને લીધે

જ છે. તેથી એ દોષો ઢંકાઈ જાય છે, અને જગતની સામે સન્માર્ગ ચમકતો રહે છે એ મોટામાં મોટો જગતને લાભ છે.

જો તીર્થંકરોએ મૌનનો આશ્રય લંઇ ઉપદેશ જ ન આપ્યો હોત, તો જુદા જુદા સંપ્રદાયો કદાચ ન હોત, પરંતુ સાથે જ સન્માર્ગદર્શક શુદ્ધ શાસન પણ ન હોત.

૯. અહીં પ્રશ્ન થશે કે શ્રી ઋષભદેવ આદિ તીર્થંકર પ્રભુઓએ રચના કરી એ વાત જૈનો ભલે માને. પરંતુ બીજા ધર્મવાળાઓ એ વાત શી રીતે કબૂલ રાખે ?

આ પ્રશ્ન વિચારવા જેવો છે. પરંતુ બીજા ધર્મવાળાઓ પણ એક બીજી રીતે સમાજ વ્યવસ્થાના આદિ વ્યવસ્થાપક તરીકે કોઈને સ્વીકારે જ છે. કોઈ પ્રજાપતિ નામ આપે છે, કોઈ શંકર નામ આપે છે. આધુનિક યુરોપિયનોએ લખેલા જગતના ઇતિહાસમાં બાવા આદમ અને ઈવથી માનવ વ્યવસ્થાની શરૂઆત લખી છે. ઈસ્લામ વિગેરે પણ પ્રાયઃ એ વાતનો સ્વીકાર કરે છે. કાળક્રમે જુદા જુદા દેશોની જુદી જુદી પ્રજાઓમાં અને જુદા જુદા ધર્મશાસ્ત્રોમાં જુદા જુદા નામે પણ એક જ વ્યક્તિ હોવાનું કેટલીક રીતે ઠરી શકે છે.

દા. ત.

अ. શ્રીમદ્ ભાગવત પુરાણમાં શ્રી ઋષભદેવ પ્રભુના નાભિરાજા અને મરૂદેવીના પુત્ર તરીકેના ચરિત્રમાં તેમણે કરેલી લોકવ્યવસ્થાનો સંક્ષેપમાં નિર્દેશ છે.

आ. પ્રજાપતિ નામ પણ તેમને ઘટી શકે છે.

इ. શંકર અને શ્રી ઋષભદેવ બન્નેયનું ઋષભધ્વજ નામ સમાન છે. તથા બીજી પણ કેટલીક સમાનતાઓ છે.

ઈ. 'બાવા આદમ અને ઈવ'માં બાવા શબ્દ પ્રાકૃત बप्प બાપા શબ્દ ઉપરથી ઉતરી આવ્યો છે. બાપનો બાપ, બાવા, બાપા વિગેરે જુદી જુદી ભાષાઓમાં રૂપાંતર થયેલા છે.

આદમ શબ્દ આદિમ ઉપરથી ઉતરી આવ્યાનું માનવામાં મુશ્કેલી પડે તેમ નથી.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના સમયમાં ભારત અને ગુજરાતમાં મુસલમાનોનું આવાગમન્ થયેલું હતું. તેથી તેઓ બાવા આદમ અને ઈવને આદિ કર્તા કે વ્યવસ્થાપક જણાવતા હશે. પરંતુ એ આદમ બાવાજી શ્રી ઋષભદેવ શિવાય બીજા કોઈ નથી એમ દૂર દૂરથી પણ સૂચિત કરવા માટે નીચેની સ્તુતિમાં આદિમ શબ્દની યોજના કરી હશે?

આદિમં પૃથિવીનાથં, આદિમં નિષ્પરિગ્રહં ॥

આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિનં સ્તુમઃ ॥

'પહેલા રાજા, પહેલા મુનિ અને પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામિની અમે સ્તુતિ કરીએ છીએ.'

આ શ્લોકમાં આદિમં શબ્દને બદલે પ્રથમં શબ્દ ત્રણેય ઠેકાણે આવી શકત. તેથી છંદ ભંગ થાય તેમ નથી. તેમજ प र અને थ અક્ષરોથી પ્રાસ પણ ઠીક મળત. કેમકે પહેલા પદોમાં प, ऋ, थ છે. ત્રીજા પદોમાં र, थ, છે. છતાં પ્રથમં શબ્દ ન વાપરતાં આદિમં શબ્દ વાપર્યા છે.

ભારતની બહારના લોકો જેને બાવા આદમ તરીકે ઓળખાવે છે, તે આ બાવા આદિમ પહેલા રાજા, મુનિ અને તીર્થસ્થાપક શ્રી ઋષભદેવ પ્રભુ જ છે. એ સંકેત આદિમં શબ્દ વાપરવામાં કેમ સૂચિત ન કર્યો હોય !

આધુનિક સંશોધકો પ્રથમ માનવો જંગલી હાલતમાં હતા અને પછી ધીમે ધીમે સુધર્યા છે એમ બતાવે છે. પત્થર યુગ, લોક યુગ વિગેરે અને મળી આવેલા પ્રાચીન કાળના સાધનો, માનવી હાડપિંજરો તથા બીજાં અવયવો ઉપરથી એમ સમજાય છે. તે ઉપરથી એટલું નક્કી થાય છે કે આજના કરતાં મોટાં માનવ શરીરો પ્રાચીન કાળમાં સંભવિત હતા. બીજા પ્રદેશોમાં જંગલી હાલતમાં માનવો હોય એ પણ સંભવિત માનવામાં હરકત નથી.

પરંતુ ભારતમાં તો પ્રાચીનકાળથી જ સંસ્કારી માનવો હોવાના પ્રમાણો જગતભરના ધર્મશાસ્ત્રો અને સંશોધકોની નોંધપોથીઓમાં ભર્યા પડ્યા છે. આધુનિક લેખકો પ્રાચીન ઈતિહાસ વિગેરેની શરૂઆત ભારતથી ન કરતાં ગ્રીક અને બીજા પાશ્ચાત્ય પ્રદેશોથી કરે છે. એટલે સાચી વાત જ ન મળતાં દરેક બાબતમાં વિકૃત અને ભૂલ ભરેલી હકીકત ઉભી થાય છે, અને તે ફેલાય છે. ભારતના વ્યક્તિત્વને ભાવિ પ્રજાના માનસમાં જરાપણ સ્થાન ન પામવા દેવાનું મજબૂત વલણ તેઓને આ જાતના વિધાનો કરવા તરફ કાયમ આકર્ષતું હોય છે.

પરંતુ ભારતના નેતૃત્વ નીચે ચાર પુરૂષાર્થની સંસ્કૃતિ ભારત અને બહારના લોકોના જીવનમાં વ્યવસ્થિત રીતે વણાયેલી ગુંથાયેલી આજે પણ વિદ્યમાન છે. કોઈ પણ મહા દીર્ઘદ્રષ્ટિ એક વ્યક્તિની રચના શિવાય બીજી રીતે એ સંભવિત નથી. અને દરેક ધર્મોના પ્રાચીન ધર્મશાસ્ત્રોમાંની નોંધો એના પૂરાવામાં છે.

જૈન ધર્મ અને તેની વ્યવસ્થા વિગેરેને બાદ રાખીને, તેને એક નજીવી ચીજ ગણીને, તેની ઉપેક્ષા કરીને આજના સંશોધકો સ્વતંત્ર રીતે વિધાન કરતાં હોય છે. તેથી સાચા જવાબો આવવાની શક્યતા જ નથી. જે મુખ્ય અને મૂળ વસ્તુ છે તેને બાજુએ રાખવામાં જ ગંભીર ભૂલ થાય છે. તે ન સ્વીકારવામાં જ આધુનિક સંશોધકોનો દુરાગ્રહ અને અયોગ્ય ફટાટોપ બાલીશ અને ઉપેક્ષ્ય છે. જગતને ઉંધે માર્ગે

દોરવવાની ક્લુષિત મનોવૃત્તિ સ્વાભાવિક રીતે જ ગર્હણીય ઠરે તેમાં શું આશ્ચર્ય છે ?'

આ મહાશાસન પરંપરાગત ચાલ્યું આવે છે અને આજે પણ તે વિદ્યમાન છે અને ભવિષ્યમાં પણ તે ચાલુ રહેવાનું છે.

☆ ☆ ☆ ☆

# ૬. જૈનશાસન જેટલું સલામત, તેટલું વિશ્વનું હિત સલામત

ગામને પાદરે એક તળાવ છે.

તળાવને કાંઠે બાળક ઉભો છે.

બાળકને એક રમત સુઝી.

પાસે પડેલો પથ્થર તળાવના શાંત પાણીમાં નાંખ્યો.

જે જગ્યાએ પાણીમાં પથ્થર પડયો, તેની આસપાસ વર્તુળો રચાયાં.

બાળકને વર્તુળો જોવાની મઝા આવી.

બીજીવાર મોટો પથ્થર ઉપાડયો. જોરથી ઘા કરીને પાણીમાં નાખ્યો.

પહેલાં કરતાં પાણી વધારે ડહોળાયું. વધારે વર્તુળો રચાયાં.

સેન્ટર જેટલા જોરથી ક્ષુબ્ધ થયું, તેટલા તેની આસપાસ વર્તુળો વધારે રચાયાં.

સેન્ટર જેટલું ઓછું ક્ષુબ્ધ થાય. તેટલાં વર્તુળો ઓછાં રચાય. સેન્ટર જેટલું સ્થિર તેટલું પાણી શાંત.

✿ ✿ ✿

ઘરનો વડિલ પુરુષ જેટલો વ્યવસ્થિત તેટલા તેને આશ્રયીને રહેનારા કુટુંબીજનો વ્યવસ્થિત.

શાળાના પ્રિન્સીપાલ જેટલા શિસ્તબધ્ધ. તેટલા શાળાના બીજા શિક્ષકો અને વિદ્યાર્થીઓ શિસ્તબધ્ધ.

✿ ✿ ✿

'સવિ જીવ કરૂં શાસનરસી'ની ઉત્કૃષ્ટ ભાવનામાંથી ફલિત થયેલું જૈનશાસન વિશ્વના કલ્યાણનું મુખ્ય અને મહાકેન્દ્ર છે. દુન્યવી સ્વાર્થની માત્રા યત્કિંચિત પણ તેની સાથે જોડાયેલી નથી. જો જૈનશાસન જેટલું અક્ષત-અવ્યાબાધ, તેટલું વિશ્વનું કલ્યાણ અક્ષત-અવ્યાબાધ. જેટલું જૈનશાસનને નુકશાન, તેટલું વિશ્વને નુકશાન, તેટલું વિશ્વના પ્રાણીઓના હિતને નુકશાન.

૪૫૦ વર્ષોથી જગતમાં ઇન્દ્રજાળ ઉત્પન્ન કરનારાઓ આ રહસ્ય સમજે છે. તેથી જ તેમને મુખ્ય મોરચો ખરી રીતે તો જૈનશાસનની સામે જ છે. "જગતના અગિયાર ધર્મો" નામના પુસ્તકમાં ખ્રીસ્તી ધર્મગુરૂ હ્યુમે શ્રી સિધ્ધસેન દિવાકર મહારાજનો જ શ્લોક મુકયો છે, અલબત્ ખોટા અર્થમાં. તેઓ જાણતા હોય છે કે ગઢ તુટયો, કે બાજી હાથમાં.

આ સંયોગોમાં જૈનશાસન રૂપી કેન્દ્રને બચાવવાના ભગીરથ પ્રયાસો કરવાને બદલે, ઊભી કરવામાં આવેલી ઇન્દ્રજાળ પાછળ જૈનશાસનને ઘસડવાના આપણે જ પ્રયાસો કરીયે, તો વિશ્વના પ્રાણીઓનું હિત કેટલું બધું જોખમાય ? આપણા ઉપર આક્રમણ કરનારના સૈન્યમાં જ આપણે ભરતી થઇ જઇએ, તો જગત રક્ષણની આશા કોની પાસેથી રાખે?

જૈનશાસનની ધુરાને વહન કરવાની બાબતમાં વર્તમાન જૈનાચાર્યો માટે આજ પરિસ્થિતિ અતિ વિકટ અને કપરી છે. ગમે તેવાં તોફાનો વચ્ચે, ગમે તેવાં પ્રલોભનો વચ્ચે જૈનશાસનના ગઢને વ્યવસ્થિત ટકાવી રાખવાની અસાધારણ જવાબદારી અને જોખમદારી તેમના શિરે છે. એક રીતે કહીએ, તો વિશ્વના તમામ પ્રાણીઓના રક્ષણની ફરજ તેમના

ઉપર છે. તેમના શિવાય જગતનું બેલી કોણ ? તારણહાર કોણ ? તેઓ ધારે તો પ્રાણના ભોગે પણ જૈનશાસનને અવ્યાબાધ રાખી વિશ્વના પ્રાણીઓને બચાવી શકે છે, અથવા તો ઉપેક્ષા કરી પ્રાણીઓના હિતને ડુબાવી શકે છે.

છેલ્લા ૧૦૦ વર્ષમાં જૈનશાસન ઉપર અનેક આક્રમણો આવી ચુકયાં છે. છતાં હજી ઘણું સુરક્ષિત છે, ઘણાં તત્ત્વો વ્યવસ્થિત રીતે ચાલ્યા આવે છે. તે સુરક્ષિત બાબતોને કાયમી ટકાવી રાખી, તેના આધારે શાસન નિરપેક્ષપણે બનાવાયેલી બાબતોને સાપેક્ષ બનાવી લેવાની વહેલી તકે જરૂર છે. તે સિવાય ભવિષ્યમાં આવી પડનારી માનવી મહાહિંસા અટકવાની કોઈ આશા જણાતી નથી.

આજની ગણાતી વિશાળ દૃષ્ટિ, વિશ્વ બંધુતા, વ્યાપક સેવા વિગેરે માત્ર શબ્દથી જ મોટા દેખાય છે. ખરી રીતે વિશ્વહિતથી તે ચ્યુત કરનારા છે.

વર્તમાનમાં બિરાજમાન જૈનાચાર્ય મહારાજાઓ શું કરવા ધારે છે ? જૈનશાસન સાથેનો સાપેક્ષભાવ ધરાવી તે ટકાવી રાખવા ઇચ્છે છે? કે ઉપેક્ષાભાવે જોયા જ કરવામાં માને છે ? કે જૈનશાસનને તોફાનની આંધીમાંથી બચાવી લેવાનો ભવ્ય પુરૂષાર્થ કરવા ઇચ્છે છે ? સિંહની એક ત્રાડ માત્ર હરણિયાઓને ધ્રુજાવી મુકવા માટે બસ હોય છે. નવસર્જનની ઈંદ્રજાળ અસત્ય, અન્યાય, અનીતિ વિગેરેના પાયા ઉપર ખડી કરવામાં આવી છે. સમર્થ પુરૂષોની એક ફુંક માત્ર એ ગંજીપાના મહેલને જમીન દોસ્ત કરવા માટે બસ હોય છે.

☆ ☆

# ૭. ધર્મ કરતાં શાસન મહાન છે

શિથિલાચાર આગળ કરીને જ્યારથી પ્રભુની પાટ પરંપરાની આચાર્ય સંસ્થા અને તેની આચાર્ય પરંપરાને બાજુએ રાખીને શાસનના તંત્ર નિરપેક્ષ જૈનધર્મની આરાધનાને ટેકો આપવાની શરૂઆત થઇ છે, ત્યારથી અલબત્ત જૈનધર્મની આરાધનામાં ખુબ ઉંચા પ્રકારનો વેગ આવ્યો છે, પરંતુ સાથે જ શ્રી શાસન સાપેક્ષતા અને ચતુર્વિધ શ્રમણ સંઘની મર્યાદાઓ લુપ્ત થતાં ચાલ્યાં છે. વધતી જતી ધર્મની આધુનિક રીતની આરાધના પ્રભુના શાસનને વધુ ને વધુ જોખમમાં મૂકવાનું શસ્ત્ર બની રહેલ છે. સૂક્ષ્મ નિરીક્ષણ કર્યા વિના ગૂઢ રીતે ચાલતી આ પ્રક્રિયાનો ખ્યાલ આવે તેમ નથી.

આ વાત શ્રી સિધ્ધસેન દિવાકરજી મહારાજશ્રીએ શબ્દાંતરથી જણાવી છે.

તેનો ભાવાર્થ એ છે કે બહુશ્રુત હોય, ઘણા શિષ્યોથી પરિવરિત હોય, છતાં જો શાસન સાપેક્ષપણે ન વર્તે, તો જૈનશાસનને હાનિ પહોંચાડી શકે.

તીર્થંકરના માર્ગમાં ધર્મ માટે શાસન છે. પરંતુ ધર્મ કરતાં શાસનની મહત્તા વધારે છે.

છેલ્લા સો દોઢસો વર્ષથી શાસનની ઉપેક્ષા કરીને પણ ધર્માચરણની પ્રવૃત્તિઓ વધારવામાં આવી છે. પરંતુ શાસન નિરપેક્ષ ધર્મપ્રવૃત્તિ અનુબંધે અધર્મને ટેકો આપ્યા વિના ન રહે. થોડી પણ શાસન સાપેક્ષ પ્રવૃત્તિ અનુબંધે ધર્મને ટકાવે છે, શોભાવે છે, વિશ્વનું કલ્યાણ કરે છે.

ધર્મ વિગેરે મંગળભૂત બાબતોમાં મંગળપણું શાસન છે. તે વિના મંગળભૂત પદાર્થો મંગળભૂત બની શકતા નથી. તો પછી શાસન નિરપેક્ષ કરાયેલો ધર્મ મંગળભૂત શી રીતે બની શકશે ?

ધર્માચરણની વૃદ્ધિ તરફ હાલમાં હંમેશા લક્ષ રહેતું આવ્યું છે. પરંતુ શાસન નિરપેક્ષતાની વૃદ્ધિ તરફ દુર્લક્ષ વધતું જ ગયું છે. પ્રભુના શાસનના આજ્ઞાતંત્રને સ્થાને જમાનાનો આશ્રય લેવાથી પ્રભુશાસન ફેંકાઇ જાય છે તેની ઝાંખી પણ લક્ષમાં રહેતી નથી, પ્રભુશાસન નિરપેક્ષતા ડાંગ તરફ નજર જતી નથી.

ધર્મ એ લગભગ ગમતી વસ્તુ છે. જમાનાની હવા શાસનથી નિરપેક્ષપણે તેને વધવા દેવામાં પોતાનો વિજય માને છે. તેમાંથી બચવામાં બહાદુરી સમાયેલી છે. તેની અપેક્ષા આજે કોઈ વિરલા શિવાય કોની પાસેથી રાખી શકાય ?

શાસનની આશાતના કરીને ધર્મનું આચરણ ગમે તેટલું ઉંચા પ્રકારે કરવામાં આવે, પરિણામ હાનિમાં પરિણમ્યા વિના રહે જ નહીં. પૂર્વના મહાપુરૂષોનાં એવાં સચોટ વાક્યો છે.

છેલ્લા સો દોઢસો વર્ષમાં એક બાજુ જૈનધર્મની આરાધનામાં અને બીજી બાજુ જૈનશાસનની તીવ્ર ઉપેક્ષામાં જેટલો ભાગ ભજવાયો છે, તેવો મોટો દોષ કદી થયો હોવાનો ઈતિહાસ જાણવામાં નથી.

સેકડો બાબતોમાં શાસન અને શાસ્ત્ર સાપેક્ષતા હોવા છતાં, બે પાંચ મુદ્દાની બાબતોમાં પણ નિરપેક્ષતા રખાઈ જાય, તો પણ અતિ વિષમ પરિણામ આવ્યા વિના ન રહે.

શાસન નિરપેક્ષતાથી થતાં ઢગલાબંધ કાર્યો કરતાં શાસન સાપેક્ષ થોડાં પણ કાર્યો વધારે સારાં પરિણામ લાવનાર હોય છે, નુકશાન તો ન જ કરે. શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજશ્રીના જણાવ્યા પ્રમાણે

"यदल्पमपि तद बहु" બની રહે છે. ત્યારે શાસન નિરપેક્ષ બહું પણ અલ્પ બની રહે છે, અથવા હાનિકારક નિવડે છે.

અને ધર્માચરણમાં આવેલાં કૃત્રિમ ઉન્નતિ પણ કેટલા સમય સુધી ટકવાની છે ? થોડા જ વર્ષો બાદ સદંતર બંધ થઇ જવાની ભૂમિકા ઉપર મૂકાઈ જશે.

પડતા કાળમાં જે થોડા રૂપમાં પણ સંગીન પ્રવૃત્તિઓ ચાલી આવતી હતી તેમાં કૃત્રિમ વેગ આવવાથી તે પ્રવૃત્તિઓ મૂળ સ્વરૂપમાં પણ નહીં રહે. ઘરનું માટીનું કાચુ મકાન સારૂં ? કે ભાડાનો આલિશાન બંગલો સારો ?

મૂળભૂત હિતોને ભોગે આજે બહારની સગવડો મળવાથી ધર્મોમાં ઉન્નતિ દેખાય છે. પરંતુ તેની પાછળ અવનતિ કરવાનાં મોટાં મોટાં એંજિનો લાગેલા છે, તે તરફ દુર્લક્ષ કરવું શી રીતે યોગ્ય થશે ?

આ સ્થિતિમાં શાસન સાપેક્ષતા શી રીતે જગાડવી ? શાસન નિરપેક્ષ બાબતો ચાલવા દેવી ? તેની સામે આંખ મીંચી રાખવામાં હિત છે ? કે તેનું પૃથ્થકકરણ કરવામાં અને સત્ય તારવવામાં હિત છે ? આ અંગે હાલમાં જૈન શાસનના અનુયાયિઓએ વિચારવાનું છે ? કે મોટા ભાગની દુનિયા જે તરફ જઇ રહી છે, તે તરફ જ દોડા દોડી કરવાની છે ?

શાસનનિરપેક્ષ પ્રવૃત્તિઓ વિશે કંઇક વિચારવા જેવું છે કે નહીં ? કે યુગપ્રધાન મહાપુરુષ ન આવે ત્યાંસુધીમાં જૈન ધર્મના મૂળ ઉખેડવાની જે જે પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં આપણે સાથ જ આપવાનો છે ?

પ્રભુના શાસન ઉપર અસાધારણ આક્રમણ આવી ગયું છે. છતાં જૈનશાસનના વર્તમાન સંજોગોમાં અગ્રભાગ ભજવનારા પરમ પૂજ્ય આચાર્ય મહારાજો અને બીજાઓ શ્રી યુગપ્રધાન મહાપૂરૂષની રાહમાં

હાથ જોડી બેસી રહ્યા છે. તેઓના પેટનું પાણી પણ હાલતું નથી. કેટલા ખેદની વાત છે !

કેટલાક મહાત્માઓ તો જૈન શાસનને લુપ્ત કરવાની પ્રક્રિયા સાથેના ખ્રિસ્તી પ્રયાસોમાં આડકતરી રીતે સક્રિય સાથ આપી રહ્યા છે. એટલું જ નહીં, પરંતુ તેથી જૈનધર્મની થતી ઉન્નતિ માનીને પોતાના નાના નાના ક્ષુદ્ર કાર્યોમાં દિનરાત ગુંથાઈ રહેલા છે.

જૈનશાસન અને તેમાં પણ ખાસ કરીને પૂર્વના સંવિગ્ન ગીતાર્થોને પગલે ચાલવાની ભાવના રાખનારા મહાત્માઓએ પ્રતિક્ષણ વિચારવું પડે તેમ છે.

જેઓના મનમાં ત્રિકાળાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી તીર્થંકર દેવના શાસન તરફ સાચી વફાદારી હોય, તેઓએ થોડી ક્ષણ માટે બીજી બધી બાબતો ગૌણ બનાવીને શાસનને સુસ્થિત કરી દેવું જોઈએ, શાસનની કેન્દ્રીય સાંકળને સતેજ કરી દેવી જોઈએ. તેમ કરવા માટે હજી પણ ઘણી સામગ્રી વિદ્યમાન છે.

આજના શક્તિશાળી દરેક બળના દિલમાં એક જ તમન્ના જાગવી જોઈએ. પ્રભુનું શાસન પ્રભુનું શાસન.

પ્રભુના શાસનની છિન્નભિન્નતામાં આડકતરી રીતે જે ટેકો અપાય છે, તે અટકાવવાની જરૂર છે. અને યોગ્ય રીતે તેના વિકાસના તત્ત્વોનું ઝપાટાબંધ અનુસંધાન કરવું જરૂરી છે. તેની પાછળ તન-મન-ધન-સર્વસ્વ લગાડવાની જરૂર છે.

આ એક જ મુદ્દાના કાર્યનાં ચક્રો ગતિમાન કેમ નથી થતાં ? શો વિલંબ છે ? શા માટે થોડી ક્ષણો પણ જવા દેવામાં આવે છે ? પરમુખપેક્ષિતા છોડી દરેકે પોતાના તરફથી પહેલ કરી યોગ્ય અને ઉચિત માર્ગે પ્રયાસ આદરવાની તત્કાળ જરૂર છે. વખત જવા દેવામાં

પ્રત્યેક ક્ષણે જોખમ વધતું જાય છે कालः पिबति तद् रसः । આજ એક મુખ્ય તમન્ના દરેકે પોતપોતાના મનમાં જગાડવી જરૂરી છે. નહીંતર દરેકની પાસે એટલી બધી પરચુરણ બાબતો છે કે જેનો વર્ષો સુધી છેડો આવે તેમ નથી.

આજે બહાર બધું ગમે તે ચાલતું હોય, તેની સાથે આપણે સંબંધ નથી. પરંતુ તેના ભયંકર પરિણામથી શ્રી તીર્થંકરના વિશ્વહિતકર શાસનની સુસ્થિતિને અક્ષત રાખવામાં ઉપેક્ષા શા આધારે કરવી ?

શાસન તરફની વફાદારી આજે એકદમ શિથિલ પડી ગઈ છે. તે સતેજ થતાં જ શિથિલાચારનો ઉકેલ આવી શકે તેમ છે, અને ધર્મના પાયામાં વિષ સિંચન સમાન ઉત્સુત્ર પ્રરૂપણા-યથેચ્છ પ્રતિપાદન-યથેચ્છ પ્રવર્તન વિગેરે પણ આપોઆપ અંકુશ નીચે આવી જ જશે.

☆ ☆ ☆ ☆

# ૮. વિશ્વ હિતકર અપૂર્વ દીવાદાંડીની દશા

જૈન ધર્મ એ જૈન ધર્મ જ નથી, જૈન દર્શન જ નથી, ઉંચામાં ઉંચી કોટિનું તત્ત્વજ્ઞાન જ નથી, વિશ્વ કલ્યાણકર મંગળ જ નથી, વિશ્વસ્થિતિનું માપક સાધન માત્ર જ નથી, મોક્ષમાર્ગ રૂપ માર્ગજ નથી, અહિંસા-સંયમ-તપ રૂપ ધર્મજ નથી, પરંતુ તે સર્વમય, અને એથી પણ વિશેષ એક અદ્‌ભુત વસ્તુ છે, ખરાબે ચડતા માનવોને ગમે ત્યારે સન્માર્ગે જવાની પ્રેરણા આપે તેવી શક્તિ ધરાવતી વિશ્વમાં એક અજોડ અને અપૂર્વ દીવાદાંડી રૂપ છે. જગતમાં તેનું અસ્તિત્વ જ સન્માર્ગ તરફ જવા ફરજ પાડતું રહે છે, માનવ હિતના ઉન્માર્ગથી માનવ જાતિને દૂર રહેવા દે છે.

આ અતિશયોક્તિ નથી, અંધશ્રધ્ધાથી તેની પ્રશંસા નથી, સાચી વસ્તુસ્થિતિનું આ નિરૂપણ છે. अयमेव च मिथ्यात्वध्वांसी सदुपदेशतः ॥ અર્થાત્ ખોટી સમજ અને ખોટા માર્ગથી સાચા ઉપદેશ વડે દૂર રાખનાર છે.

આજે એમ કહેવામાં આવે છે કે પોતાના ધર્મની મહત્તા ન ગાઓ. સર્વ ધર્મ સમભાવ રાખો. સર્વ ધર્મ સમન્વય કરો. સંપ્રદાયવાદ દૂર કરો. પરંતુ સર્વના હિતની સાચી વાત જનતાને કહેવાથી રોકવાની કુટ નીતિનો ભારતમાં ઘણા વર્ષોથી શરૂ કરાવાયેલો આ એક પ્રયોગ માત્ર છે. જગતમાં બહુમતના ધોરણે એક જ ધર્મ રાખવાનો અને બીજા બધા જ ધર્મોને ક્રમે ક્રમે લુપ્ત કરવાના ઉદેશને સફળ કરવા, બીજા કોઇ પણ ધર્મો પોતાની મહત્તા કે સ્વરૂપ સમજાવે તો તેને ધર્માંધતા ગણાવીને ચૂપ કરી દેવા આ પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જગતમાં જૈન ધર્મનું ધર્મ તરીકેનું અસ્તિત્વ હોવાનું રદ ગણવામાં આવ્યું છે. ૧૯૬૦ ની મનીલાની સર્વ ધર્મ

પરિષદમાં પાંચ જ ધર્મોને દુનિયાના ધર્મો તરીકે ગણીને તેનાજ પ્રતિનિધિઓને એકત્ર કરવામાં આવ્યા હતા. ૧૮૯૩ ની શિકાગોની વિશ્વધર્મ પરિષદ વખતે આ પ્રશ્ન ઉઠયો હતો, અને તેનો અમલ ૧૯૬૦ માં કરવામાં આવ્યો છે. ત્યારથી પાંચ ધર્મોને જ જગતના ધર્મો ગણવાનો પ્રચાર વધતો જાય છે. આ સ્થિતિને ભારતમાં પણ વેગ આપવાના ઘંટ વાગી રહ્યા છે.

વળી ભારતમાં જૈન ધર્મને ધર્મ તરીકે, ધર્મના સંપ્રદાય તરીકે કે ધર્મદર્શન તરીકે નહીં, પરંતુ હિંદુ પ્રજાની એક જ્ઞાતિ, જાતિ કે સમાજ તરીકે ગણાવવાનું રખાયું છે. જૈન સમાજ શબ્દ થોડાક દશકાઓથી શ્વેત મુત્સદીઓએ ભારતમાં વહેતો મૂક્યો છે, અને ખુદ આપણે એ શબ્દ પ્રયોગને અજાણતાં પણ અપનાવી લીધો છે.

એટલે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ જૈનધર્મને ધર્મ તરીકે ગણવાનું રદ મનાયું છે, અને ભારતમાં પણ તેજ સ્થિતિ છે. આ સ્થિતિમાં જૈનો પોતાના ધર્મનું જગતમાં એક મહત્વના ધર્મ તરીકે તો શું, પણ એક ધર્મ તરીકે પણ સ્થાયિ અસ્તિત્વ ટકાવવા શા યોગ્ય પ્રયત્નો કરી શકે તેમ છે ?

જૈન ધર્મ એ જગતના સર્વ ધર્મના ટકાવનું, સર્વના કલ્યાણનું કેન્દ્રભૂત કારણ છે. જગતમાં સર્વ ધર્મના અને સર્વ રંગના માનવોને ટકી રહેવા માટેનું કે ટકાવી રાખવા માટેનું તે અમોઘ સાધન છે. માટે તેના તરફ છેવટે રંગીન પ્રજાઓએ તો ખાસ વળવુંજ જોઈએ, અને તેમ કરીને પોતપોતાના ધર્મોને ટકાવવા જોઈએ. તે કારણથી જૈન ધર્મ વિષે જાણકાર રહેવું, જગતને જાણકાર રાખવું તેમાં ધર્માંધતા નથી, સંપ્રદાય મોહ, કે સ્વધર્મ મોહ નથી, પરંતુ તેમ કરવામાં સત્યનું અને પરમ હિતનું અવલંબન છે. વિશ્વના ભલા માટે જૈનધર્મ પોતાનું અસ્તિત્ત્વ ટકાવી રાખી ન શકે, પોતાનું સાચું વિશ્વ કલ્યાણકર સ્વરૂપ ન સમજાવી શકે, તે માટે પક્ષાંધતા ધર્માંધતા વિગેરે કહી જગતના સાચા હિતકારી

સાધનનો બચાવ કરવાના કામથી રોકવાની નીતિ અમલમાં મૂકવામાં આવી છે.

એક પ્રશ્ન એ થશે કે જ્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં જૈનધર્મને ધર્મ તરીકે ગણવાનું રદ કરવામાં આવ્યું છે, તો પછી જૈન ધર્મનો વિદેશોમાં પ્રચાર કરવા માટે ઉત્તેજવાની નીતિ પણ કેમ શરૂ કરવામાં આવી છે? આમ બેવડી નીતિ શા માટે ?

ભવિષ્યમાં બહારવાળાઓને જૈનધર્મમાં દાખલ કરાવવા, અને તેમના દ્વારા જૈનધર્મનું ત્યારે જે કાંઇ સ્વરૂપ ટકી રહ્યું હોય, તેને જુદા જ સ્વરૂપમાં ફેરવી નખાવી, જેમ બને તેમ વહેલાસર જૈનધર્મને જોખમમાં મૂકાવી દેવાની તક લેવા, વિદેશોમાં જૈનધર્મનો પ્રચાર કરવાની નીતિને ઉત્તેજન અપાય છે. શ્વેત મુત્સદીઓએ કેટલી હદ સુધીની ખૂબી ગોઠવી રાખી છે ! જેને એક વખત શ્વેત આગેવાનોને પહેલું સ્થાન આપવું પડયું છે તે જૈનધર્મને એક છેલ્લી કોટિના ધર્મ તરીકે ટકવા દેવાની પણ નીતિ નથી.

આ સ્થિતિમાં જૈન ધર્મને એક ધર્મ તરીકે ટકાવી રાખવાનો કોઈ સાચો ઉપાય કે સાચો માર્ગ કોઈ બતાવી શકે તેમ છે ? એ જાતના સામર્થ્યની આજે ખુબ જરૂર છે.

જૈનશાસન ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી છે. તેમાં શંકા નથી, શંકા કરવા કારણ નથી. પરંતુ તેટલા ઉપરથી આજે કરાઇ રહેલી દશાની ઉપેક્ષા કરી, કૃત્રિમ રીતે વધારાઈ દીધેલા આજના બાહ્યસ્વરૂપ ઉપરથી રાચતા રહેવામાં હિત શી રીતે છે ? તેથી વિશ્વને પારાવાર હાનિ છે, વિષયકષાય-અજ્ઞાન ઉન્માર્ગ વિગેરેને ખૂબ પોષણ મળે તેમ છે. અને પરંપરાગત શાસન સંઘ આદિને મોટામાં મોટા ફટકા રૂપ બની રહે તેમ છે.

**ઝાંખો ઝાંખો એક ઉપાય ધ્યાનમાં આવે છે**

એક બાજુથી માત્ર બહુનાજ કલ્યાણનું કારણ નહીં, પણ સર્વના કલ્યાણનું કારણ એવા જૈનશાસનને જગતમાંથી લુપ્ત કરવાના વ્યવસ્થિત વેગબંધ પ્રયાસો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ચાલી રહ્યા છે, તેનો પ્રમાણપૂર્વકનો ઈતિહાસ આપી શકાય તેમ છે. ત્યારે બીજી બાજુથી જૈનશાસન હજી સાડા અઢાર હજાર વર્ષ સુધી ટકશે એવી સર્વજ્ઞ વીતરાગ શ્રી મહાવીર વર્ધમાન સ્વામી તીર્થંકર પ્રભુ ભાષિત વાણી શ્રી ભગવતીજી સૂત્ર તથા શ્રી મહા નિશિથ સૂત્ર વિગેરે દ્વારા આપણે સાંભળીએ છીએ.

જૈનશાસનને ડુબાડવાના પ્રયાસો કરનારા છદ્‌માસ્થો છે, અને તીવ્ર કષાય વિગેરથી ઘેરાયેલા છે. તથા તેઓને તેમના પ્રયાસો છુપા રાખવા પડે છે, તેની સફળતા માટે અનેક પ્રપંચો ખેલવા પડે છે, અનેક જુઠાણાં કરવા અને ફેલાવવાં પડે છે, મહા હિંસા અને મોટી લુંટ કરવી પડે છે તથા ઘણી માનવજાતને અજ્ઞાન, અશાંતિ, અન્યાય, અનીતિ વિગેરેમાં ધકેલવી પડે છે. એટલે તેવાઓના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા વિના રહે જ નહીં.

પ્રભુએ પાંચમા આરામાં જૈનધર્મની દશા વર્ણવી છે. સાથે જ યુગપ્રધાનનું આશ્વાસન પણ જેવું તેવું બળપ્રદ નથી. એટલે નિર્ભેળ વિશ્વ હિતચિંતક યુગપ્રધાનો પાકતા રહેવાની લેશમાત્ર શંકા નથી, શંકા રાખવા કારણ નથી.

પરંતુ તેનો એવો અર્થ ન જ ઘટાવી શકાય કે યુગપ્રધાન આવે ત્યાં સુધી લાંબી સોડ તાણી નિરાંતે આપણે સૂતા રહેવું, પૂર્વાચાર્યોના પુરૂષાર્થને ભૂલી જવા, તેમની પરંપરાને ભૂલી જવી. અને ગીતાર્થોની મોટી સંખ્યાનો આજે પણ વધારો માની લેવો.

યુગપ્રધાન મહાપુરૂષના આર્યક્ષેત્રને નક્કર ભુમિકા મળે એવી રીતે પ્રભુશાસનના સુતત્ત્વોનો વારસો ટકાવી તેને આગળ વધારવાના કર્તવ્યમાંથી શાસન રાગી કોઈપણ વ્યક્તિ છટકી શકે તેમ નથી.

સુતત્વોનો વારસો ટકાવી અને એ રીતે યુગપુરુષો માટે ભૂમિકા ઉભી કરવાનો ઝાંખો ઝાંખો એક ઉપાય ધ્યાનમાં આવે છે. આજે નહીં તો આવતી કાલે એ જ ઉપાય લેવો પડે તેમ છે. એ ઉપાય લેવામાં જેટલું મોડું કરાશે તેટલું વધારે નુકશાન થશે, શાસનનું લોહી ચુસનારા માંકડ શાસનમાં વધારે પ્રવેશ કરશે, ને વધારે જોર પકડશે.

યુગપ્રધાન પુરૂષો માત્ર જૈનોનું જ હિત કરશે એમ માનવા કારણ જણાતું નથી. તેઓ તે સર્વનું-સર્વ ધર્મોનું હિત કરનારા હોય છે. ત્યારે જ તેઓની સર્વ કલ્યાણ કારણ યુગપ્રધાનતા સફળ થઈ શકે.

'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં' -- ધર્મ એ મંગળરૂપ છે. પરંતુ જ્યાંસુધી શાસન સાપેક્ષપણું ધર્મમાં પ્રવેશતું નથી ત્યાં સુધી ધર્મ મંગળરૂપ બનનો નથી.

ત્યારે આજે લગભગ છેલ્લા સો કે વધુ વર્ષોથી આપણે શાસન અને સંઘથી ઘણા દૂર ગયા છીએ, લોકશાસન અને જમાનાની આકર્ષક સગવડો આપણને તેનાથી દૂર ઘસડી ગયેલ છે.

જમાનાને પ્રકાશમાન માનીને તેનાથી અંજાઇ જઇ સંવિગ્ન મુનિ મહાત્માએ ઘણા ઘણા પુરૂષાર્થ ખેડયા છે. પરંતુ વચ્ચે બીજા બળો એટલા જોરમાં આવી ગયા છે કે આજે દિશા સૂઝતી નથી, કોકડું વધારે ગુંચવાતું જાય છે.

અલબત્ પ્રામાણિક સંવિગ્ન પાક્ષિક મુનિ સમુદાયે પોતાનો પુરૂષાર્થ શાસન ખાતર જ ખેડ્યો છે તેમાં બે મત નથી. છતાં પરિણામ ઉલટું જ આવ્યું છે. માર્ગ ચુકવવામાં આવ્યો હોય ત્યાં બીજું પરિણામ શું

આવે ? શાસન સંઘ વિગેરેને વિષમ પરિસ્થિતિમાં મૂકી દેવામાં તેમનો ઉપયોગ કરાયો છે એ એક નિર્ભેળ સત્ય છે.

જૈનશાસન યતિઓ એટલે યતિ નામધારી મુનિઓ હસ્તક હતું. તે ભલે શિથિલતાનો વખત ગણાતો હોય, પરંતુ ત્યારે તેની જેટલી બૂમ પડાઈ તેટલી શિથિલતા હોવાનું કલ્પનામાં બેસી શક્તું નથી. કેમકે ભારતની પ્રજાનું જે નૈતિક બળ આજે તૂટયું છે, તેટલું ત્યારે તૂટયું નહોતું. પ્રાચીન કાળની અપેક્ષાએ શિથિલતા ખરી, પણ ઘણા કુળવાન આત્માર્થી આત્માઓ તેમાં ન હોય એમ માનવા કારણ નથી. ચાર હજાર જેટલી મોટી સંખ્યામાં ઘણા ઉત્તમ આત્માઓ હોવામાં શંકા નથી. પરંતુ બુમ ભેગી કિકિયારી - મુંબઈ જેવા શહેર દ્વારા પ્રચાર મારફત વિદેશીઓએ બૂમ પડાવી નાખી હોવામાં હવે શંકા નથી. અને એક ગઢ પડયા પછી તો કેટલા પડે તેની સીમા ન રહે. પછી તો એ સંસ્થા છેલ્લા પાટલા સુધી પહોંચતી ગઈ.

ત્રણ ત્રણ ચાર ચાર પેઢી સુધી લશ્કરી હિલચાલ અને અશાંતિ વચ્ચે વિહાર-પઠન-પાઠન-સંયમ પાલન, વિગેરે શી રીતે શક્ય બને ? તે પણ વિચારવું જોઈએ. છતાં તેવા કપરા કાળમાં પણ અનેક મહાપુરૂષોએ શાસનના દિવ્ય તેજને ચમકતું રાખ્યું છે. એ પુરુષાર્થનું મૂલ્ય જેવું તેવું આંકી શકાય તેવું નથી. છતાં મૂળ પરંપરા તોડવા આપણને ત્યારની શિથિલતાનો અધ્યાસ વધારે પડતો કરાવવામાં આવ્યો છે. કોઈ કોઈ વ્યક્તિ અણછાજતી ન હોય એમ ન બને, પરંતુ સાર ભાગને દબાવી રાખી દુષિત ભાગને આગળ કરવામાં આવે એટલે જાહેર છાપ શિથિલતાની ઊઠે એ સ્વાભાવિક છે.

હવે આ બધી વસ્તુસ્થિતિ ધ્યાનમાં લઈને વયોવૃધ્ધ જ્ઞાની અને પ્રતિષ્ઠાસંપન્ન પૂજ્ય પુરુષો સત્વર યોગ્ય માર્ગ કાઢે તે ઇચ્છનીય છે. જુદી જુદી શક્તિ ધરાવતા તેમની પછીની કક્ષાના પૂજ્ય પુરૂષો તેમાં

નિખાલસપણે પોતાના પુરુષાર્થો જોડે તો ઘણું સારૂં કાર્ય થઇ શકે તેમ છે.

વયોવૃધ્ધ મહાપુરૂષોની શક્તિ એક છે, તેમની પછીની કક્ષાના પૂજ્ય પુરૂષોની શક્તિ બીજી છે. બન્નેયનાં મેળ વિના બેમાંથી એકે ય શક્તિ યથાર્થ રૂપમાં કાર્ય સાધક બની શકે નહીં, કેમકે આજની પરિસ્થિતિ તેવી છે.

ઉચ્ચ કક્ષાના વડિલો માને કે, અમે શાસનને સુસ્થિત કરી દઇશું, તો તે એક ભાગ છે, પછીની કક્ષાના મહાત્માઓ એમ માને કે, અમે કરીશું, તો તે પણ એક ભાગ જ છે. બે હાથ વિના તાળી પડે તેમ નથી.

ઉપરાંત વચલા વખતમાં ઉપસ્થિત થયેલી ઘણી બાબતોનું એક બાચકું બાંધીને થોડીવાર બાજુએ મૂકી રાખી કેન્દ્રસ્થ થવાની અનિવાર્ય આવશ્યકતા જણાય છે. પછી બાચકાને હાથમાં લઇ ઘટતી રીતે એક એકનો નિકાલ કરવાથી કાંઇક છેડો આવશે, નહીંતર ગુંચવાડાના કુંડાળા ઉપર કુંડાળા વધતા જ જશે.

ઘણા કડવા ઘુંટડા ગળીને પણ યોગ્ય કેન્દ્રમાં અવાશે તો જ શાસનના સુતત્ત્વો ટકાવી રાખવાના ઉપાયો સુઝશે અને તે કારગત નીવડશે, અને તો જ શ્રી યુગપ્રધાન પુરુષો માટેની ભૂમિકા ટકાવી શકાશે.

સાચા વિશ્વકલ્યાણ કામીઓએ આજુબાજુ આમતેમ દૂર દૂર ફાંફા મારવા કરતાં મૂળ દોર પકડી રસ્તે રસ્તે કેન્દ્રમાં આવવું હિતાવહ છે.

માંચેસ્ટર ગાર્ડિયનના લેખકે જણાવ્યું છે, રૂઢિચુસ્તો હવે પોતાને મૂળ માર્ગે પાછા ફરી શકશે નહીં.

છતાં કોશિષ કરવામાં આપણે નાસીપાસ થવું ન જોઇએ. સ્વાર્થીઓની બધી આગાહીઓ ખરી જ પડે એમ એકાંતે માની લેવા કારણ નથી.

મહા તીર્થંકર ભગવંતોની આજ્ઞાશાસનનો વારસો નાનો પણ ખરા રૂપમાં ટકાવ્યો હશે, તો તે રત્ન ખાણમાંથી અનેક મૂલ્યવાન રત્નો પાકી ઉઠશે, સર્વજ્ઞ પ્રભુના શાસન તરફ એકાગ્રતાથી લક્ષ કેન્દ્રિત કરી તેને જ મજબૂત કરવાથી આખરે મંગળમાળા પ્રવર્તશે.

☆ ☆ ☆ ☆

# ૯. પ્રભો ! વિશ્વકલ્યાણની મહાવિમાપોલિસી જેવા આપના લોકોત્તર શાસનનું શું ?

વર્તમાન શ્રમણ ભગવંતોના દિલમાં આપના શાસન પ્રત્યે સારામાં સારો પ્રેમ હોવામાં તો શંકા નથી. કેમકે તેની પાછળ તેઓ પોતાના જીવનનું સર્વસ્વ સમર્પી ચુકયા છે.

પરંતુ આપના શાસન પ્રત્યેની લગનનું ઝરણું તેમના દિલમાં સુકાતું જતું હોય એમ જણાય છે. નહીંતર જગતમાંથી જૈનશાસનને લુપ્ત કરવાના ભગીરથ પ્રયાસો ચાલી રહ્યા હોય, ત્યારે તેમનું રૂંવાડું ય ન ફરકે ?

ધર્માચરણ વધતું જતું જોઈ શકાય છે, પરંતુ શાસન, સંઘ, શાસ્ત્રાજ્ઞા સાપેક્ષતા અને દ્રવ્ય ભાવ રૂપ શાસનની સંપત્તિઓના રક્ષણ પ્રત્યેનો ઉપેક્ષા ભાવ વધતો જાય છે.

અરે ! કેટલાક શ્રમણ ભગવંતો તરફથી તો જૈનશાસનના પાયા ઉખેડનારી બહારથી ચાલતી ગૂઢ પ્રવૃત્તિઓમાં એક યા બીજી રીતે સીધો કે આડકતરો સહકાર અપાય છે.

વળી, પાયા ઉખેડનારી પ્રવૃત્તિઓ તરફ લક્ષ ન જવા દેવા માટે બાહ્ય બળો ધર્મની ઉન્નતિને વેગ આપવાની સગવડો પૂરી પાડી રહ્યા છે. તેનાથી પ્રભાવિત તથા રાજી થઇ શાસનનો અભ્યુદય માનવામાં આવે છે.

આ સ્થિતિમાં હે પ્રભુ ! આપના શાસનની જડ મજબુત બનાવવાનું શી રીતે શકય છે ? વિશ્વના હિતની દૃષ્ટિથી આ સામાન્ય ચિંતાનો વિષય નથી. અને છતાં તેની સક્રિય ચિંતાની ઝાંખી પણ ઘટતી જાય એટલો અસરકારક બહારથી ઘેરો છે. સૌ પોતપોતે ઉપાડેલી પ્રવૃત્તિમાં મશગુલ છે. શાસન કરતાં પોતપોતની પ્રવૃત્તિનું મહત્ત્વ સૌને વધારે સમજાય છે. એ પ્રવૃત્તિઓને આધારે શાસન ટકશે ? કે શાસનને આધારે એ પ્રવૃત્તિઓ ટકશે એનો વિચાર કરવા પણ કોઇ થોભતું નથી.

આપનું શાસન જેટલું પ્રકાશમાન, તેટલું વિશ્વના પ્રાણીઓનું હિત સલામત. આપના શાસનની તેજસ્વિતા સાથે વિશ્વના પ્રાણીઓનું રક્ષણ જોડાયેલું છે, અને છતાં વર્તમાન શ્રમણ ભગવંતો આપના શાસનનું તેજ ઝળહળતું રાખવામાં અસાધારણ ઉપેક્ષા રાખી રહ્યા છે. ભારે દુઃખનો આ વિષય છે.

અફાટ સમુદ્રમાં આપનું શાસન બેટ સમાન છે. તેનું શરણ લઇને કેટલાય પ્રાણીઓ રક્ષણ મેળવી શકતા હોય છે. પણ તે બેટને સલામત રાખવાની જેમને જોખમદારી સોંપાયેલી છે, તેઓ અસાવધ રહે તો ? કેટલા પ્રાણીઓનાં હિત જોખમાય ?

જગતમાં જૈનશાસન અને તેનું સંચાલન કરનાર જોખમદાર જૈનાચાર્યો વિદ્યમાન ન હોય, અને વિશ્વના પ્રાણીઓ નિરાધાર બની જાય એ તો સમજી શકાય તેવી બાબત છે. પણ બન્નેયની વિદ્યમાનતામાં આ પરિસ્થિતિ ઉત્પન્ન થાય, તો તેને કેટલામું આશ્ચર્ય ગણવું ? ગીતાર્થ અને સંવિજ્ઞ મહાપુરૂષોનું પણ જીવંત લક્ષ આ બાબત તરફ શી રીતે દોરવું ?

કેટલાક ઉપાય પૂછે છે, પણ ઉપાય કોને બતાવાય ? જિજ્ઞાસુને કે બીજાને ? કેટલીકવાર ઉપાય પુછવાની પાછળ કાંઇ પણ ન કરવાની

છટકબારી શોધવાનો આશય હોય છે, અને કહેનારનું મોઢું બંધ કરવા માટેની વૃત્તિ હોય છે. વળી ઉપાય જાહેરમાં બતાવાય પણ શી રીતે?

હે પ્રભો ! આ સંયોગોમાં વિશ્વના પ્રાણીઓનું શરણ કોણ ?

☆ ☆ ☆ ☆

# ૧૦. જૈન શાસનની કાયમી રક્ષા કરો

જૈનધર્મને હવે પછીના ૭૫ થી ૧૦૦ વર્ષમાં અદૃશ્ય કરી દેવાની પાશ્ચાત્ય મુત્સદ્દીઓની યોજના છે એમ મારી જ માન્યતા છે એમ નથી. પાશ્ચાત્ય આગેવાનોએ તેમ કરવા માટે જે કાર્યક્રમો ગોઠવ્યા છે તેનો જે કોઇ પણ રીતસર અભ્યાસ કરે, તેની પણ એજ માન્યતા બંધાશે. જર્મન પ્રોફેસર મી. ગ્લાઝનેપે પોતાના એક નિબંધમાં લખ્યું છે, 'જૈનધર્મ ૧૦૦ વર્ષમાં પોતાના મૂળ હિંદૂધર્મમાં દાખલ થઇ જશે.' તે પુસ્તિકા ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી છપાઇ હોવાનું યાદ છે.

જૈન ધર્મને જગતમાંથી અદૃશ્ય કરવામાં પ્રભુ મહાવીર દેવની ૨૫૦૦મા વર્ષની વ્યાપક ઉજવણી પાશ્ચાત્ય બળોને ખાસ સહાયક થાય તેમ છે. તેની સહાય ન મળે અને આપણે રીતસર જાગ્રત થઇ જઇએ તો જૈનધર્મ અને બીજા ધર્મો પણ બચી જવાની સંભાવના રહે છે. નહીંતર બચવાનો કોઇ રસ્તો દેખાતો નથી. પછી તો ભવિષ્યમાં કોઇ મહાપુરૂષ જાગવા ઉપર કદાચ આધાર રહે છે.

પાશ્ચાત્ય બળોનું લક્ષ જગતમાં એક જ પ્રજા તથા એક જ ધર્મ રાખવાનું છે. અહીંના બિશપનું ભાષણ વાંચવામાં આવે, તો સમજી શકાય તેમ છે કે તેમણે 'ખ્રીસ્તી ધર્મને જગતનો એક ધર્મ થવા લાયક છે' એમ એક યા બીજી રીતે બતાવ્યું છે. તથા 'જગતના અગિયાર ધર્મો' પુસ્તકમાં પણ તે બતાવ્યું છે.

આ બધી બાબતોના ઘણા લંબાણ હેવાલો છે. મારો ઘણા વર્ષોથી તે બાબતોનો અભ્યાસ હોવાથી હું આ બાબતમાં જે પ્રશ્નો થાય તેની લગભગ બહારની તથા ભારતમાં બનતી બાબતોની ઘણી માહિતી આપી શકું તેમ છું. તથા તેના એક પછી એક પરિણામો મારા ધ્યાનમાં

લગભગ આવી જાય તેમ બનતું હોય છે. માટે હું બોલું છું, લખું છું, બૂમરાણ પાડું છું, જગાડું છું.

આ વિષયમાં જાણવા ઇચ્છનારને ઘણીખરી વિગતો પૂરી પાડી શકાય તેમ છે. મારા આ વિષયના ૫૦ વર્ષ ઉપરાંતના અભ્યાસના કારણે મને જે વાત તરત ધ્યાનમાં આવી જાય, તે આ વિષયના અભ્યાસ વિના બીજાના ધ્યાનમાં ક્યાંથી આવે ? એ વિષયના અભ્યાસ તરફ ઉપેક્ષા જ સેવવામાં આવી છે. હવે તેના કટુ પરિણામો આવવા લાગ્યા છે. છતાં આંખ ખુલતી નથી.

મુદ્દો એ છે કે જો આપણે જૈનશાસનની કાયમી રક્ષા કરવી હોય, તો ડેમોક્રેસીના સિદ્ધાંતને વહેલી તકે તિલાંજલી આપી દેવી જોઇએ. બહુમતના સિધ્ધાંતવાળી કોઇ પણ સંસ્થામાં આપણે દાખલ થવું ન જોઇએ-એ સિદ્ધાંતવાળી કોઇ પણ સંસ્થા રચવી ન જોઇએ. અળશિયાની જેમ ઉભરાઇ આવેલી તમામ સંસ્થાઓ બંધ કરી આજ્ઞાસિધ્ધ પરંપરાગત શ્રી સંઘમાં સૌએ કેન્દ્રિત થવું જોઇએ. વળી બહુમતની ધોરણની કોઇ પણ જૈનેતર સંસ્થામાં પ્રતિનિધિ તરીકે કોઇ જૈનને મોકલવા ન જોઇએ, ન કોઇ જૈને આગળ પડીને જવું જોઇએ. તેની પાકી ગોઠવણ તુરત જ કરવી જોઇએ.

આજસુધી ભોળપણથી-વિશ્વાસથી-સરળતાથી જે કાંઇ થયું તે થયું. પણ હવે જલ્દી ચેતી જવું જોઇએ.

હું નીચે જે ગાથા આપું છું તે ગાથા 'સ્તવપરિજ્ઞા' ગ્રંથની ૧૨૯ મી ગાથા છે. ૨૦૩ ગાથાનો તે આખો ગ્રંથ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે 'પંચવસ્તુ' માં મુક્યો છે, અને તેના ઉપર તેમની નાની માર્મિક ટીકા પણ છે. તે જ ગ્રંથને શ્રી ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ 'પ્રતિમાશતક' ગ્રંથમાં આખો મૂક્યો છે. તેના ઉપર

ઉપાધ્યાયજી મહારાજશ્રીની પોતાની સુંદર અવચૂરિ પણ છે. ઉપાધ્યાયજી મહારાજશ્રી તો તેને પૂર્વધરોના રચેલા ગ્રંથ તરીકે જણાવે છે. અને

"इयं खलु समुघ्घृता सरस दृष्टिवादादितः ।"

આ સ્તવપરિજ્ઞા ખરેખર સરસ દ્રષ્ટિવાદ નામના બારમાં અંગ વિગેરોમાં ઉધ્ધૃત હોવાનું જણાવે છે. પંદરસો કે સત્તરસો વર્ષ લગભગ જૂનો પ્રાચીન ગ્રંથ લાગે છે. કદાચ વધારે પણ થયા હોય. પરંતુ શ્રી ઉમાસ્વાતિ મહારાજશ્રીની પછીનો છે એ વાત નક્કી છે.

એવા એ 'સ્તવપરિજ્ઞા' ગ્રંથની આ ગાથા છે--

"न य बहुगाणं पि इत्थ अविगाणं सोहणं ति नियमोऽयं

न य णो थोवाणं पि हु मूढेतर भाव जोगेणं"

ભાવાર્થ :-- ઘણાઓનો-બહુઓનો એક મત (અવિગાન) શોભન જ હોય એવો પણ અહીં નિયમ નથી. થોડાઓનો એકમત શોભન ન જ હોય એવો પણ નિયમ નથી. (એકનો પણ નિર્ણય શોભન હોઇ શકે છે) અર્થાત એકમત-લઘુમત બહુમત કે સર્વાનુમતને સત્ય અને હિતકારી નિર્ણય લેવામાં નિયમપૂર્વક સ્થાન નથી. તેથી એ મજબૂત સિદ્ધાંત નથી. ત્યારે શું કરવું ?

"મૂઢેતર ભાવ જોગેણં" એટલે મૂઢેતર ભાવના યોગે જે નિર્ણય કરાય તે શોભન એવો નિયમ છે એમ જણાવેલ છે. એથી એ નક્કી થાય છે કે એકનો મત, થોડાનો મત, બહુનો મત કે સર્વનો મત સાચો હોય જ એવો નિયમ નથી. સાચો પણ હોય, અને ખોટો પણ હોય પરંતુ મૂઢેતર ભાવ યોગે થયેલો નિર્ણય શોભન જ હોય એવો નિયમ છે એ તાત્પર્યાર્થ નિકળે છે.

મૂઢ ભાવમાં મોહનીય કર્મોની ૨૮ કર્મ પ્રકૃતિઓ સમાય છે, અથવા ૧૮ પાપ સ્થાનક પણ સમાવેશ પામે છે. તેને આધારે કરાતા વિચાર મૂઢ ભાવથી કરાયા ગણાય. તે શોભન-સારા-સાચા હિતકારક હોય જ

એવો નિયમ નથી. ત્યારે મૂઢેતરભાવ-મૂઢભાવ શિવાયના-સમ્યગ રત્નત્રયીના યોગે જે નિર્ણય લેવાય, તે શોભન હોય.

અર્થાત નિઃસ્વાર્થભાવથી, હિત કરવાની બુદ્ધિથી, દીર્ઘદ્રષ્ટિપૂર્વ-આગળ પાછળની યોગ્ય સમજથી, અજ્ઞાનગેરસમજ-રાગદ્વેષ-કષાયો-આવેશો વિગેરેથી રહિત, આજ્ઞા મુજબના ધોરણનો નિર્ણય લેવાય તે શોભન હોય જ એવો નિયમ છે.

આ ગાથાનો આધાર લઇ બહુમતના ધોરણની સંસ્થાઓ તુરત બંધ કરી શ્રી સંઘમાં જ કેન્દ્રિત થઇ જવું જોઇએ. આપણે શાસ્ત્રકારોથી વિરૂધ્ધ જઇને અજ્ઞાનથી બહુમતમાં ફસાયા છીએ. આ ગાથા બહુમત ઉપર ભાર આપતી નથી. એટલું જ નહીં પણ તેની તરફ ઉપેક્ષા ભાવ રખાવીને મૂઢેતર ભાવના યોગ પર ખાસ ભાર મૂકે છે.

આ ગાથા આપણા માટે તરણતારણ જેવી બની રહે છે. ડૂબતા બચાવવા માટે જ આ ગ્રંથ મારફત મળી હોય તેમ લાગે છે. પ્રભુના શાસનના પુન્યનો હજી પ્રકર્ષ સૂચવતી હોય તેમ લાગે છે. આવી સાક્ષાત વસ્તુ પણ જમાનાવાદી વ્યવહારના પક્ષકારો હજુ સમજવા અને કબૂલ કરવા માગતા નથી ? કેટલો દુરાગ્રહ ? બહુમતવાદના સિદ્ધાંતને તિલાંજલી આપવાથી જૈનશાસનનું રક્ષણ થઇ શકે તેમ છે. બહુમતવાદના સિદ્ધાંતને તિલાંજલી આપવાથી કોન્ફરન્સ વિગેરે તે ધોરણની સંસ્થાઓ, અને તેના ઉપક્રમે થતા કાર્યક્રમોમાં ભાગ લેવાનું બંધ પડશે. એ જ રીતે ૨૫૦૦ વર્ષની ઉજવણીમાં પણ ભાગ લેવાનું બંધ થશે. અને તેમ થતાં પાશ્ચાત્ય બળોના જૈનશાસનને અદ્રશ્ય કરવાની યોજના ઉપર મોટો જીવલેણ ફટકો પડશે.

જૈનશાસનને જગતમાંથી અદ્રશ્ય કરાવવા માટે પાશ્ચાત્ય બળોનું મોટામાં મોટું હથિયાર જૈનસંઘમાં બહુમતવાદના ધોરણનો પ્રચાર છે. એ ધોરણનો આશ્રય લઇ જેમ જેમ નવી નવી સ્વતંત્ર સંસ્થાઓ

અસ્તિત્વમાં આવતી જાય તેમ તેમ પ્રભુનો શ્રી સંઘ અને શ્રી શાસન નબળાં પડતાં જાય, અને છેવટે અદ્રશ્ય થવાની સ્થિતિમાં મૂકાઈ જાય. માટે બહુમતવાદના ધોરણનો ત્યાગ એ જ આપણો મોટામાં મોટો બચાવ છે. મૂઢેતર ભાવ જોગેણં ના સિદ્ધાંતને આપણે ચુસ્તપણે વળગી રહીએ તો પાશ્ચાત્યોની જૈનશાસનને જગતમાંથી અદ્રશ્ય કરી દેવાની કોઇ કારી ફાવવાની નથી.

☆ ☆ ☆ ☆

# ૧૧. વર્તમાન શાસન સંસ્થાનું કલ્પિત જાહેરનામું

૧. પરંપરાગત જૈન શાસન સંસ્થાના મુખ્ય સંચાલક આચાર્ય સંસ્થાના મુખ્ય શાસન ધુરંધર આચાર્યના સાર્વત્રિક સ્વીકારની ખામી દૂર ન થાય ત્યાં સુધી શાસન પરંપરાના મુખ્ય ધુરંધર તે આચાર્ય મહારાજશ્રીની વતી શ્રી સંઘને સર્વ આદેશો નીચે જણાવેલા અમુક અમુક આચાર્ય મહારાજા કે મહારાજાઓના નામથી પ્રસિધ્ધ થશે.

તેમના નામો :-

૨. તેમની સહાયમાં બીજા દશ આચાર્ય મહારાજાઓ એ રીતે જૈન શાસનની મર્યાદાઓનું રક્ષણ કરશે કે જે જે આદેશો પ્રસિધ્ધ કરવામાં આવે તેની શાસ્ત્રીયતા, શૈલી તથા થનારા ઘાત, ગુણ-દોષ વિગેરેની તુલના કરી લાભકારક આદેશો જ ફરમાવવામાં સહાયક થાય.

૩. સુયોગ્ય અને જુદા જુદા વિષયોમાં નિષ્ણાત ચાલીસથી પચાસ આચાર્ય મહારાજાઓ તથા પદવીધર કે પદવી રહિત પૂજ્ય મુનિમહારાજાઓ શ્રી પ્રભુ શાસનની રક્ષા એ રીતે કરશે કે જૈન શાસનમાં જે જે પ્રશ્ન ઉઠશે, યા સામે આવશે. તે ગ્રહણ કરી યોગ્ય સ્વરૂપ આપી ઉપરની બીજી કલમમાં જણાવેલા આચાર્ય મહારાજાઓને સોંપશે.

તે પ્રશ્નો પરત્વે જૈન શાસન, શાસ્ત્ર, વિગેરે દ્રષ્ટિથી તેઓ વિચાર કરશે. અને જરૂર પડશે તો તે વિષયના નિષ્ણાત શ્રાવક ગૃહસ્થોના અનુભવ અને સમજુતિ મેળવશે. અને તેથી વિશેષ જૈનેતર કોઈનો ય યોગ્ય રીતે શાસનની પ્રતિષ્ઠાના રક્ષણ સાથે અનુભવ-સલાહ મેળવશે.

૪. ત્યાગી વર્ગથી જેનો અમલ ન થઈ શકે તે શ્રી જૈન શાસનના કાર્યો માટે શ્રી આચાર્ય સંસ્થા ગૃહસ્થ પ્રતિનિધિઓ શ્રી જૈન શાસન સંસ્થા કાર્યવાહક-સેવકો તરીકે કામ કરશે કે જે કામો જૈન શ્રાવકોને

કરવા યોગ્ય હોય, અવશ્ય કરવા યોગ્ય હોય તથા કરવા જરૂરી હોય. તેઓ પરંપરાગત શ્રી જૈન શાસનના પરંપરાગત તમામ હિતોનું તન-મન-ધન આદિ સર્વસ્વના ભોગે રક્ષણ કરશે. (તે બાબતના બીજા નિયમો હવે પછી).

પ. આખા ભારતના જુદા જુદા પ્રદેશો પાડવા. પ્રત્યેક પ્રદેશવાર આચાર્ય મહારાજાઓ કે મુની મહારાજાઓને જવાબદારી સોપી દેવાની કે જેથી દરેકને પોતપોતાની જવાબદારીનો ખ્યાલ રહે, દા. ત. કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, દક્ષિણનો પ્રદેશ, મારવાડ, મેવાડ, માળવા, ઉત્તરનો પ્રદેશ, પૂર્વનો પ્રદેશ, બહારના પ્રદેશો.

જુદા જુદા પ્રદેશોમાં તે તે આચાર્ય મહારાજાઓની જવાબદારીઓ નક્કી કરવાથી તે તે પ્રદેશના આગેવાન શ્રાવકો તેઓને જ પૂછે અને બીજી કલમમાં દર્શાવેલ પૂજ્ય આચાર્ય મહારાજાઓના આદેશ પણ તેઓ મારફત જ તે તે પ્રદેશોને મળે. કદાચ તેઓને જે કાંઇ પૂછવું જાણવું હોય, તો તેઓ બીજા આચાર્ય મહારાજશ્રીઓને પૂછાવી લે, જાણી લે. આવશ્યકતા પડે તો ચાલીસ પચાસના સમૂહની કે દશના સમૂહની સહાય પણ લે. અને નિર્ણયાત્મક હકીકત મેળવીને પછી શ્રાવકોને જણાવે; જેથી સ્થાનિક લોકોને કશીય મુંઝવણ ન થાય.

વકીલ બેરિસ્ટરોને વદલે પૂજ્ય પુરૂષોને પૂછવાની આ વ્યવસ્થા શિવાય ભવિષ્યમાં શ્રી સંઘના દરેક અંગોને પોતપોતાની જવાબદારીનો ખ્યાલ આવશે જ નહીં. વળી શાસન સંચાલન ઉપર વ્યવહારિક પ્રેકટીકલ કાબૂ જમાવવામાં આ યોજના રામબાણ ઈલાજ સમાન છે.

સોંપાયેલા પ્રદેશોમાં બીજાઓએ ડખલ કરવી નહીં. નીમાયેલા પોતે બીજાની સલાહ લે તે જુદી વાત. તેમજ મુખ્ય આચાર્ય સંસ્થાની આજ્ઞામાં દરેકે રહેવાનું કે જેથી અંગત અભિપ્રાય કે જુદા મતાંતરવાળા

આદેશો થવા ન પામે. (આમાં પેટા નિયમો સાધ્વીજી વિગેરેના ઘણા થાય તેમ છે.)

આચાર્ય સંસ્થા તરફના પ્રતિનિધિ કે જવાબદાર રૂપે શ્રાવક કાર્યવાહકો શા શ્રા કામ હાથ ધરે ? અને શી રીતે ધરે ? તે વિચારવાનું છે. (શાસનની મિલ્કતોના રક્ષણ, ધર્મરક્ષા, આસેવન ગ્રહણ શિક્ષા, રાજ્યમાં પ્રતિનિધિ, ઇતર ધર્મો સમાજો સાથેના સંબંધો વગેરે સમાય).

આજે ચાલતી જુદી જુદી સંસ્થાઓ પોતાનાં આગવા બંધારણો રદ કરીને જૈન શાસન સંસ્થાના પરંપરાગત સર્વ કલ્યાણલક્ષી બંધારણને વફાદાર રહેવાનું સ્વીકારે, તો તે સંસ્થાઓને જૈન શાસનમાં સ્વીકૃત કરી લેવી. અને પછી તે સંસ્થાઓ શ્રી સંઘે સોંપેલા કાર્યો શ્રી સંઘની નીતિ, આજ્ઞા, હિત અને સહાનુભૂતિથી કરે. મુંઝાય ત્યારે પોતાના પ્રદેશના પૂજ્ય પુરૂષની સલાહ લે, અને તેઓની સલાહ પ્રમાણે ચાલે અને તે પૂજ્ય વ્યક્તિને જરૂર જણાય તો બંધારણીય રીતે અન્યની સલાહ લે. જરૂર ન જણાય તો ન લે.

વિહાર દરમ્યાન જે જે પ્રદેશોમાં વિહાર ક્રમે આવતા પૂજ્ય પુરૂષો પણ જે જે પ્રદેશ જેને સોંપાયેલ હોય, તે પૂજ્ય પુરૂષના કાર્યને પોષે, તપાસે, માર્ગદર્શન આપે, પણ તોડે નહી. અને સ્થાનિક સંઘો પણ તે તે પ્રદેશના પૂજ્યની આજ્ઞા અનુસાર જ ચાલવાનું ઉત્તેજન આપે. આથી પ્રદેશો સાથે પ્રતિબંધ થવાની શંકા લેવાનું કારણ નથી.

જૈન શાસન સંસ્થાનું વ્યવહારૂ ધાર્મિક સંચાલન આ સિવાય આજે શક્ય નથી. તેને માટે શાસ્ત્રોમાં આવા પ્રકારનું યોગ્ય વિધાન મળવાની આશા રહે છે.

☆ ☆ ☆ ☆

# અમારી મંગળકામના

હે વિશ્વસમ્રાટ તીર્થંકર પરમાત્મા !

આપને અને આપના શાસનને નમસ્કાર કરીને પ્રાર્થના કરીએ છીએ કે વિશ્વકલ્યાણની વિમાપોલીસી જેવા જાજરમાન અને દેદીપ્યમાન એવા આપના શાસનના સુચારુ સંચાલનની જે જોખમદારી અને જવાબદારી આપે અમારા વૃષભ સ્કંધો ઉપર મૂકી છે, તે જોખમદારી અને જવાબદારી શૌર્યપૂર્વક અદા કરવાનું સામર્થ્ય અમને બક્ષો.



અનેક દિશાએથી આવેલ આક્રમણની સામે શ્રી જૈનશાસન અને મહાઆર્યસંસ્કૃતિના શુદ્ધ સ્વરૂપને બચાવવા પોતાનું સંપૂર્ણ જીવન અર્પણ કરનાર સ્વ. પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ